

# પ્રણવબોધ

श्रीमदाद्यशङ्कराचार्यकृतः

પ્રસ્તુતિ – મહેન્દ્ર નાયક

પ્રથમ ઈ-આવૃત્તિ

http://aksharnaad.com

March 2013

# प्रणवः सर्ववेदेषु

प्रस्तुती

મહેન્દ્ર નાયક, નવસારી.

Email: mnaik42@hotmail.com

Mob: +91 9925156931

# અનુક્રમણિકા


વક્તવ્ય ........ 9

प्रणव – महात्म्य ........ 10

प्रणव – बोध - શબ્દાર્થ ........ 11

કેટલીક વ્યાખ્યાઓઃ ........ 13

મહિમાઃ ........ 13

ઉપક્રમઃ ........ 13

ઈશ્વર અને જીવઃ ........ 13

બોધ અને તેનું ફળઃ ........ 13

એક અંશમાઃ ........ 14

સૃષ્ટિ-ક્રમઃ ........ 14

ક્રમશઃ ગુણ વૃદ્ધિઃ ........ 14

ગુણો અનુસાર સ્થૂળતાઃ ........ 14

સ્થૂળમાં જ તારતમ્યઃ ........ 14

પઞ્ચીકરણઃ ........ 15

બ્રહ્માંડઃ ........ 15

ચૌદ ભુવન(લોક) ........ 15

ભૂલોકઃ ........ 15

ચતુર્વિધ પ્રાણીઃ ........ 15

ચોર્યાસી લાખ ને એક યોનિઓઃ ........ 16

પચ્ચીસ તત્વોઃ ........ 16

પુનઃ પઞ્ચીકરણઃ ........ 16

પૃથ્વી ........ 17

જલ ........ 17

તેજ ........ 17

વાયુ ........ 17

આકાશ ........ 18

મતાન્તર ........ 18

વિરાટઃ ........ 18

વિરાટ વર્ણનઃ ........ 19

વિરાટ એ આત્મા નથીઃ ........ 19

મૂળ સ્પષ્ટતાઃ ........ 19

વ્યાવહારિક અને પારમાર્થિકઃ ........ 19

કલ્પિત આવરણઃ ........ 20

આધ્યાત્મિકાદિ નું સ્વરૂપઃ ........ 20

પરસ્પર સાપેક્ષઃ ........ 20

પ્રકરણ: ૧. અકાર માત્રા ........ 21

અવસ્થાઓ ........ 21

આભાસભાસ્ય અને સાક્ષિભાસ્યઃ ........ 21

અભાવ પણ સાક્ષિભાસ્યઃ ... 21
આત્મા સ્વયં સિદ્ધ છેઃ ... 22
જાગૃત અવસ્થાઃ ... 22
અધ્યાત્મ અને અધિદૈવઃ ... 22
અધ્યાત્મ આદિનું કોષ્ટક ... 23
તમ અને ઈશ્વરઃ ... 24
પ્રાકૃત જગત નિયમ બદ્ધ છેઃ ... 24
ઈશ્વર નિર્વિકાર છેઃ ... 24
મનુષ્ય સિવાય અન્ય કોઈ શાસ્ત્રનો અધિકારી (શીખવાને પાત્ર) નથીઃ ... 24
કોષોનો ક્રમિક વિકાસઃ ... 25
માનવ શરીરની શ્રેષ્ઠતા અને સફળતાઃ ... 25
માનવીની પૂર્ણતા ઋષિ ભાવમાં રહેલી છેઃ ... 25
ઋષિને વ્યષ્ટિ-સમષ્ટિનો ભેદ-ભ્રમ નથીઃ ... 26
ભ્રમનું કારણ અજ્ઞાનઃ ... 26
જાગ્રત પુરુષ તથા જાગ્રત દૃષ્ટાઃ ... 26
અકાર વર્ણનનો ઉપસંહારઃ ... 26
પ્રકરણ: ૨. ઉકાર માત્રા ... 28
સૂક્ષ્મ શરીરનો ઉપક્રમ ... 28
હિરણ્યગર્ભઃ ... 28
વાસનાઓ અનન્ત છેઃ ... 28
મનુષ્ય શરીર જ કર્મયોનિ છેઃ ... 29
વાસનાઓના છ પ્રકારઃ ... 29
૧. રજોમિશ્રિત સત્ત્વગુણ પ્રધાન મન (બૃ.વા.સા.||૫૮||) ... 30
૨. રજઃ સત્ત્વમિશ્રિત ઉભય પ્રધાન મન (બૃ.વા.સા.||૫૯||) ... 30
૩. તમોગુણમિશ્રિત રજોગુણ પ્રધાન મન (બૃ.વા.સા.||૬૦||) ... 30
૪. ક્વચિત્ તમોગુણમિશ્રિત સત્ત્વગુણ પ્રધાન મન (બૃ.વા.સા.||૬૧||) ... 31
૫. સત્ત્વગુણ પ્રધાન મન (બૃ.વા.સા.||૬૨||) ... 31
૬. શુદ્ધ સત્ત્વપ્રધાન મન (બૃ.વા.સા.||૬૩||) ... 31
આત્મા સદા શુદ્ધ અને નિર્વિકાર છેઃ ... 32
આત્મામાં સંસાર ઔપાધિક છેઃ ... 32
જીવનું સ્વરૂપઃ ... 32
મન અનુસાર જીવોના રૂપમાં મહાન તારતમ્યઃ (અસંખ્ય પ્રકારો)- ... 33
(૧)અધિષ્ઠાન ચેતનઃ- ... 33
(૨) ચિદાભાસઃ- ... 33
(૩) સૂક્ષ્મ શરીરઃ ... 33
આકાશાદિ પઞ્ચભૂતો વડે અન્તઃકરણ પઞ્ચકાદિકોની ઉત્પત્તિ ... 34

સૂક્ષ્મ પઞ્ચભૂતના કાર્યોઃ ..... 34
આકાશ- ૧ ..... 34
વાયુ- ..... 34
તેજ- ..... 34
જળ- ..... 34
પૃથ્વી- ..... 34
૧.સાત્વિક અંશ રૂપે અન્તઃકરણ અને જ્ઞાનેન્દ્રિયોની ઉત્પત્તિઃ ..... 35
૧. અન્તઃકરણ પંચકઃ ..... 35
૧.સ્ફૂરણઃ ..... 35
૨.મનઃ ..... 35
૩.બુદ્ધિઃ ..... 35
૪.ચિત્તઃ ..... 35
૫. અહંકારઃ ..... 35
૨. પાંચ જ્ઞાનેન્દ્રિયોઃ ..... 35
૨.રજોગુણ અંશ રૂપે પ્રાણ અને કર્મેન્દ્રિયોની ઉત્પત્તિઃ ..... 35
૩. પાંચ પ્રાણઃ ..... 36
૧.વ્યાનઃ ..... 36
૨.સમાનઃ ..... 36
૩.ઉડાનઃ ..... 36
૪.પ્રાણઃ ..... 36
૫.અપાનઃ ..... 36
૪. પાંચ કર્મેન્દ્રિયોઃ ..... 36
૩. તમોગુણ અંશ રૂપે વિષયોની ઉત્પત્તિઃ ..... 36
૫. પાંચ વિષયોઃ ..... 36
આકાશાદિ તત્ત્વો અનુસાર જ જે તે વૃત્તિઓની પ્રધાનતા હોય છેઃ ..... 36
અન્તઃકરણના બે થી પાંચ પ્રકારના સ્વરૂપોઃ ..... 37
(કેવળ) મન, બુદ્ધિ અને ચિત્ત પણ અન્તઃકરણના પર્યાય છેઃ ..... 37
માયાના ગુણોનું સ્વરૂપ અને કાર્યઃ ..... 37
અન્તઃકરણ પણ ત્રિગુણાત્મક છેઃ ..... 38
વર્ણ અને યુગ ભેદ પણ ગુણોને કારણે જ હોય છેઃ ..... 38
દૈવ અને અસુરઃ ..... 38
સાત્વિક મનુષ્યઃ ..... 38
રાજસ માનવઃ ..... 39
તામસ જનઃ ..... 39

સંસર્ગાદિ વશ કોઈક વાર સ્વભાવ વિપરીત આચરણ પણ થઈ જાય છેઃ ........ 39
૧. વ્યક્તિ વિશેષનો સંસર્ગઃ ........ 40
૨. દેશ વિશેષઃ ........ 40
૩. કાળ વિશેષઃ ........ 40
૪. વસ્તુ વિશેષઃ ........ 40
શરીર અને મનનો પરસ્પર પ્રભાવઃ ........ 41
યોગ દર્શન અનુસાર મનનું સ્વરૂપઃ ........ 41
૧. મૂઢાવસ્થાઃ ........ 41
૨. ક્ષિપ્તાવસ્થાઃ ........ 41
૩. વિક્ષિપ્તાવસ્થાઃ ........ 41
૪. એકાગ્રાવસ્થાઃ ........ 42
૫. નિરુદ્ધાવસ્થાઃ ........ 42
ચિત્ત નદીઃ ........ 42
અન્તઃકરણનું સ્થાનઃ ........ 42
નેત્રે જાગ્રણમઃ ........ 42
કણ્ઠે સ્વપ્નઃ ........ 43
જાગ્રતમાં સત્ત્વ તેમ જ રજનો વિકલ્પઃ ........ 43
સ્વપ્નમાં સત્ત્વગુણઃ ........ 43
મહામત્સ્ય દૃષ્ટાંતઃ ........ 43
સુપ્તહૃદમ્બુજેઃ ........ 43
જીવ, કેવળ આત્મામાં જ વિશ્રામ મેળવે છેઃ ........ 43
સપ્તદશકં લિઙ્ગમ્: ........ 44
પુર્યષ્ટકઃ ........ 44
ભૌતિકમ્: ........ 44
ક્ષણપરિણામિનઃ સર્વેભાવાઃ ........ 44
ક્ષણ-પ્રધ્વંસીઃ ........ 44
ગહનતા થીઃ ........ 45
અનુલોમ તેમ જ વિલોમ પરિણામઃ ........ 45
બ્રહ્માના દિવસ અને રાત્રીઃ ........ 45
સૃષ્ટ્યાદિ પ્રવાહ અનાદિ અનન્ત છેઃ ........ 45
બોધ (જ્ઞાન) વિના સંસારનો અંત નથીઃ ........ 46
જીવભાવનો પણ બોધ (જ્ઞાન) વગર અન્ત નથીઃ ........ 46
સૂક્ષ્મ સમષ્ટિ હિરણ્યગર્ભ છેઃ ........ 47
હિરણ્યગર્ભ એ એક વિશિષ્ટ અર્થમાં પણ ઉપાધિ જ છેઃ ........ 47
સ્વપ્ન અવસ્થાઃ ........ 47

“પૂર્વપ્રસઙ્ગ” હિતા નામની નાડિઓઃ ..... 47
સ્વપ્ન અવસ્થાનો પૂર્વ પ્રસંગઃ ..... 47
સ્વપ્નમાં ઇન્દ્રિઓનું કામ હિતાનામની નાડિઓ કરો છેઃ ..... 48
સ્વપ્નમાં મનનું યથાર્થ સ્વરૂપઃ ..... 48
અવિદ્યાગ્રસ્તનું સ્વપ્નઃ ..... 48
વિદ્યાનો ઉત્કર્ષ થતા (વૃ૦): ..... 48
સર્વાત્મભાવરૂપી વિદ્યાના ઉત્પન્ન થવાથી (વૃ૦): ..... 48
પરમલોક અને અપરમલોક (વૃ૦): ..... 49
તૈજસઃ ..... 49
તૈજસ અને હિરણ્યગર્ભની એકતાઃ ..... 49
ઉકાર-માત્રા નો ઉપસંહારઃ ..... 49
પ્રકરણ: ૩. મકાર માત્રા ..... 50
જગતના બે ભેદ ..... 50
કાર્ય કારણાત્મક જગત્ બ્રહ્મનું વિવર્ત છેઃ ..... 51
બ્રહ્મ જગતથી જુદું છેઃ ..... 51
કાર્યરૂપ જગતના બે પ્રકારો હોય છેઃ- ..... 51
અવિદ્યાનું સ્વરૂપઃ ..... 52
અવિદ્યા સત્ નથીઃ ..... 52
અવિદ્યા અસત્ નથીઃ ..... 52
દ્વિવિધ આવરણઃ ..... 53
દોરડી સર્પનું દૃષ્ટાંતઃ ..... 53
અવિદ્યા સત્-અસત્ ઉભયરૂપ પણ નથીઃ ..... 53
અવિદ્યા ભિન્ન-અભિન્ન તેમ જ ભિન્નાભિન્ન ઉભયરૂપ પણ નથીઃ ..... 53
અવિદ્યા સઅવયવ, નિરવયવ તેમ જ ઉભયરૂપ નથીઃ ..... 53
અજ્ઞાનનો વિષય, આશ્રય કોણ?: ..... 53
અજ્ઞાનનો વિષય બ્રહ્મ છેઃ ..... 54
અજ્ઞાનના આશ્રયના બે પક્ષોઃ ..... 54
અજ્ઞાનનો આશ્રય બ્રહ્મ છેઃ ..... 54
અજ્ઞાનનો આશ્રય જીવ છેઃ ..... 54
અજ્ઞાનનો આશ્રય બ્રહ્મ છે, એ કથનનું તાત્પર્યઃ ..... 54
અજ્ઞાનનો આશ્રય જીવ છે, એ કથનનું તાત્પર્યઃ ..... 55
સમન્વયઃ ..... 55
અનિર્વચનીય અજ્ઞાનનું નિર્વચનઃ ..... 55
કર્મ અને ઉપાસનાનો જ્ઞાનની સાથે ક્રમ સમુચ્ચય છેઃ ..... 55
સુષુપ્તિઃ ..... 56
અવિદ્યાવૃત્તિઃ ..... 56
પ્રાજ્ઞ અને ઈશ્વરની એકતાઃ ..... 57
વ્યવહારમાં જીવ અને ઈશ્વરનો ભેદઃ ..... 58
મકારનો ઉપસંહારઃ ..... 58
અધ્યારોપઃ ..... 58

અધ્યાસ અને અધ્યારોપઃ ........ 58
અપવાદઃ ........ 59
પ્રકરણ: ૪. અમાત્ર - માત્રા ........ 60
દ્વિવિધ અપવાદ ........ 60
કારણથી ભિન્ન કાર્યની સત્તાનો નિષેધ રૂપ અપવાદઃ ........ 60
ઉકારથી ભિન્ન અકારની સત્તાનો નિષેધઃ ........ 60
મકારથી ભિન્ન ઉકારની સત્તાનો નિષેધઃ ........ 61
અધિષ્ઠાનથી ભિન્ન અધ્યસ્તની સત્તાનો નિષેધરૂપ અપવાદઃ ........ 62
પ્રકરણ: ૫. બોધ અને મુક્તિ ........ 63
અજ્ઞાનનું સ્વરૂપઃ ........ 63
ચતુર્વિધ ચેતનાઃ ........ 64
ઈશ્વરસૃષ્ટિઃ ........ 64
જીવસૃષ્ટિઃ ........ 65
જીવ અને ઈશ્વર સૃષ્ટિ પરસ્પર સાપેક્ષ છેઃ ........ 65
આત્મબોધની પ્રક્રિયાઃ ........ 66
“દસમો તુ છે” નું દૃષ્ટાંત ........ 67
અજ્ઞાનઃ ........ 68
દ્વિવિધ આવરણઃ ........ 68
વિક્ષેપઃ ........ 68
પરોક્ષજ્ઞાનઃ ........ 68
અપરોક્ષજ્ઞાનઃ ........ 68
દુઃખથી છૂટકારો અને જીવન-મુક્તિઃ ........ 69
લેશાડવિદ્યા અને વિદેહ મુક્તિઃ ........ 69
ત્રિવિધ અહમર્થઃ ........ 70
અદ્વયમઃ ........ 71
બ્રહ્મૈવાહમસ્મિઃ ........ 71
અહંબ્રહ્માસ્મિઃ ........ 71
સમાધિ-સાધનઃ ........ 72
સંપ્રજ્ઞાતસમાધિઃ ........ 72
અસંપ્રજ્ઞાતસમાધિઃ ........ 72
સાધનઃ ........ 72
સ્વર્ણને સ્વર્ણનો બોધઃ (દૃષ્ટાંત) ........ 72
જીવને પરમતત્ત્વનો બોધઃ (દૃષ્ટાંત) ........ 73
તત્ત્વ જ્ઞાન જ સાચી સમાધિ છેઃ ........ 73
ચાર પ્રકારના જ્ઞાનઃ ........ 73
(૧) પરોક્ષ ........ 73
(૨) પ્રત્યક્ષ ........ 74
(૩) અપરોક્ષ ........ 74
(૪) સાક્ષાત્ અપરોક્ષ. ........ 74

ચતુર્વિધ જ્ઞાનની વ્યાખ્યાઃ ........ 74
બધાનું તાત્પર્ય એકતામાં જ છેઃ........ 74
પ્રણવ-બોધ નો ઉપસંહાર "इति ॐ"........ 74
અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ........ 75

# વક્તવ્ય

જગદગુરૂ આદ્યશઙ્કરાચાર્ય ભગવાને મુમુક્ષુઓ માટે એક સૂત્રરૂપ નિબન્ધ લખ્યો છે. આ નિબન્ધ માણ્ડૂક્ય ઉપનિષદ્ ને આધારે લખાયો છે. "माण्डूक्यमात्रमेवालं मुमुक्षुणां विमुक्तये" અર્થાત એકમાત્ર માણ્ડૂક્ય ઉપનિષદ જ મુમુક્ષુઓની મુક્તિ માટે પર્યાપ્ત છે તેમ જ એ મુક્તિના સાધન, બ્રહ્મ અને આત્માના ભેદનું જ્ઞાન છે. તેથી આ નિબન્ધ સૂત્રરૂપ હોવા છતાં અધિકારીના બ્રહ્માત્મૈક્ય બોધ માટેનું પૂર્ણ સાધન છે. આ જ કારણે મુમુક્ષુ પરમહંસ સંન્યાસીઓ આનો નિત્ય નિયમથી અભ્યાસ કરે છે, અને એના અભ્યાસના ફળ સ્વરૂપ આત્મસાક્ષાત્કાર કરીને કૃતાર્થ થઈ જાય છે.

માણ્ડૂક્ય ઉપનિષદમાં ઓઙ્કાર (પ્રણવ)ની વ્યાખ્યા વડે બોધ કરાવવામાં આવ્યો છે. પ્રસ્તુત નિબન્ધ પણ એ જ સ્વરૂપે હોવાને કારણે પ્રણવની મદદથીજ બોધનું સાધન બને છે. ઓઙ્કારને જ પ્રણવ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે "प्रस्तूयते परंब्रह्म आत्मरूपेण येन स प्रणवः" અર્થાત્ જે પરબ્રહ્મ પરમાત્માને આત્મરૂપે પ્રસ્તુર કરે એને પ્રણવ કહે છે. આ વ્યુત્પત્તિ અનુસાર પ્રણવ અને ૐનો એક જ અર્થ થાય છે. પ્રણવ દ્વારા થનારા બોધને પ્રણવ-બોધ કહેવામાં આવે છે. પ્રણવ દ્વારા થનારો આ બોધ પરબ્રહ્મ પરમાત્માનો આત્મરૂપે સાક્ષાત્કાર છે, માટે પ્રણવ-બોધનો અર્થ થયો, ઓઙ્કારના માધ્યમથી પરબ્રહ્મ પરમાત્માના આત્મરૂપે સાક્ષાત્કાર કરાવનારો ગ્રન્થ.

"પ્રણવ-બોધ" અકાર માત્રા, ઉકાર માત્રા, મકાર માત્રા, અમાત્રા અને બોધ અને મુક્તિ, એમ પાંચ પ્રકરણોમાં પૂર્ણ થાય છે. પ્રત્યેક પ્રકરણમાં અનેક જાણવા જેવા વિષયો છે જે તેમના શિર્ષકો દ્વારા દર્શાવાયા છે. આ શિર્ષકોને પણ વિષય અનુક્રમણિકા રૂપે આરંભમાં જ આપી દેવાયા છે, જેથી જે તે વિષયોની જાણકારી મેળવવામાં પાઠકને સુવિધા રહે. આ જ્ઞાનની રજુઆત અને પ્રસ્તુતીમાં શ્રી સ્વામી ગણેશાનન્દપુરીજી મહારાજના વ્યાખ્યોનો પર બનેલ પુસ્તકનો પણ આધાર લેવાયો છે જેની અત્રે નોંધ લેવી ઘટે.

આ જ્ઞાનનો અધિકારી એ જ હોઈ શકે જે આ સંસારના કારભારથી કંટાળ્યો અને ગૂંચવાયો છે અને તેમાંથી છૂટવા તળફળી રહ્યો છે. જેને એ કારભારથી સંતોષ છે અથવા જે પોતાને એનો સામનો કરવા માટે સમર્થ સમજે છે કદાચ તેને આ જ્ઞાનની આવશ્યકતા રહેતી નથી.

દિવાળી વિ.સં. ૨૦૬૮. મહેન્દ્ર નાયક
નવેમ્બર ૧૩, ૨૦૧૨. નવસારી.

***

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःख भाग्भवेत् ।।

સઘળા જનો સુખી થાઓ સઘળા નિરોગી બન્યા રહો,
સઘળાનું શુભ જ થાઓ કોઇને કદી ન દુઃખ થાઓ.

***

## प्रणव – महात्म्य

सर्वे वेदा यत्पदमामनन्ति, तपाँसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति, तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ।।
कठोपनिषद् १-२-१५

બધા જ વેદો જે પદનું વર્ણન કરે છે, બધા જ તપોનું ફળ જેની પ્રાપ્તિ છે; જેની પ્રાપ્તિની ઈચ્છાથી સાધક બ્રહ્મચર્યનું પાલન કરે છે, એ પદ હું તને સંક્ષેપમાં જણાવું છું. એ પદ છે 'ॐ'.

एतद्धयेवाक्षरं ब्रह्म एतद्धयेवाक्षरं परम् ।
एतद्धयेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।।
-कठोपनिषद् १-२-१६

આ અક્ષર જ સગુણ બ્રહ્મ છે. આ અક્ષર જ નિર્ગુણ બ્રહ્મ છે. આ અક્ષરને જાણીને જ જે જેની (સગુણ બ્રહ્મ અથવા નિર્ગુણ બ્રહ્મ) ઈચ્છા કરે છે તે તેને (બ્રહ્મને) પ્રાપ્ત કરી લે છે

सर्वस्य प्रणवो ह्यादिर्मध्यमन्तस्तथैव च ।
एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम् ।।
माण्डूक्य का० १-२७

પ્રણવ જ બધાનો આદિ, મધ્ય અને અન્ત છે. પ્રણવને આ રીતે જાણ્યા બાદ (સાધક) તદ્રૂપતાને પ્રાપ્ત કરી લે છે.

# प्रणव – बोध - શબ્દાર્થ

ॐ पञ्चीकृतपञ्चमहाभूतानि तत्कार्यं च सर्वं विराडित्युच्यते।

પઞ્ચીકૃત પઞ્ચમહાભૂત અને એમનાં સંપૂર્ણ કાર્યને વિરાટ તરીકે ઓળખવામાં આવે છે.

एतत् स्थूलशरीरमात्मनः।

એ (વિરાટ જ) આત્માનું ***સ્થૂળ શરીર*** છે.

इन्द्रियैरर्थोपलब्धिर्जागरितम्।

શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેન્દ્રિયો વડે જે અવસ્થામાં શબ્દાદિ પાંચ વિષયોનું જ્ઞાન થાય છે, એ અવસ્થાને ***જાગ્રત અવસ્થા*** તરીકે ઓળખવામાં આવે છે.

तदुभयाभिमान्यात्मा विश्वः।

એ બન્ને (ઉપરોક્ત સ્થૂળ શરીર અને જાગ્રત અવસ્થા)નું અભિમાન ધરાવનાર આત્માને ***વિશ્વ*** તરીકે ઓળખવામાં આવે છે.

एतत् त्रयम् अकारः।

એ ત્રણે ***(સ્થૂળ શરીર, જાગ્રત અવસ્થા અને વિશ્વ)*** , (ૐકાર ની પ્રથમ માત્રા) ***અ***કાર છે.

अपञ्चीकृतपञ्चमहाभूतानि पञ्चतन्मात्राणि,

तत्कार्यं च पञ्च प्राणाः दशेन्द्रियाणी मनोबुद्धिश्चेति सप्तदशकं - लिङ्गं भौतिकं,

हिरण्यगर्भ इत्युच्यते।

અપઞ્ચીકૃત પઞ્ચમહાભૂત (સૂક્ષ્મ આકાશાદિ) એ પઞ્ચતન્માત્રાઓ (સૂક્ષ્મ શબ્દાદિ) જ છે અને એમના કાર્યો – પાંચ પ્રાણ, દશ ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ આ સત્તરને – ભૌતિક લિંગ તરીકે ઓળખવામાં આવે છે. આ જ ભૌતિક લિંગ હિરણ્યગર્ભ તરીકે પણ ઓળખાય છે.

एतत् सूक्ष्मशरीरमात्मनः।

એ જ આત્માનું સૂક્ષ્મ શરીર છે.

करणेषूपसंहृतेषु जागरितसंस्कारजः प्रत्ययः सविषयः स्वप्न इत्युच्यते।

ઇન્દ્રિયોના નિષ્ક્રિય થઇ જવાથી, જાગ્રત અવસ્થાના સંસ્કારોથી ઉત્પન્ન થએલા (વાસનામય) વિષયો સાથેના જ્ઞાનને સ્વપ્ન(અવસ્થા) તરીકે ઓળખવામાં આવે છે.

तदुभयाभिमान्यात्मा तैजसः।

એ બન્ને (ઉપરોક્ત સૂક્ષ્મ શરીર અને સ્વપ્ન અવસ્થા)નું અભિમાન ધરાવનાર આત્માને ***તૈજસ (વાસનામય ઉપાધિ પ્રધાન)*** તરીકે ઓળખવામાં આવે છે.

एतत् त्रयम् उकारः।

એ ત્રણે ***(સૂક્ષ્મ શરીર, સ્વપ્ન અવસ્થા અને તૈજસ)*** , (ૐકાર ની બીજી માત્રા) ***ઉ***કાર છે.

शरीरद्वायकारणमात्माज्ञानं साभासमव्याकृतमित्युच्यते।

ચેતનના આભાસ વાળાં, સૂક્ષ્મ તેમ જ સ્થૂળના કારણ એવા આત્માના અજ્ઞાનને અવ્યાકૃત કહેવામાં આવે છે

एतत् कारणशरीरमात्मनः।

એ જ આત્માનું કારણ શરીર છે.

तच्च न सत् नासत् नापि सदसत्, न भिन्नम् नाभिन्नम्,

नापिभिन्नाभिन्नम् कुतश्चित्, न निरवयवम्, न सावयवम्,

नोभयं किन्तु केवलब्रह्मात्मैकत्वज्ञानापनोद्यम्।

એ (અજ્ઞાન) સત્ નથી, અસત્ પણ નથી અને સત્-અસત્ પણ નથી; ન એ કશા (ઉપરોક્ત સત્ આદિ) થી ભિન્ન, અભિન્ન કે ભિન્નાભિન્ન છે. ન તો એ નિરવયવ, સાવયવ કે ઉભયરૂપ (નિરવયવ-સાવયવ) છે. પરંતુ એ બ્રહ્મ અને આત્માના અભેદ જ્ઞાનથી નિવૃત્ત થનાર માત્ર છે.

सर्वप्रकारज्ञानोपसंहारे बुद्धेः कारणात्मनाऽवस्थानं सुषुप्तिः।

બધા પ્રકારના વૃત્તિ-જ્ઞાનના વિલિન થયા બાદ, બુદ્ધિનું કારણ રૂપમાં સ્થપાવું એને જ સુષુપ્તિ કહેવામાં આવે છે.

तदुभयाभिमान्यात्मा प्राज्ञः।

એ બન્ને (ઉપરોક્ત કારણ શરીર અને સુષુપ્તિ અવસ્થા)નું અભિમાન ધરાવનાર આત્માને ***પ્રાજ્ઞ (ચૈતન્યપ્રધાન)*** તરીકે ઓળખવામાં આવે છે.

एतत्त्रयं मकारः।

એ ત્રણે ***(કારણ શરીર, સુષુપ્તિ અવસ્થા અને પ્રાજ્ઞ)*** , (ॐકાર ની ત્રીજી માત્રા) ***મ***કાર છે.

अकार उकारः, उकारो मकारः, मकार ओंकार एव, ओंकारोऽहमेव।

અકાર ઉકાર છે. ઉકાર મકાર છે. મકાર ઓંકાર જ છે. અને ઓંકાર એ હું સ્વયં છું.

अहमात्मा साक्षी केवलश्चिन्मात्रस्वरूपः, नाज्ञानं नापि तत्कार्यं,

किन्तु लित्यशुद्धबुद्धमुक्ततसत्यस्वभावंपरमानन्दाद्वयं - ब्रह्मै वाहमस्मि अहं ब्रह्मास्मीत्यभेदेनावस्थानं। समाधिः।

હું આત્મા સાક્ષી કેવળ ચિન્માત્ર સ્વરૂપ છું. મારામાં નથી તો અજ્ઞાન કે નથી અજ્ઞાનનું કાર્ય. પરંતુ હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્યસ્વભાવ, પરમાનન્દ સ્વરૂપ અદ્વિતીય બ્રહ્મ જ છું. આ રીતે (બ્રહ્મમાં) અભેદ રૂપે સ્થપાવું એજ સમાધિ છે.

"अयमात्मा ब्रह्मं" इत्यादि श्रुतिभ्यः।

"આ આત્મા જ બ્રહ્મ છે" ઈત્યાદિ અનેક વૈદિક મહાવાક્યો દ્વારા પૂર્વોક્ત અભેદ જ્ઞાન જાહેર થાય છે.

।। इति ॐ ।।

આ જ પ્રણવ-બોધ છે.

# કેટલીક વ્યાખ્યાઓઃ

## મહિમાઃ

ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે, 'प्रणवः सर्ववेदेषु' અર્થાત 'સંપૂર્ણ વેદોમાં પ્રણવ હું છું'. પ્રણવ એટલે કે ૐ, જે સંપૂર્ણ વેદોનો સાર છે. ૐના સ્વરુપનું પૂર્ણ જ્ઞાન થવું એજ બ્રહ્મ સાક્ષાત્કાર છે. તેથી જ અત્રે ૐના સ્વરુપનું નિરુપણ કરવામાં આવે છે.

## ઉપક્રમઃ

આ અક્ષર જે ૐ છે, એ જ બધું છે. એટલે કે જે કાંઈ ભૂતકાળમાં હતું, જે અત્યારે છે અને જે આવનાર સમયમાં હશે તે બધું ૐ જ છે. અને જે આ ત્રણે કાળથી ઉપર છે તે પણ ૐ જ છે. તાત્પર્ય એ થયું કે સર્વાત્મક અને સૌથી પર એવી જે સર્વશક્તિ - અધિષ્ઠાન સચ્ચિદાનંદઘન બ્રહ્મ - છે તે ૐ જ છે અને આ બ્રહ્મસ્વરૂપ ૐ એ સાક્ષાત અપરોક્ષ આત્મા જ છે. આ જ આત્મા પોતાની શક્તિના (ત્રિગુણાત્મિકા માયા) પ્રભાવ વડે જગતનું મૂળ કારણ (અવ્યાકૃત) બને છે.

## ઈશ્વર અને જીવઃ

બ્રહ્મ રૂપી સૂર્યનો ઈશ્વર રૂપી પ્રકાશ સર્વત્ર ફેલાએલો છે, અને તે બધાને જ પ્રકાશિત કરે છે; તેમ જ ઘટ(શરીર)ના ઘેરાવામાં આવેલ બ્રહ્મ રૂપી સૂર્યનું જીવરૂપી પ્રતિબિંબ ઘટને અંદરથી પ્રકાશિત કરતું રહે છે. પરિચ્છિન્નતા(સીમિતતા)ને કારણે જીવનો બાહ્ય પ્રકાશ અતિ અલ્પ હોય છે. આ રીતે ઈશ્વર વ્યાપક છે જ્યારે જીવ પોતાની ઉપાધિઓને કારણે સીમિત (પરિચ્છિન્ન) રહે છે. ઈશ્વરની ઉપાધિ તેમજ આ જગતના કારણરૂપ એવી એક ત્રિગુણાત્મકરૂપા (સમષ્ટિરૂપા) માયા છે, જેના અન્તર્ગત અનન્ત જીવોના અનન્ત સંસ્કારો વાળા બીજરૂપ અનન્ત અન્તઃકરણો વિદ્યમાન હોય છે. તે બધા જ (અવિચ્છિન્ન) અન્તઃકરણો અજ્ઞાનરૂપ ઉપાધિ વાળા જીવ તરીકે ઓળખાય છે, અર્થાત્ દરેક અન્તઃકરણના દાયરામાં આવેલી માયા (અવિદ્યા) દરેક જીવની ઉપાધિ બને છે. ***આ રીતે ઈશ્વર એક છે, અને જીવ અનેક. ઈશ્વર સમષ્ટિ અને જીવ વ્યષ્ટિ.*** આજ ઈશ્વર જ્યારે કાર્યરૂપ સમષ્ટિની સૂક્ષ્મ ઉપાધિ વડે હિરણ્યગર્ભ બને છે ત્યારે જીવ કાર્યરૂપ વ્યષ્ટિની સૂક્ષ્મ ઉપાધિ વડે તૈજસ તરીકે ઓળખાય છે. આવી જ રીતે જ્યારે ઈશ્વર કાર્યરૂપ સમષ્ટિની સ્થૂળ ઉપાધિ વડે વિરાટ બને છે ત્યારે જીવ કાર્યરૂપ વ્યષ્ટિની સ્થૂળ ઉપાધિ વડે વિશ્વ તરીકે ઓળખાય છે. ઈશ્વર વિભુ અને વ્યાપક છે, જીવ પરિચ્છિન્ન અને અલ્પ છે. ઈશ્વર સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. જીવ અલ્પજ્ઞ અને અલ્પ શક્તિવાળો છે. ઈશ્વર નિયામક છે તો જીવ નિયમ્ય છે. ઈશ્વર મુક્ત છે તો જીવ બદ્ધ છે. ઈશ્વર અવિદ્યા આદિ પાંચ ક્લેશોથી મુક્ત છે તો જીવ અવિદ્યા, અસ્મિતા (અહંકાર), રાગ, દ્વેષ અને અભિનિવેશ(મૃત્યુનો ડર), એ પાંચ ક્લેશોથી યુક્ત છે.

## બોધ અને તેનું ફળઃ

બોધ દ્વારા સમષ્ટિ, વ્યષ્ટિ અને અન્ય સઘળી ઉપાધિઓનો બાધ - નું મિથ્યાત્વ નક્કી- થઈ ગયા બાદ જીવ અને ઈશ્વરનું વાસ્તવિક સ્વરૂપ એક અદ્વિતીય સ્વયં સિદ્ધ બ્રહ્મ તત્ત્વ જ શેષ રહી જાય છે. એટલે કે જ્ઞાનીની દૃષ્ટિમાં આ કલ્પિત ભેદ કલ્પિત જ રહે છે, અને એ જ્ઞાનીને કોઈ અજ્ઞાનીની જેમ આ કલ્પનાઓ નથી તો આકર્ષિત કરતી કે નથી એને વ્યથિત કરતી. જેવી રીતે મૃગજળ જ્ઞાનીને પણ દેખાય છે તો ખરું જ, પરન્તુ અજ્ઞાનીની જેમ એ તેને ભટકાવતું નથી.

## એક અંશમાઃ

આ વિશ્વ પ્રપંચ (આ સંસાર) બ્રહ્મના એક પાદ (વિભાગ)માં જ જણાય છે. એના બાકીના ત્રણ પાદ અમૃત સ્વરૂપ સ્વયંના દિવ્ય પ્રકાશમાં જ છે. જેવું કે વેદમાં કહેવાયું છે.

'पादोऽस्य विश्वाभूतानि त्रिपादस्यामृतं दिवि।' ऋग्वेद १०-९-३

વાસ્તવમાં તો પરમાત્મામાં કોઈ પણ પ્રકારનો વિભાગ છે જ નહીં. તો પણ જેમ આકાશમાં કોઈ વિભાગો ન હોવા છતાં દિશા ઈ. ની ઉપાધિઓ આપી ને આપણે વ્યવહાર કરીએ છીએ, જેમ કે આકાશના પૂર્વ ભાગમાં વાદળ છે; એવી જ રીતે પરમાત્મામાં માયાને કારણે ચતુષ્પાદની (ચાર વિભાગોની) કલ્પના કરવામાં આવી છે.

## સૃષ્ટિ-ક્રમઃ

આ માયા વિશિષ્ટ આત્મા, એટલે કે ઈશ્વરમાંથી, સર્વ પ્રથમ આકાશની ઉત્પત્તિ થઈ. આકાશ વિશિષ્ટ આત્મામાંથી વાયુની, વાયુ વિશિષ્ટ આત્મામાંથી અગ્નિની, અગ્નિ વિશિષ્ટ આત્મામાંથી જળની અને જળ વિશિષ્ટ આત્મામાંથી પૃથ્વીની ઉત્પત્તિ થઈ. આ પંચ મહાભૂતો શરૂઆતમાં સૂક્ષ્મ તન્માત્રાઓ રૂપે હતાં. એટલે કે આકાશ શબ્દ તન્માત્ર હતું, વાયુ સ્પર્શ તન્માત્ર, અગ્નિ રૂપ તન્માત્ર, જલ રસ તન્માત્ર અને પૃથ્વી ગન્ધ તન્માત્ર હતી. એનો અર્થ એવો થાય કે આકાશનું સ્વરૂપ કેવલ સૂક્ષ્મ શબ્દ જ હતો, વાયુનું સ્વરૂપ કેવલ સૂક્ષ્મ સ્પર્શ જ હતો, અગ્નિનું સ્વરૂપ કેવલ સૂક્ષ્મ રૂપ જ હતું, જલનું સ્વરૂપ કેવલ સૂક્ષ્મ રસ જ હતો અને પૃથ્વીનું સ્વરૂપ કેવલ સૂક્ષ્મ ગન્ધ જ હતી.

## ક્રમશઃ ગુણ વૃદ્ધિઃ

સૌ પ્રથમ ઉત્પન્ન થએલ આકાશમાં કેવળ એક શબ્દ ગુણ જ છે. આકાશમાંથી ઉત્પન્ન થએલ વાયુમાં આકાશનો શબ્દ ગુણતો આવ્યો જ અને સાથે સ્વયંનો ગુણ સ્પર્શ તો ખરો જ, આ રીતે વાયુ, શબ્દ અને સ્પર્શ એમ બે ગુણો વાળો થયો. એવી જ રીતે વાયુમાંથી ઉત્પન્ન થએલ અગ્નિમાં વાયુના બે ગુણો શબ્દ અને સ્પર્શ તો આવ્યા જ અને તે ઉપરાંત સ્વયંનો ગુણ રૂપ પણ ખરો, આ રીતે અગ્નિ, શબ્દ, સ્પર્શ અને રૂપ એમ ત્રણ ગુણો વાળો થયો. અગ્નિમાંથી ઉત્પન્ન થએલ જલમાં અગ્નિના ત્રણ ગુણો શબ્દ, સ્પર્શ અને રૂપ તો આવ્યા અને સાથે સ્વયંનો ગુણ રસ, આ રીતે જલ, શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એમ ચાર ગુણો વાળું થયું. જલમાંથી ઉત્પન્ન થએલ પૃથ્વીમાં જલના ચાર ગુણો શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ આવ્યા અને સાથે સ્વયંનો ગુણ ગંધ, આ રીતે પૃથ્વી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ પાંચ ગુણો વાળી થઈ.

## ગુણો અનુસાર સ્થૂળતાઃ

ઈશ્વરઈચ્છાથી ઉપર જણાવેલ સૂક્ષ્મ ભૂતોનું જ્યારે પઞ્ચીકરણ થાય છે ત્યારે એ તત્ત્વો સૂક્ષ્મમાંથી સ્થૂળ બને છે. ગુણો અનુસાર આ સ્થૂળ પંચભૂતોની સ્થૂળતાની માત્રામાં ફરક હોય છે. અહીં જેમાં જેટલા વધુ ગુણો તે તત્ત્વ તેટલું જ વધુ સ્થૂળ નિવડે છે. તાત્પર્ય એ છે કે આકાશ કેવળ એક શબ્દ ગુણ ધરાવનાર હોવાથી બધા જ સ્થૂળ ભૂતોમાં સૌથી સૂક્ષ્મ છે. વાયુ – શબ્દ અને સ્પર્શ બે ગુણો વાળો હોવાથી આકાશની સરખામણીમા વધુ સ્થૂળ છે. અગ્નિ - શબ્દ, સ્પર્શ અને રૂપ એમ ત્રણ ગુણો વાળો હોવાથી વાયુથી સ્થૂળ છે. જળ - શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એમ ચાર ગુણો ધરાવે છે માટે તે અગ્નિથી સ્થૂળ છે. પૃથ્વી - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ પાંચ ગુણો વાળી હોવાથી જળથી સ્થૂળ છે.

## સ્થૂળમાં જ તારતમ્યઃ

સ્થૂળતાની પ્રમાણ માત્રાનો ફરક (તારતમ્ય) કેવળ સ્થૂળ ભૂતોમાં જ હોય છે. સૂક્ષ્મ ભૂતોમાં સ્થૂળતા કે તારતમ્યનો કોઈ પ્રશ્ન જ ઉઠતો નથી; કારણ એ બધા તો સૂક્ષ્મ જ છે.

## પઞ્ચીકરણઃ

આપણે ઉપર જોયું કે પઞ્ચીકરણની પ્રક્રિયાથી સૂક્ષ્મ ભૂતો સ્થૂળ બને છે. પઞ્ચીકરણનો અર્થ થાય પાંચ સૂક્ષ્મભૂતોનું વિશેષ પ્રકારે થએલું મિશ્રણ. આ વિશેષ પ્રક્રિયામાં દરેક ભૂતોનો સ્વયંનો ૫૦% ભાગ જેમનો તેમ જ રહે છે, અને તેમાં બાકીના ચાર ભૂતોના દરેકના ૧૨.૫%ને ઉમેરવાથી જે તે સ્થૂળ ભૂત ઉત્પન્ન થાય છે.

આ રીતેઃ

સ્થૂળ આકાશ તત્ત્વ = ૫૦% સૂક્ષ્મ આકાશ તત્ત્વ +સૂક્ષ્મ (વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી) દરેકના ૧૨.૫%
સ્થૂળ વાયુ તત્ત્વ = ૫૦% સૂક્ષ્મ વાયુ તત્ત્વ +સૂક્ષ્મ (આકાશ, અગ્નિ, જળ અને પૃથ્વી) દરેકના ૧૨.૫%
સ્થૂળ અગ્નિ તત્ત્વ = ૫૦% સૂક્ષ્મ અગ્નિ તત્ત્વ +સૂક્ષ્મ (વાયુ, આકાશ, જળ અને પૃથ્વી) દરેકના ૧૨.૫%
સ્થૂળ જળ તત્ત્વ = ૫૦% સૂક્ષ્મ જળ તત્ત્વ +સૂક્ષ્મ (વાયુ, અગ્નિ, આકાશ અને પૃથ્વી) દરેકના ૧૨.૫%
સ્થૂળ પૃથ્વી તત્ત્વ = ૫૦% સૂક્ષ્મ પૃથ્વી તત્ત્વ +સૂક્ષ્મ (વાયુ, અગ્નિ, જળ અને આકાશ) દરેકના ૧૨.૫%

## બ્રહ્માંડઃ

ઉપરોક્ત પઞ્ચમહાભૂતોમાંથી બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે. અત્યન્ત વિશાળ અને અંડાકાર હોવાથી પઞ્ચમહાભૂતોનું આ કાર્ય બ્રહ્માંડ તરીકે ઓળખાય છે. આ ભ્રહ્માંડમાં ચૌદ ભુવન(લોક) આવેલા છે. જે આ મુજબના છે.

## ચૌદ ભુવન(લોક)

ભૂલોક(પૃથ્વી) સાથે ઉપરના સાત લોક છે. – ૧.ભૂ લોક ૨.ભૂવઃ લોક ૩.સ્વઃ લોક ૪.મહન્ લોક ૫. જન લોક ૬.તપ લોક ૭.સત્ય લોક.

પૃથ્વીથી નીચે આ સાત લોક છેઃ- ૧. અતલ લોક ૨.વિતલ લોક ૩.સુતલ લોક ૪. તલાતલ લોક ૫. રસાતલ લોક ૬.મહાતલ લોક ૭. પાતાલ લોક.

આ ચૌદ લોકોમાં વિભિન્ન પ્રકારના જીવો રહે છે.

## ભૂલોકઃ

ભૂલોક એટલે સાત દ્વિપો વાળી આપણી આ પૃથ્વી જેના પર આપણે રહીએ છીએ, જેને સૂર્ય પ્રકાશ આપે છે, ચંદ્રમા જેની ઔષધિ-વનસ્પતિઓને પોતાના રસથી પુષ્ટ કરે છે, જે નક્ષત્રો અને તારાગણોથી સુશોભિત છે, જ્યાં સમુદ્ર લહેરાય છે અને ગગનચુંબી ઉન્નત પર્વતોમાંથી પ્રવાહિત થઈ જ્યાં અનેક નદીઓ અનવરત ગતિ સાથે સમુદ્રને જઈ મળી રહી છે. કેવળ અહીં વસનારા જીવોના શરીરો ની ઉત્પત્તિ ચાર પ્રકારથી થાય છેઃ-

## ચતુર્વિધ પ્રાણીઃ

૧. ઉદ્ભિજ્જ ૨. સ્વેદજ ૩. અણ્ડજ અને ૪. જરાયુજ.

જે પૃથ્વીને ભેદીને ઉત્પન્ન થાય, તેમને ઉદ્ભિજ તરીકે ઓળખવામાં આવે છે, જેવા કે – ઘાસ, છોડ, વૃક્ષ ઈ.
જે પરસેવાના સંસર્ગથી ઉત્પન્ન થાય તેમને સ્વેદજ કહેવામાં આવે છે, જેવા કે – જૂ, લીખ ઈ.
જે ઈંડામાંથી ઉત્પન્ન થાય તેમને અણ્ડજ કહેવામાં આવે છે, જેવા કો મરઘી, કબૂતર ઈ.
જે જર(ઝલ્લી કે કોથળી)થી જન્મે છે, તેમને જરાયુજ કહેવામાં આવે છે, જેવા કે મનુષ્ય, ગાય. ઘોડો ઈ.
આ ચાર પ્રકારે ઉત્પન્ન થનાર શરીરોની નીચે જણાવેલ ચોર્યાસી લાખ ને એક યોનિઓ હોય છે.

## ચોર્યાસી લાખ ને એક યોનિઓઃ

વૃક્ષાદિ – ૨૦ લાખ, જલચર – ૯ લાખ, કૃમિ – ૧૧ લાખ, પક્ષી ૧૦ લાખ, પશુ ૩૦ લાખ, વાનર ૪ લાખ, અને મનુષ્ય ૧ યોનિ. પૃથ્વી પર રહેનારા સ્થૂળ દેહધારી જીવોનાં શરીરોના પ્રકાર ચોર્યાસી લાખ ને એક અને નહીં કે શરીરોની સંખ્યા. કારણ કે ઉપરોક્ત યોનિઓમાં ઉત્પન્ન શરીરોની ગણના સંભવ જ નથી.

## પચ્ચીસ તત્ત્વોઃ

એક સ્થૂળ શરીરમા પઞ્ચિકૃત પઞ્ચમહાભૂતોના નીચે દર્શાવેલ કોઠામાં આપવામાં આવેલા પચ્ચીસ તત્ત્વો હાજર હોય છે. પઞ્ચિકૃત હોવાને કારણે આમતો બધામાં જ બધા તત્તવો હાજર હોય છે, તેમ છતાં જેમાં જે તત્ત્વની પ્રધાનતા હોય, તેને તેનું જ તત્ત્વ (કાર્ય) દર્શાવાયું છે.

| पृथ्वी | जल | तेज | वायु | आकाश |
|---|---|---|---|---|
| अस्थि | शोणित | आलस्य | संकोचन | कट्याकाश |
| माँस | शुक्र | कान्ति | चलन | उदराकाश |
| नाडी | मूत्र | क्षुधा | उत्क्रमण | हृदयाकाश |
| त्वचा | स्वेद | तृषा | धावन | कंठाकाश |
| रोम | लाला(लार) | निद्रा | प्रसारण | शिराकाश |

## પુનઃ પઞ્ચીકરણઃ

ઉપર કોષ્ટકમાં દર્શાવેલ પચ્ચીસ તત્ત્વો પઞ્ચીકૃત પઞ્ચમહાભૂતોના પૂનઃ પઞ્ચીકરણથી બન્યા છે. આ પઞ્ચીકરણ અને પૂનઃ પઞ્ચીકરણ નીચે દર્શાવેલ કોઠા વડે સ્પષ્ટ થાય છે.

### પુનઃ પઞ્ચીકરણ દ્વારા પચ્ચીસ તત્ત્વો

| पञ्चभूत | पृथ्वी | जल | तेज | वायु | आकाश |
|---|---|---|---|---|---|
| पृथ्वी | अस्थि - १ | शोणित - २ | आलस्य - 3 | संकोचन - ४ | कट्याकाश - ५ |
| जल | माँस - ७ | शुक्र - ६ | कान्ति - ८ | चलन - ९ | उदराकाश - १० |
| तेज | नाडी -१२ | मूत्र - १3 | क्षुधा - ११ | उत्क्रमण - १४ | हृदयाकाश[1] - १५ |
| वायु | त्वचा - १७ | स्वेद - १८ | तृषा - १९ | धावन - १६ | कंठाकाश - २० |
| आकाश | रोम - २२ | लार - २3 | निद्रा[2] - २४ | प्रसारण - २५ | शिराकाश - २१ |

નોંધઃ લાલ અક્ષરો – નું પ્રમાણ ૫૦% છે બાકીના ૧૨.૫%. [૧અને૨] મતાન્તરઃ કામ, ક્રોધ, શોક, માહ અને ભય. - નિદ્રા

## પૃથ્વી

(૧) અસ્થિ – હાડકાં જેમાં મોટો ભાગ પૃથ્વીનો છે, અને તેથી જ એ પૃથ્વીની જેમ જ કઠણ હોય છે. એમાં પૃથ્વી નો અડધો ભાગ છે, અને બાકીના અડધા ભાગમાં, શોણિત, આલસ્ય, સંકોચન અને કટ્યાકાશ એ ચાર સરખે ભાગે, જલ ઈ. ચાર ભૂતો સાથે નીચે જણાવ્યા મુજબ મિશ્રિત થએલા છે.

(૨) શોણિત – એનો રંગ લાલ હોય છે. એમાં પૃથ્વીના ભાગ સાથે જલ મળે છે, તેથી એ જલનું તત્ત્વ પણ ગણાય છે.

(૩) આલસ્ય – એમાં પૃથ્વીની જેમ જડતા હોય છે માટે એ પૃથ્વીનો ભાગ છે, સાથે તેજ મળતાં તેજનું ત્તવ ગણાય છે.

(૪) સંકોચન – એ પણ પૃથ્વીના ગુણ ધરાવે છે માટે એ પૃથ્વીનો ભાગ છે, જે વાયુ સાથે મળી વાયુનું ત્તવ ગણાય છે.

(૫) કટ્યાકાશ – અહીં મળ એકત્ર થાય છે માટે એ પૃથ્વીનો ભાગ છે, અને તે આકાશ સાતે મળતાં આકોશનું ત્તવ પણ ગણાય છે.

## જલ

(૬) શુક્ર – વીર્ય જેમાં જલનો મોટો ભાગ હોય છે. એનું કારણ એ છે કે જે રીતે જલ રંગવિહિન છે અને વૃક્ષાદિ ની વૃધ્ધિમાં સહાયક થાય છે, તેવી જ રીતે વિર્ય પણ ગર્ભને પોષે છે. તેથી એમાં અડધો ભાગ જલનો છે, અને બાકીના અડધા ભાગમાં, માંસ, કાન્તિ,ચલન અને ઉદરાકાશ એ ચાર સરખે ભાગે, અગ્નિ ઈ. ચાર ભૂતો સાથે નીચે જણાવ્યા મુજબ મિશ્રિત થએલા છે.

(૭) માઁસ – એ દ્રવીભૂત છે. માટે જલનો ભાગ છે. એ પૃથ્વીના તત્ત્વોમાં મળતો હોવાથી પૃથ્વીનું તત્ત્વ ગણાય છે.

(૮) કાન્તિ – એના જલ સાથેના સંબંધના કારણે કાન્તિમાં ફેરફારો  થતા રહે છે, માટે એજલનો જ ભાગ ગણાય છે,અને એમાં તેજ હોવાથી એને તેજનું તત્ત્વ પણ ગણાય છે

(૯) ચલન – જલ જેવું ચલાયમાન છે, માટે જલનો જ ભાગ છે, અને વાયુ સાથે મળી એ વાયુ તત્ત્વ પણ ગણાય છે.

(૧૦) ઉદરાકાશ – આ જલનું સ્થાન છે માટે જલનો ભાગ છે. એ આકાશ સાથે ભળેલું છે માટે આકાશ તત્ત્વ ગણાય છે.

## તેજ

(૧૧) ક્ષુધા – તેજનો મુખ્ય ભાગ છે, કારણકે ઉદરના અગ્નિની પ્રબળતાથી જ ક્ષુધા ઉત્પન્ન થાય છે. માટે એમાં તેજનો અડધો ભાગ છે. અને બાકીના અડધા ભાગમાં નાડી,મૂત્ર, ઉત્ક્રમણ અને હૃદયાકાશ એ ચાર સરખે ભાગે, વાયુ ઈ. ચાર ભૂતો સાથે નીચે જણાવ્યા મુજબ મિશ્રિત થએલા છે.

(૧૨) નાડી – દ્વારા જ્વરની પરિક્ષા થાય છે, માટે એમાં તેજનો હિસ્સો છે. સાથે એમા પૃથ્વીની પણ હાજરી હોવાથી એ પૃથ્વી તત્ત્વ પમ ગણાય છે.

(૧૩) મૂત્ર – ઉષ્ણ હોવાને કારણે એ તેજનો અંશ છે. એમાં જલ તત્ત્વની હાજરીને કારણે એ જલ તત્ત્વ પણ છે.

(૧૪) ઉત્ક્રમણ – એટલે ઉર્ધ્વગતિ જે અગ્નિમાં હોય છે, માટે એ તેજનો અંશ છે. એમાં વાયુ પણ હોવાથી એ વાયુ તત્ત્વ પણ ગણાય છે.

(૧૫) હૃદયાકાશ – હૃદયમાં સદૈવ ઉષ્ણતા રહે છે માટે એ તેજનો અંશ છે. તેમાં આકાસ તત્ત્વ પણ મળેલું હોવાથી એ આકાશ તત્ત્વ પણ કહેવાય છે.

## વાયુ

(૧૬) ધાવન – એટલે દોડવું જે વાયુનો મુખ્ય ગુમ છે માટે જ એમાં વાયુનો અડધો ભાગ છે. અને બાકીના અડધા ભાગમાં ત્વચા, સ્વેદ, તૃષા અને કણ્ઠાકાશ એ ચાર સરખે ભાગે, આકાશ ઈ. ચાર ભૂતો સાથે નીચે જણાવ્યા મુજબ મિશ્રિત થએલા છે.

(૧૭) ત્વચા – એ દ્વારા સ્પર્શ કરાય છે માટે એ યુનો ભાગ છે. એમાં પૃથ્વી તત્ત્વ ઉમેરાવાથી એને પૃથ્વીનું તત્ત્વ પણ કહેવામાં આવે છે.

(૧૮) સ્વેદ – આનો સંબંધ વધુ શ્વાચ્છોશ્વાસ સાથે છે જે વાયુને અનુલક્ષીને હોય છે અને એ રીતે થએલ સ્વેદ અર્થાત પરસેવો વાયુ વડે જ સુકાય પણ છે. ટે એ યુનો ભાગ છે. એની સાથે જલને ઘનિષ્ટ સંબંધ હોવાથી એ જલ તત્ત્વ પણ ગણાય છે.

(૧૯) તૃષા – વાયુથી શોષાયને તૃષા ઉત્પન્ન થાય છે, માટે એ વાયુનો જ ભાગ છે. એની સાથે તેજ પણ મળેલું છે માટે તેજ તત્ત્વ પણ ગણાય છે.

(૨૦) કણ્ઠાકાશ – આ વાયુનો આવવા જવાનો માર્ગ છે તે કારણે વાયુ તત્ત્વનો જ ભાગ છે. એની સાથે આકાશ પણ મળેલું છે માટે એ આકાશ તત્ત્વ પણ ગણાય છે.

### આકાશ

(૨૧) શિરાકાશ – આકાશની જેમ જ શિર એ મુખ્ય ભાગ છે, એમાની ખાલી જગ્યા આકાશરૂપ હોવાથી એમાં આકાશનો અડધો ભાગ છે. અને બાકીના અડધા ભાગમાં રોમ, લાર, નિદ્રા અને પ્રસારણ એ ચાર સરખે ભાગે, પૃથ્વી ઈ. ચાર ભૂતો સાથે નીચે જણાવ્યા મુજબ મિશ્રિત થએલા છે.

(૨૨) રોમ – એને કાપવાથી દુઃખનો અનુભવ થાય છે, તેથી જ એ આકાશનો ભાગ બને છે. એમાં પૃથ્વી તત્ત્વ મળવાથી એ પૃથ્વીનું તત્ત્વ પણ ગમાય છે.

(૨૩) લાર – એ શિરાકાશ પરથી નીચે ઉતરે છે. માટે એ આકાશનો ભાગ છે. એની સાથે જલને ઘનિષ્ટ સંબંધ હોવાથી એ જલ તત્ત્વ પણ ગણાય છે.

(૨૪) નિદ્રા – એનો સંબંધ શુન્યતા સાથે હોવાથી એ આકાશનો ભાગ છે. એની સાથે તેજ પણ મળેલું છે માટે તેજ તત્ત્વ પણ ગણાય છે.

(૨૫) પ્રસારણ – એમાં વ્યાપકતા હોવાને કારણે એ આકાશનો ભાગ છે. એમાં વાયુની સહાય પણ હોવાથી એ વાયુ તત્ત્વ પણ ગણાય છે.

### મતાન્તર

મતાન્તરથી *કામ, ક્રોધ, શોક, મોહ અને ભય* એ પાંચ આકાશના તત્ત્વો છે, જે હૃદયાકાશમાંથી ઉત્પન્ન થાય છે. માટે એ બધા જ આકાશ તત્ત્વો કહેવાય છે. આમ તો એ બધા સૂક્ષ્મ દેહના ધર્મો હોવા છતાં એમનો આવેશ સ્થૂળ દેહમાં પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતો હોવાથી એમનું સ્થૂળ દેહના તત્ત્વરૂપમાં પણ વર્ણન કરવામાં આવે છે. એવી જ રીતે પૂર્વોક્ત *નિદ્રા*નું પણ સમજવું.

### વિરાટઃ

ઉપરના સ્થૂળ પઞ્ચમહાભૂતો અને તેમનું કાર્યરૂપ એવી અનન્ત સૃષ્ટિ (વ્યષ્ટિ) જે દેહધારી જીવોવાળા તથા ચૌદ ભુવન વાળા બ્રહ્માંડ ના વિવિધ રૂપોમાં પ્રગટ થવાને (ભાસવાને) કારણે, વિરાટ (સમષ્ટિ) તરીકે ઓળખવામાં આવે છે.

## આત્માનું સ્થૂળ શરીરઃ

"एतत् स्थूल शरीरम् आत्मनः"

આ (ઉપરોક્ત વિરાટ), આત્માનું સ્થૂળ શરીર છે. આમ તો સમષ્ટિ સ્થૂળ ઉપાધિ વાળા આત્માને પણ વિરાટ કહેવાય છે, છતાં અહીં તો માત્ર સ્થૂળ ઉપાધિના અર્થમાં જ વિરાટ શબ્દનો ઉપયોગ થયો છે.

## વિરાટ વર્ણનઃ

ભગવાનના શરીરનું રૂપક તે વિરાટ, જેનું વર્ણન શાસ્ત્રોમાં નીચે મુજબ કરવામાં આવ્યું છે –

એ વિરાટ ભગવાનના ચરણો તે પાતાળ છે. શિર બ્રહ્મલોક (સત્યલોક) છે. અન્ય જુદા જુદા અંગો વચ્ચેના લોકો છે. એમનું ભૃકુટિ-સંચાલન ભયંકર કાળ છે. નેત્ર સૂર્ય છે. વાળ વાદળોનો સમૂહ છે. નાસિકાઓ અશ્વિનીકુમારો છે. એમની પાંપણના ઝબકારા રાત અને દિવસ છે. કાન દશે દિશા છે. શ્વાસ વાયુ છે. વાણી વેદ છે. બાહુઓ દિગપાલ છે. મુખ અગ્નિ છે. જીભ વરુણ છે. રોમાવળી અઢાર પ્રકારની અસંખ્ય વનસ્પતિઓ છે. હાડકાં પર્વતો છે. નસો નદીઓ છે. પેટ સમુદ્ર છે. નીચેની ઈન્દ્રિયો નરક છે. અહંકાર રુદ્ર છે. બુદ્ધિ બ્રહ્મા છે. મન ચંદ્રમા છે. ચિત્ત નારાયણ છે.

## વિરાટ એ આત્મા નથીઃ

શંકા થાય છે કે શું આ ઉપરોક્ત વિરાટ જગત જ આત્મા છે? કારણ, અગાઉ જણાવી ચૂક્યા છીએ કે બધું જ આત્મા છે. એનું સમાધાન એ છે કે વિરાટ એ આત્માનું સ્થૂળ શરીર છે, અને નહીં કે આત્મા. આત્મા સ્વયં છે, જ્યારે વિરાટ તો અનાત્મા છે. આત્મા સત્ય છે જ્યારે આ વિરાટ તો મિથ્યા છે. અર્થાત વિરાટ એ આત્માનો વિવર્ત છે (સત્યમાં કલ્પેલા રૂપને સત્યનું વિવર્ત કે પ્રતિબિંબ કહેવામાં આવે છે) જેવી રીતે દોરીમાં સર્પ. સત્ય સ્વરૂપ આત્માના અસ્તિત્વથી જ આ વિરાટનું અસ્તિત્વ છે. એટલે કે જે કાંઈ પણ પ્રગટ થઈ રહ્યું છે, તે આત્મા સિવાય કશું જ નથી. જે રીતે સ્વર્ણમાંથી બનેલા આભુષણો સ્વર્ણ સિવાય કાંઈ જ નથી. કારણ કે સ્વર્ણ વિના આભૂષણ ટકી જ ન શકે; આભૂષણ વિના પણ સ્વર્ણ ટકતું હોય જ છે. એવી જ રીતે વિરાટ-જગત આત્મા વિના ટકી ન શકે; પરંતુ આત્મા વિરાટ-જગત વિના પણ હોય છે.

## મૂળ સ્પષ્ટતાઃ

જે રીતે સ્વર્ણ એક તત્ત્વ છે અને જે પિંડ રૂપે એ દેખા દે છે, એ પિંડ જાણે કે એની શક્તિ છે. સ્વર્ણથી અલગ એવો પિંડ સિધ્ધ નથી થઈ શકતો. તેથી એ સ્વર્ણમા મિથ્યા (કલ્પિત) છે. પરિવર્તન કેવળ મિથ્યા (કલ્પિત) પિંડમાં જ થઈ શકે. સ્વર્ણમાં કદી કોઈ પરિવર્તન થતું નથી. તેમ છતાં પરિવર્તનશિલ પિંડ ઈ. આકારોમાં સત્તા (અસ્તિત્વ) તો સ્વર્ણની જ રહે છે. એવી રીતે આત્મા પણ સ્વર્ણની જેમ એક તત્ત્વ જ છે અને એની શક્તિ, ત્રિગુણાત્મક માયા, પિંડની જેમ જ મિથ્યા છે. જે કાંઈ પરિવર્તન થાય છે તે બધું જ માયામાં થતું હોય છે અને નહીં કે આત્મામાં. તેમ છતાં પરિવર્તનશિલ માયામય પદાર્થોમાં સત્તા (અસ્તિત્વ) તો આત્માની જ રહે છે. જે રીતે સ્વર્ણના પિંડમાંથી તાર બને, તારમાંથી કંકન, કુંણ્ડલ આદિ આભૂષણો બને; તેવી જ રીતે ત્રિગુણાત્મક માયામાંથી સૂક્ષ્મભૂત બને, સૂક્ષ્મભૂતમાંથી સ્થૂળભૂત, અને એ સ્થૂળભૂતોના કાર્ય રૂપે આ જગત ઉત્પન્ન થયું. જેવી રીતે - જે સ્વર્ણ પિંડ રૂપે હતું – તે જ સ્વર્ણ તાર રૂપે દેખાયું તથા તે જ આભૂષણો રૂપે હોય છે; એવી જ રીતે જે આત્મા માયાશક્તિનું મૂળ છે તે જ સૂક્ષ્મ-પઞ્ચમહાભૂતોના રૂપમાં પ્રગટ થાય છે અને તે જ સ્થૂળભૂતો તથા તેના કાર્ય રૂપ જગત તરીકે પ્રગટ થાય છે. અર્થાત જેવી રીતે સ્વર્ણ જ અભૂષણ રૂપે દેખાઈ રહ્યું છે; તેવી જ રીતે આત્મા જ જગતરૂપે દેખાઈ રહ્યો છે. આમ જે રીતે સ્વર્ણ જ, કઙ્કન આદિ આભૂષણોના રૂપમાં દેખા દે છે, છતાં એ આભૂષણોને આપણે સીધું સ્વર્ણ કહેવાને બદલે કંઙ્કન, કુંણ્ડલ ઈ. નામો થી જ ઓળખીએ છીએ, એવી રીતે આ આત્મા જ પરિવર્તનશિલ વિરાટના રૂપે પ્રગટ છે; તેમ છતાં એને સીધો આત્મા ન કહેતાં, આપણે એને આત્માના શરીર તરીકે ઓળખીએ છીએ.

## વ્યાવહારિક અને પારમાર્થિકઃ

માયા અને માયાના કાર્યો વ્યાવહારિક છે. આત્મા (પારમાર્થિક) તત્ત્વ છે. જે રીતે પિંડ, તાર અને આભૂષણ વ્યાવહારિક છે, એટલે કે એમનાથી જ વ્યવહાર થતો હોય છે; તેવી જ રીતે માયા અને માયાના કાર્યોથી જ વ્યવહાર થાય છે. સ્વર્ણ તત્ત્વ છે, એના કલ્પિત નામ રૂપ વિના માત્ર સ્વર્ણનો વ્યવહાર નથી થતો અને ન તો કેવળ સ્વર્ણ દેખાતું.

જ્યારે પણ દેખાશે તો એનું કોઈ ને કોઈ કલ્પિત રૂપ અવશ્ય હશે અને તે રૂપનો વાચક શબ્દ (નામ) પણ હશે. જે રીતે સ્વર્ણ ક્યાંક કુણ્ડલ, કઙ્કન આદિ આભૂષણોના રૂપમાં છે તો ક્યાંક એ લગળી કે પિંડ આદિ રૂપોમાં છે. આકાર વિના એને જોઈ નથી શકાતું, એવી જ રીતે સ્વર્ણ અવ્યહવાર્ય છે. એટલે કે એ વ્યહવારનો વિષય નથી. એ અંગેનો જે કાંઈ પણ વ્યવહાર થાય છે, તે કલ્પિત નામ રૂપથી જ થાય છે. એવી જ રીતે કોઈ પણ કલ્પિત નામ રૂપ વિના આત્મા દેખાઈ શકતો નથી.

## કલ્પિત આવરણઃ

જે રીતે કઙ્કનના રૂપમાં આપણે સ્વર્ણને જોતા હોવા છતાં એને સ્વર્ણ ન કહેતાં કઙ્કન જ કહીએ છીએ, અને સ્વર્ણમાં પ્રતિત થતું કલ્પિત કઙ્કન સ્વર્ણના રૂપને જાણેકે ઢાંકી દે છે; એવી જ રીતે જગતના રૂપમાં આત્માને જોતા હોવા છતાં, એને આપણે આત્મા ન કહેતાં જગત કહીએ છીએ. એ રીતે આત્મામાં પ્રતિત થતું કલ્પિત માયામય નામરૂપાત્મક જગત જાણે કે આત્માને ઢાંકી દે છે.

## આધ્યાત્મિકાદિ નું સ્વરૂપઃ

વિવિધ રૂપોમાં ભાસનાર વિરાટ આધ્યાત્મિક, આધિદૈવિક તેમજ આધિભૌતિક એ ત્રણ ભાગોમાં વહેંચાએલો છે. આ ત્રણ ભાગોમાં વહેંચાવાને કારણે જ વિરાટને સમજી શકાય છે, અન્યથા એ સમજી જ ન શકાય. ***આધ્યાત્મિક*** એને કહેવાય છે; જેમા આત્મ સમ્બન્ધિત જાણકારી હોય. એટલે કે જે 'હું' કે 'મારું' રૂપે જણાતું હોય. જેમ કે નેત્રેન્દ્રિય આધ્યાતમિક છે. નેત્ર માટે પ્રાણી 'મારાં નેત્ર' એ પ્રકારનો આત્મસમ્બન્ધ માનતો હોય છે. ***આધિદૈવિક*** એમને કહેવામાં આવે છે, જે ઈન્દ્રિયોના મૂળમાં છે. જેમને ઈન્દ્રિયોના દેવતા ગણવામાં આવે છે અને જેમના વિના ઈન્દ્રિયો પોતાનું કામ નથી કરી શકતી. જેમ કે નેત્ર આધ્યાત્મિક છે તો સૂર્ય (તેજ તત્ત્વ કે પ્રકાશ) આધિદૈવિક છે. કારણ તેજ અથવા અગ્નિ તત્ત્વમાંથી જ નેત્રની ઉત્પત્તિ થઈ છે તેમ જ તેજ કે પ્રકાશ વગર નેત્રો, જોવાનું કાર્ય કરી નથી શકતા. ***આધિભૌતિક*** એવા ગુણો છે જે ભૂતો (ભૂમિ પર વસનારા)ને આધારિત હોય છે અને તેમની સિદ્ધિ નેત્રો ઈ. ઈન્દ્રિયો વડે થાય છે. તાત્પર્ય એ છે કે તેજ (નેત્રો) જ તેજ (પ્રકાશ )વડે તેજ(રૂપ)ને ગ્રહણ કરે છે. એનો અર્થ એવો થયો કે નેત્ર= ***આધ્યાત્મિક,*** પ્રકાશ= ***આધિદૈવિક,*** રૂપ= ***આધિભૌતિક*** – આ ત્રણે એક જ તેજ(અગ્નિ) તત્ત્વ છે. આ તેજ(અગ્નિ) તત્ત્વનું કોઈ પણ સ્વરૂપ આધ્યાત્મિક આદિ ત્રિવિધ ભેદો વિના સિદ્ધ નથી થઈ શકતું. આ રીતે જેટલા પણ ત્રિવિધ ભેદો જણાય છે, તે ભધા જ ***આધ્યાત્મિક, આધિદૈવિક*** અને ***આધિભૌતિક સ્વરૂપે જ હોય છે.***

## પરસ્પર સાપેક્ષઃ

ઉપર મુજબના ***આધ્યાત્મિક, આધિદૈવિક,*** અને ***આધિભૌતિક*** એ ત્રણે વિભાગો પણ ભ્રમ જેવા જ ભાસે છે. વાસ્તવમાં આ ત્રિવિધ ભેદ પણ એક આત્માના જ વિવર્ત છે, કારણ કે આધ્યાત્મિકાદિ ત્રણે પરસ્પરની અપેક્ષાએ જ સિદ્ધ થાય છે, એમાના કોઈ સ્વતંત્ર રીતે સિદ્ધ થઈ શકતા નથી. નેત્રની સિદ્ધિ, રૂપની સિદ્ધિ (રૂપની જાણકારી)ને આધારે જ છે. જો રૂપની જાણકારી જ ન હોય તો રૂપનું જ્ઞાન કરાવનારી નેત્રેન્દ્રિય જ છે એવું સિદ્ધ નથી થઈ શકતું. એ તો સ્પષ્ટ જ છે કે રૂપની જાણકારી નેત્રથી જ થઈ શકે. જો નેત્ર જ ન હોય તો રૂપની જાણકારી મળી જ ન શકે. એવી જ રીતે આધિદૈવિક પ્રકાશ વિના આધ્યાત્મિક નેત્ર અને આધિભૌતિક રૂપની સિદ્ધિ અશક્ય જ છે, કારણ કે પ્રકાશની ગેરહાજરીમાં રૂપની જાણકારી ન મળવાથી, રૂપનું જ્ઞાન કરાવનાર નેત્રેન્દ્રિય પણ સિદ્ધ (ઉપયોગી) નથી થઈ શકતી. નેત્ર તેમ જ રૂપની જાણકારી વિના કેવળ પ્રકાશની પણ કોઈ ઉપયોગીતા નથી. જો નેત્ર ન હોય અને રૂપને જોઈ ન શકાય ત્યારે 'પ્રકાશ છે' એવું પુરવાર ન કરી શકાય. એવી જ રીતે શ્રોત્ર, આકાશ અને શબ્દ; ત્વચા, વાયુ અને સ્પર્શ; રસના, જલ અને રસ તેમ જ નાસિકા (ઘ્રાણેન્દ્રિય), પૃથ્વી અને ગન્ધ એ બધા જ પરસ્પરની અપેક્ષાએ જ સિદ્ધ થતા હોય છે.

# પ્રકરણ: ૧. અકાર માત્રા

## અવસ્થાઓ

### આભાસભાસ્ય અને સાક્ષિભાસ્યઃ

**જાગૃત** અને સ્વપ્ન અવસ્થામાં***આધ્યાત્મિક, આધિદૈવિક,*** અને ***આધિભૌતિક***ની પરસ્પર સિદ્ધિ થતી હોય છે. વિશેષમાં એવું છે કે સ્વપ્ન અવસ્થાના પદાર્થો પ્રતિભાસિક (મનોમય - ધારેલા) હોવાને કારણે સાક્ષિભાસ્ય છે અને જાગૃત અવસ્થાના પદાર્થો વ્યાવહારિક હોવાને કારણે આભાસભાસ્ય છે. જાગૃત અવસ્થામાં અન્તઃકરણની વૃત્તિમાં રહેલ (ચેતન) આત્માનો આભાસ એમને પ્રકાશિત કરે છે અને – આભાસથી એ પ્રકાશિત થયા – તેનું જ્ઞાન સાક્ષિ ચેતના (આત્મા) વડે થાય છે. એનો અર્થ એ થાય કે 'આ પુસ્તક છે' એવું જ્ઞાન પુસ્તકાકાર વૃત્તિમાં સ્થપાએલા, સ્વયં સિદ્ધ સાક્ષિચેતન (આત્મા)ને આભાસથી થાય છે, અને 'મને પુસ્તકનું જ્ઞાન થઈ ગયું' એવું જ્ઞાન સ્વયં સિદ્ધ સાક્ષિ ચેતન આત્મા દ્વારા થાય છે. તાત્પર્ય એવું છે કે પહેલું જ્ઞાન, જેમાં આધ્યાત્મિક આદિ ત્રણે પરસ્પર સિદ્ધ થાય છે, તે આભાસથી થાય છે, અને એ જ્ઞાનનું જ્ઞાન સ્વયં સિદ્ધ સાક્ષિ ચેતન આત્મા વડે થાય છે. આવી રીતે આધ્યાત્મિક આદિના ભાવો, એટલે કે 'હોવું'ને સાક્ષિ આત્મા પ્રકાશિત કરે છે.

### અભાવ પણ સાક્ષિભાસ્યઃ

સુષુપ્તિ અવસ્થામાં મનના લીન થયા બાદ આધ્યાત્મિક નેત્રાદિ, આધિદૈવિક સૂર્યાદિ તથા આધિભૌતિક રૂપાદિ કોઈની પણ સિદ્ધિ નથી થતી, કારણ મનના લીન થવાથી(૧) સુષુપ્તિ અવસ્થામાં મનની કોઈ પણ વૃત્તિ રહેતી નથી(૨). વૃત્તિના અભાવમાં ચેતનનો આભાસ થતો જ નથી(3), જેવી રીતે દર્પણ વિ.ના અભાવમાં મુખ વિ. નું પ્રતિબિંબ હોતું જ નથી. હવે જ્યારે અન્તઃકરણની વૃત્તિઓ નથી તથા ચેતનનો આભાસ પણ નથી ત્યારે વૃત્તિ અને આભાસની ગેરહાજરીમાં સર્વાધિષ્ઠાન ચેતન કોઈ પણ ઘટ કે પટ વિ.ને પ્રકાશિત કરશે જ નહીં. આ રીતે સુષુપ્તિ અવસ્થામાં 'આધ્યાત્મિકાદિ બધાનું જ અજ્ઞાન છે' એ પણ સાક્ષિ ચેતન આત્માથી સિદ્ધ થાય છે. એનો અર્થ એવો થયો કે આધ્યાત્મિકાદિના અભાવને પણ સ્વયં સિદ્ધ સાક્ષિ આત્મા જ પ્રકાશિત કરે છે. આ રીતે આધ્યાત્મિકાદિના ભાવ અને અભાવનો પ્રકાશક સ્વયં સિદ્ધ આત્મા જ સત્ય છે અને આ બધાજ આધ્યત્મિકાદી સ્વયં સિદ્ધ ન હોવાને કારણે મિથ્યા જ છે, એટલે કે એ સઘળા કેવળ આત્માના વિવર્ત જ છે.

**નોંધઃ-** (૧)'મનના લીન થવાથી' – એવું કહેવાનું તાત્પર્ય એ છે કે મન કેવળ બાહ્ય વૃત્તિઓને છોડી દે છે, એ સમાપ્ત નથી થઈ જતું, સામાન્ય અવસ્થામાં રહે છે. આવી સામાન્ય અવસ્થામાં જાગૃત-સ્વપ્ન પદાર્થોની વૃત્તિ ન હોવાને કારણે, એ અવસ્થાનું નામ 'અવિદ્યા વૃત્તિ' રાખવામાં આવ્યું છે. આમ એ અવિદ્યા વૃત્તિ વડે જ પ્રાજ્ઞનામક જીવ આનંદનો ભોક્તા કહેવાય છે.

(૨)'કોઈ પણ વૃત્તિ રહેતી નથી' – એવું કહેવાનું તાત્પર્ય એ છે કે જાગૃત અને સ્વપ્ન જેવી પદાર્થાકાર કોઈ પણ વૃત્તિ નથી રહેતી.

(૩)'વૃત્તિના અભાવમાં ચેતનનો આભાસ થતો જ નથી'– એવું કહેવાનું તાત્પર્ય એ છે કે જાગૃત અવસ્થાની વૃત્તિઓમાં જે રીતે ચેતનનો સ્પષ્ટ રૂપે આભાસ થાય છે, તેવો આભાસ અહીં નથી થતો. પરંતુ અવિદ્યા વૃત્તિમાં અસ્પષ્ટ આભાસ તો થાય જ છે.

## આત્મા સ્વયં સિદ્ધ છેઃ

આ રીતે વિચાર કરવાથી એવો નિશ્ચય થાય છે કે, આ સંપૂર્ણ દૃશ્ય જગત્ સ્વતંત્ર સિદ્ધ ન થવાથી એ મિથ્યા જ છે. આધ્યાત્મિકાદિ ત્રણેને એક સાથે પ્રકાશિત કરનાર સાક્ષિ ચેતન આત્મા જ સત્ય છે; કારણ કે સાક્ષિ આત્મા સ્વયં પ્રકાશ હોવાથી, સ્વતંત્ર સિદ્ધ છે. આત્મા પોતાની સિદ્ધિ માટે આધ્યાત્મિકાદિ કોઈની પણ અપેક્ષા નથી રાખતો અને આધ્યાત્મિકાદિ ત્રણે ચેતન દૃષ્ટા આત્મા વિના સિદ્ધ થઈ જ ન શકે. આત્મા એમના હોવા અને ન હોવાને એટલે કે આધ્યાત્મિકાદિ ના ભાવ અને અભાવ બન્નેને પ્રકાશિત કરે છે. માટે આત્મા સત્ય અને સ્વયં સિદ્ધ છે.

આત્માના સ્થૂળ શરીર(વિરાટ)ને ધ્યાનમાં રાખીને હવે જાગૃત અવસ્થાનું વર્ણન કરવામાં આવે છેઃ-

## જાગૃત અવસ્થાઃ

"इन्द्रियैरर्थोपलब्धिर्जागरितम्"

'જે અવસ્થામાં *ઇન્દ્રિઓ* દ્વારા વિષય *પ્રાપ્તિ* કરાય છે તે અવસ્થાને જાગૃત અવસ્થા કહેવામાં આવે છે.'

અત્રે 'ઇન્દ્રિઓ' શબ્દ કરણવાચી છે તથા 'પ્રાપ્તિ' શબ્દ બધા કરણોંના વ્યાપારનો સૂચક છે.

આમ તો સામાન્ય રીતે પ્રાપ્તિ તો સ્વપ્ન આદિ અન્ય અવસ્થાઓમાં પણ થતી હોય છે, તેમ છતાં કરણ જન્ય પ્રાપ્તિ તો કેવળ જાગૃત અવસ્થામાં જ થાય છે. કરણ બે પ્રકારના હોય છે. બાહ્યકરણ અને અન્તઃકરણ. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો એ બાહ્યકરણ છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ અન્તઃકરણ છે.(૧) જે અવસ્થામાં શ્રોત્રાદિ જ્ઞાનેન્દ્રિયો વડે જે શબ્દાદિ વિષયોનું જ્ઞાન થાય છે, વાક્આદિ કર્મેન્દ્રિયો વડે જે શબ્દોચ્ચારણાદિ ક્રિયાઓ થાય છે અને મન, બુદ્ધિ આદિ વડે જે અનુમાન આદિ જ્ઞાન તેમ જ સંકલ્પ-વિકલ્પ આદિ ક્રિયા થાય છે, તે અવસ્થાને જાગૃત અવસ્થા કહેવાય છે.

**નોંધઃ-** (૧) કરણ શબ્દનો અર્થ થાય સાધન. જે બહારના જ્ઞાન અને બહારની ક્રિયાઓ માટેના સાધનો હોય એમને બાહ્યકરણ કહેવામાં આવે છે. જે અંદરના સુખ-દુઃખ માટેના જ્ઞાન અને ચિન્તનાદિ ક્રિયાના સાધનો હોય તેમને અન્તઃકરણ કહેવામાં આવે છે. બાહ્યકરણ જે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો છે તેમને અન્તઃકરણ પર આધાર રાખવો પડે છે. અર્થાત જ્યાં સુધી મન રૂપી અન્તઃકરણનો સહયોગ ન હોય ત્યાં સુધી બાહ્યેન્દ્રિયો પોતાના વિષયોને ગ્રહણ નથી કરી શકતી. જેમ કે કોઈ ઉપદેશ સાંભળી રહ્યો હોય, પરંતુ એ જ્ઞાનેન્દ્રિય સાથે મનનો યોગ નહીં હોય તો શો ઉપદેશ મળ્યો તેનું જ્ઞાન નહીં થાય. એવી જ રીતે અન્તઃકરણને પણ બાહ્ય વિષયોની જાણકારી માટે શ્રોત્રાદિ જ્ઞાનેન્દ્રિયો પર આધાર રાખવો પડે છે. જેમ કે શ્રોત્રેન્દ્રિય કામ ન કરતી હોય તો મન બહારના શબ્દોને સમજી નહીં શકે, જે રીતે બહેરી વ્યક્તિને શબ્દોનું જ્ઞાન નથી હોતું.

## અધ્યાત્મ અને અધિદૈવઃ

અગાઉ જણાવ્યા અનુસાર જે કાંઈ પણ ભેદો જણાય છે, તે બધા જ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક રૂપોમાં જ હોય છે. તાત્પર્ય એવું છે કે શ્રોત્રાદિકરણ જે આધ્યાત્મિક પ્રકારના છે તે સ્થૂળ શરીરમાં પોતપોતાની મર્યાદામાં (દાયરામાં) રહીને જ કાર્ય કરતા હોય છે. એ રીતે વિરાટ રૂપી બ્રહ્મનું સ્થૂળ શરીર જે બ્રહ્માંડ છે, એના સમષ્ટિ કરણાભિમાની દેવ, વ્યષ્ટિ (જીવ) ઇન્દ્રિયોના દેવતા હોય છે. જે વ્યષ્ટિની ઇન્દ્રિયો પર અનુગ્રહ કરીને તેમને પોતાના વિષયોને ગ્રહણ કરવાનું સામર્થ્ય પ્રદાન કરે છે. એટલે કે તેમના દાયરાઓને કાર્યક્ષમ અને સુરક્ષિત રાખે છે, જેને લીધે તેઓ પોત-પોતાના વિષયોને ગ્રહણ કરવામાં સમર્થ બને છે. તેઓ પોત-પોતાના દેવતાઓના અનુગ્રહ વિના પોતાના વિષયોને ગ્રહણ ન કરી શકે. જેમ કે – નેત્રના દેવતા સૂર્યના અનુગ્રહ વિના વ્યક્તિ આંધળો થઈ જાય છે; એટલે કે તે

રૂપને જોવાને અસમર્થ થાય છે. એ રીતે જ દરેક અધ્યાત્મના અધિભૂત તેમજ અધિદેવનું સ્વરૂપ નીચેના કોઠામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

## અધ્યાત્મ આદિનું કોષ્ટક

| | अध्यात्म | अधिभूत | अधिदेव |
|---|---|---|---|
| ज्ञानेन्द्रियाँ | श्रोत्र | शब्द | दिशा |
| | त्वचा | स्पर्श | वायु |
| | चक्षु | रूप | सूर्य |
| | जिह्वा | रस | वरुण |
| | घ्राण | गन्ध | पृथ्वी |
| कर्मेन्द्रियाँ | वाक् | वचन | अग्नि |
| | पाणि | आदान | इन्द्र |
| | पाद | गमन | उपेन्द्र(विष्णु) |
| | शिश्न | आनन्द | प्रजापति |
| | गुदा | विसर्ग | मृत्यु(यम) |
| अन्तःकरण | अन्तःकरण | स्फुरण | विष्णु |
| | मन | संकल्प, विकल्प | चन्द्रमा |
| | बुद्धि | निश्चय | ब्रह्मा(१)सूर्य |
| | चित्त | चिन्तन | नारायण |
| | अहंकार | अभिमान | रुद्र |
| | तम(माया) | विकार | ईश्वर |

નોંધઃ(१) - સામાન્ય રીતે બુધ્ધિના દેવતા તરીકે સૂર્યને દર્શાવાતો હોય છે, છતાં બ્રહ્માને બુધ્ધિનો દેવતા માનવામાં પરસ્પર વિરોધ નથી, કારણકે શાસ્ત્રોના અવલોકન પરથી એવું જણાયું છે કે પુરાણોમાં જેને બ્રહ્મા કહેવાયા છે, તેને જ વેદોમાં સૂર્ય તરીકે ઓળખાવાયા છે.

## તમ અને ઈશ્વરઃ

તમ અધ્યાત્મ છે, વિકાર અધિભૂત છે તથા ઈશ્વર અધિદેવ છે. એ નિશ્ચિત જ છે કે તમ (માયા) કે પ્રકૃતિ દરેક ક્ષણે બદલાતી જ રહે છે (પરિણામિની છે). માટે જ એ બદલાવ અથવા વિકાર અધિભૂત લેખાય છે. પરંતુ ***કોઈ પણ વિકાર ત્યાં સુધી સિદ્ધ ન થઈ શકે, જ્યાં સુધી એનો આધાર નિર્વિકાર ન હોય.*** જે રીતે કોઈ પણ ઘરેણું ત્યાં સુધી ન તો બની શકે કે ન ભાંગી શકે, જ્યાં સુધી એમાં કોઈ ધાતુ – સોનું-ચાંદી વિ. – ન હોય. તે રીતે જ ઈશ્વરરૂપી નિર્વિકાર અધિદેવ વિના માયાનો વિકાર પણ સિદ્ધ ન થઈ શકે.

## પ્રાકૃત જગત નિયમ બદ્ધ છેઃ

બીજી અગત્યની વાત એ છે કે પ્રકૃતિના જે પણ વિકારો કે ક્રિયાઓ છે, એમાં એક ચોક્કસ નિયમ હોય છે. એ નિયમને આધારે જ સંપૂર્ણ વૈજ્ઞાનિક ઉન્નતિઓ થતી હોય છે. જો એ વ્યવસ્થિત અને નિયમબદ્ધ ન હોય તો ભૌતિક વિજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત ટકી જ ન શકે. કોઈ પણ વસ્તુમાં નિયમ (સિદ્ધાંત), નિયામક વગર સિદ્ધ નહીં થઈ શકે. તેથી જ ઈશ્વરરૂપી નિયામક વગર આધિભૌતિક જગતના નિયમો સિદ્ધ નહીં થઈ શકે, એ જ કારણે દરેક આધિભૌતિક નિયમ માટે આધિદૈવિક ઈશ્વર દર્શાવવામાં આવ્યો છે. ઈશ્વર શબ્દ પણ અનુશાસનકર્તા અથવા નિયામકનો બોધ જ કરાવે છે.

## ઈશ્વર નિર્વિકાર છેઃ

ઈશ્વર નિયામક હોવા છતાં પણ નિર્વિકાર છે. જે રીતે ઉપર જણાવી ચૂક્યા છીએ, એનું નિયામકત્વ એના અસ્તિત્વ માત્રને કારણે જ છે. જે રીતે શ્રુતિ પણ સંકેત આપે છેઃ-

“भीषास्माद्वातः पवते, भीषोदेति सूर्यः।
भीषास्मादग्निश्चेन्द्रश्च, मृत्युर्धावति पंचम इति ।।”
(तै० - २-८-१)

એ પરમાત્માના ભયથી, એટલે કે રાજાની જેમ – કેવળ અસ્તિત્વથી જ વાયુ, સૂર્ય, અગ્નિ, ઇન્દ્ર અને મૃત્યુ (પાંચે) પણ પોત-પોતાના કાર્યમાં રોકાએલા રહે છે. તાત્પર્ય એ છે કે ઈશ્વરની સત્તા માત્રથી જ વાયુ આદિ બધી જ શક્તિઓ પોત-પોતાના નિયમોમાં રહીને કાર્ય કરે છે.

આ રીતે દેવતાઓના અનુગ્રહ પ્રાપ્ત કરેલ બાહ્ય અને અન્તઃકરણ વડે પોત-પોતાના વિષયોનું જે જ્ઞાન થાય છે, એને જાગૃત અવસ્થાનું જ્ઞાન કહેવાય છે.

विश्व - “त दुभयाभिमान्यात्मा विश्वः”

ઉપરોક્ત જાગૃત અવસ્થા તેમ જ સ્થૂળ શરીરના અભિમાની (ધારણ કરનાર)ને વિશ્વ કહેવાય છે.

## મનુષ્ય સિવાય અન્ય કોઈ શાસ્ત્રનો અધિકારી (શીખવાને પાત્ર) નથીઃ

અહીં જે જાગૃત અવસ્થાની વાત છે, તે મનુષ્ય-પ્રાણીની જાગૃત અવસ્થા છે. કેવળ મનુષ્ય શરીરમાં જ બાહ્યકરણ તેમ જ અન્તઃકરણ, એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તેમ જ જ્ઞાનેન્દ્રિઓ તથા કર્મેન્દ્રિઓનો પૂર્ણ વિકાસ થાય છે. કેવળ મનુષ્ય જ  શાસ્ત્રોનો અધિકારી છે. બીજા જે  સ્થાવરાદિ યોનીમાં છે, તેમને માટે વેદાદિ શાસ્ત્રોનું પ્રાગટ્ય નથી. તેઓ પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકતા નથી. તેમનામાં અન્તઃકરણ તેમ જ બાહ્યકરણ પૂર્ણપણે વિકસિત નથી હોતું. જેમ ઉપર દર્શાવાયુ છે કે આ અન્તઃકરણ અને બાહ્યકરણ પરસ્પર (એક બીજા પર) આધારિત છે, તેમ જ એ સ્થૂળ શરીરના દાયરાઓ વિના કાર્યક્ષમ થઈ નથી શકતા, પશુ-પક્ષી આદિ યોનિઓમાં કેટલાકના શરીરોમાં ઇન્દ્રિયોના દાયરા હોતા જ નથી. કેટલાકમાં એક, કેટલાકમાં બે, ત્રણ કે ચાર સુધી હોય છે. કોઈ કોઈમાં પાંચ દાયરાઓ પણ હોય છે. પરંતુ એનાથી

(એ દાયરાઓથી) તેઓ બાહ્ય વિષયોને પૂર્ણ પણે ગ્રહણ કરી શકતા નથી. પરંતુ તેમના અન્તઃકરણમાં ‘હું છું, મારે જીવવું છે’ એવી વિશેષ અહંવૃત્તિ કાર્ય કરતી હોય છે. એ જ કારણ છે કે એમનો વ્યવહાર દેહ નિર્વાહ માટે જ હોય છે અને તદાત્મક (એવી જ અન્ય) પ્રવૃત્તિઓમાં કેન્દ્રિત હોય છે. એટલે કે જીવવા માટે ***આહાર*** મેળવવો, થાકી જાય ત્યારે આરામ કરવો (***નિદ્રા*** લેવી), શરીર નાશનો (મૃત્યુનો) ***ભય*** દેખાય ત્યારે તેનો સામનો કરવો અને કામવાસનાવશ (***મૈથુન***) સંતાન પેદા કરવા.

## કોષોનો ક્રમિક વિકાસઃ

વૃક્ષાદિમાં કેવળ અન્નમયકોશની જ પ્રધાનતા છે – બાકીના કોશ મોટે ભાગે સુષુપ્ત છે. સર્પાદિ યોનિઓમાં અન્નમય અને પ્રાણમય એ બેની પ્રધાનતા છે; બાકીના કોશો પૂરતા વિકસ્યા નથી. એવી જ રીતે પશુ-પક્ષી યોનિઓમાં અન્નમય-પ્રાણમયની સાથે મનોમય તેમજ વિજ્ઞાનમયનો પણ સહેજ વિકાસ થયો છે. પરંતુ પાંચે કોશો (આનંદમય સાથે)નો પૂર્ણ વિકાસ તો કેવળ મનુષ્ય શરીરમાં જ થાય છે.

## માનવ શરીરની શ્રેષ્ઠતા અને સફળતાઃ

મનુષ્ય યોનિને જ શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

“सृष्ट्वा पुराणि विविधान्यजयाऽऽत्मशक्त्या वृक्षान् सरीसृपपशून् खगदंशमत्स्यान्।
तैस्तैरतुष्टहृदयः पुरुषं विधाय ब्रह्मावलोकधिषणं मुदमाप देवः।।”

(भागवत-११-९-२८)

ભગવાને પોતાની અચિન્ત્ય શક્તિ-માયા વડે વૃક્ષ-સરીસૃપ, પશુ-પક્ષી, મચ્છર અને માછલીઓ ઈ. અનેક પ્રકારની યોનિઓ રચી, પરંતુ એ બધાથી એમને સંતોષ ન થયો. ત્યારે તેમણે મનુષ્ય દેહનું સર્જન કર્યું. એનામાં એવી બુદ્ધિ મુકી જેના વડે એને બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ શકે. એની રચના કરી એ ખૂબ જ આનંદિત થયો. અથવા એવું સમજો કે વિધાતાએ એક મહાન પ્રયોગ કર્યો, જેની શરુઆત વૃક્ષથી કરી અને તે મનુષ્ય સુધી પહોંચી સફળ થઈ. આ માનવ શરીરમાં જ બધી ઈન્દ્રિયો અને અન્તઃકરણનો પૂર્ણ રૂપે વિકાસ શક્ય હતો, તેથી આ કુશળ કલાકાર જે તત્ત્વો મુકવા માંગતો હતો, તે એ માનવ શરીરમાં મુકી શક્યો. અને તે તત્ત્વ વિશેષ હતું, માનવીની મનન કરવાની શક્તિ – પ્રજ્ઞાશક્તિ. અન્ય જીવોમાં પોતાના સર્જકને જાણવાની શક્તિ ન હતી, તેથી જ એણે કાર્યો દ્વારા સર્જનહારની શક્તિ તેમજ સ્થિતિને જાણવાના ઉદ્દેશ થી જ ***આ વિશેષ*** જીવધારીનું નિર્માણ કર્યું. ***આથી સિદ્ધ થાય છે કે મનુષ્યના નિર્માણનો મુખ્ય ઉદ્દેશ પોતાના સર્જનહાર વિશેનું પૂર્ણ જ્ઞાન મેળવવાનો જ છે.*** એને જ અન્ય શબ્દોમાં બ્રહ્મ-સાક્ષાત્કાર, અપરોક્ષ અનુભૂતિ તેમજ આત્મજ્ઞાન કહેવામાં આવે છે. જેને પ્રાપ્ત કરી મનુષ્ય પૂર્ણ શાંતિ અને અખંડ આનંદનો અનુભવ કરે છે.

## માનવીની પૂર્ણતા ઋષિ ભાવમાં રહેલી છેઃ

જણાય એવું છે કે મનુષ્ય યોનિ, જેને બનાવીને બ્રહ્મા ખૂબ આનંદિત થયા, જેને માનવી, ચોર્યાસી લાખ યોનિઓમાં ભટક્યા બાદ પ્રાપ્ત કરે છે, તેમાં એ પશુ-પક્ષીઓથી પણ વધુ દુઃખી, વ્યગ્ર અને અશાંત છે. એનું કારણ એવું છે કે ચોર્યાસી લાખ યોનીમાં ભટકતા ભટકતા એનો અધ્યાસ વધુ દૃઢ થઈ જાય છે. અને એ આનંદને દરેક ક્ષણે પરિણામી ભૌતિક વિષયોમાંથી પ્રાપ્ત કરવા માટે પોતાની બધી જ પ્રજ્ઞા શક્તિને ખર્ચી નાખે છે. અને છતાં આનંદને વસ્તુતઃ (સાચા અર્થમાં) પ્રાપ્ત નથી કરી શકતો. જ્યારે એ ચારે બાજુ થી નિરાશ થઈ જાય છે, ત્યારે હારીને એ ગુરુને શરણે જાય છે અને શાસ્ત્રોના અધ્યયન-મનન દ્વારા જન્મ-જન્માતરો વિત્યે, પાંચ હેતુઓ (જન્મ, ઔષધિ, મન્ત્ર, તપ અને સમાધિ) માં ના કોઈ પણ  હેતુઓ વડે પોતાની પ્રજ્ઞાશક્તિનો વિશેષ વિકાસ કરે છે, જે સામાન્ય મનુષ્યની દૃષ્ટિમાં સિદ્ધિ લેખાય છે. જેને સામાન્ય માનવિ અતીન્દ્રિય કહે છે, તે ઋષિ માટે સેન્દ્રિય હોય છે. એટલે કે સામાન્ય માનવી, દેશ, કાળ

અને વસ્તુના સંદર્ભે આ સંસારના વિષયોને સમજી નથી શકતો, પણ એક ઋષિ સર્વત્ર, સર્વકાળે અને બધી જ વસ્તુઓને બરાબર જાણે છે. એ વિશ્વના તત્ત્વને યથાર્થ રૂપે જાણે છે – એનામાં જ્ઞાનની પૂર્ણતા હોય છે. ઋષિનું જ્ઞાન કદી ભ્રમભર્યું નથી હોતું. એ સર્વજ્ઞ ઈશ્વર સાથે એક હોય છે. એનો ભાવાર્થ એ છે કે ઋષિ-પદમાં જ માનવીના બાહ્ય તેમ જ અંતઃકરણનો પૂર્ણ વિકાસ થાય છે; અને ત્યારે જ તે આત્મદર્શન કરી શકે છે.

## ઋષિને વ્યષ્ટિ-સમષ્ટિનો ભેદ-ભ્રમ નથીઃ

માનવી, ઋષિ ભાવને પ્રાપ્ત કરી, એટલે કે પ્રજ્ઞાના પૂર્ણ વિકાસ દ્વારા વ્યષ્ટિ-સમષ્ટિના ભેદ-ભ્રમથી છૂટકારો મેળવી, જ્યાં સુધી આત્મસાક્ષાત્કાર નથી કરી લેતો, ત્યાં સુધી સામાન્ય માનવીની સ્થિતિમાં રહીને, ઉપર જણાવેલ જાગૃત અવસ્થા અને વ્યષ્ટિ સ્થૂળ શરીરમાં જ અભિમાન (વિશ્વાસ) રાખીને વિશ્વ તરીકે ઓળખાય છે. વાસ્તવમાં તો આ વ્યષ્ટિ અભિમાની વિશ્વ, વિરાટથી અલાયદું નથી. એ વાતને સૂચવવા માટે જ એને સમષ્ટિવાચક એવું વિશ્વ નામ આપવામાં આવ્યું છે. વાત એવી છે કે આત્માનો ભેદ ઉપાધિ વડે દર્શાવાય છે. જ્યારે ઉપાધિઓ જુદી જુદી હોય છે ત્યારે જે તે ઉપાધિના વિશેષણો પણ જુદા જુદા હોય છે. જેવી રીતે આકાશ એક છે પરંતુ ઘટરૂપી ઉપાધિથી ઘટાકાશ અને મઠરૂપી ઉપાધિથી મઠાકાશ કહેવાય છે. એવી જ રીતે વ્યષ્ટિ સ્થૂળ શરીર ઉપાધિ વાળાને વિશ્વ અને સમષ્ટિ સ્થૂળ શરીર ઉપાધિ વાળાને વિરાટ કહે છે. પરંતુ જે સમષ્ટિ-વ્યષ્ટિના ભેદ થી વિરાટ અને વિશ્વનો ભેદ છે; તે સમષ્ટિ-વ્યષ્ટિનો ભેદ જ કલ્પિત છે, વાસ્તવિક નથી. જે રીતે પાણીની દૃષ્ટિએ જોઈએ તો સમુદ્ર અને તરંગમાં કોઈ ભેદ નથી, બન્ને પાણી જ તો છે. એવી જ રીતે સ્થૂળ પઞ્ચભૂતની દૃષ્ટિએ વ્યષ્ટિ સ્થૂળ શરીર અને સમષ્ટિ સ્થૂળ શરીર બન્નેમાં ભેદ નથી. બન્ને માત્ર સ્થૂળ પઞ્ચભૂત જ તો છે.

## ભ્રમનું કારણ અજ્ઞાનઃ

ભ્રમની ઉત્પત્તિ સ્વરૂપના અજ્ઞાનને કારણે થાય છે. આ અજ્ઞાનને લીધે જ મિથ્યા જગતને સત્ય માનીને, સ્વયંને, જે મિથ્યા જગતનો એક અંશ અને અનાત્મ શરીર છે, તેને 'હું' માની લે છે.

## જાગ્રત પુરુષ તથા જાગ્રત દૃષ્ટાઃ

આને ભ્રમ એટલા માટે કહેવાય છે કારણ કે જાગ્રત અવસ્થાની સમષ્ટિ અને વ્યષ્ટિની સ્થિતિ, સ્વપ્નની સમષ્ટિ-વ્યષ્ટિ જેવી જ છે. જે રીતે સંપૂર્ણ સ્વપ્નની સૃષ્ટિને સ્વપ્ન જોનાર દર્શાવે છે અને એ સ્વપ્ન કલ્પિત (માયા પ્રેરીત અન્તઃકરણ) એવો સ્વપ્ન પુરુષ પોતાના શરીરીને 'હું' અને 'મારું' કરીને જ ઓળખે છે. એવી જ રીતે જાગ્રતની સંપૂર્ણ (સમષ્ટિ) સૃષ્ટિને જાગ્રત દૃષ્ટા જુએ છે અને એ જ માયા કલ્પિત અન્તઃકરણ ખાસ બનીને જાગ્રતના સ્થૂળ શરીર ને 'હું' અને 'મારું' માનીને જાગ્રત પુરુષ અર્થાત વિશ્વ કહેવાય છે. તાત્પર્ય એ છે કે સમષ્ટિનો અધ્યક્ષ વિરાટ અને વ્યષ્ટિ વિશ્વમાં તાત્ત્વિક રીતે કોઈ ફરક નથી, કેવળ ફરકનો ભ્રમ માત્ર છે. તેથી જ વિશ્વ અને વિરાટની એકતાને અનુભવવા માટે તથા ભેદના ભ્રમને દૂર કરવા માટે બન્નેનું અભેદ ચિંતન જ કરવું જોઈએ.

## અકાર વર્ણનનો ઉપસંહારઃ

"एतत्त्रयम् अकारः"

સ્થૂળ શરીર, જાગ્રત્ અવસ્થા અને વિશ્વ આ ત્રણે ૐકારની પ્રથમ માત્રા अकार છે. (अ उ म)

આપણે શરૂઆતમાં જ જોયું કે ૐકારનું નિરૂપણ જ પ્રણવ બોધ છે. ૐકારની ત્રણ માત્રાઓ હોય છેઃ- अकार, उकार અને मकार. અત્યાર સુધીમાં સ્થૂળ શરીર (વિરાટ), જાગ્રત્ અવસ્થા તેમજ આ બન્નેના અભિમાની વિશ્વને દર્શાવી હવે એ જણાવીએ છીએ કે આ ત્રણેને ૐકારની પહેલી માત્રા 'अकार' સમજવી જોઈએ. આ ત્રણેને એક સાથે 'अकार' કહેવાનું

તાત્પર્ય એ છે કે આ ત્રણેનો એક બીજા સાથે સંબંધ છે તેમ જ એમની સિદ્ધિ પણ પરસ્પર જ થાય છે. એમને પ્રથમ માત્રા 'अकार' કહેવાનું કારણ એ છે કે સર્વ પ્રથમ આ ત્રણે જ સિદ્ધ થાય છે. 'अकार' સંપૂર્ણ વર્ણમાળામાં પણ પ્રથમ તેમજ સર્વ વ્યાપ્ત છે, આ ત્રણે સ્થૂળ ચરાચરમાં પણ વ્યાપ્ત છે. અહીં ભાવ એ છે કે ૐકાર વ્યાખ્યાનના પ્રસંગે અત્યાર સુધીમાં ૐકારની પ્રથમ માત્રા 'अकार'ની વ્યાખ્યા આ રૂપમાં કરવામાં આવી છે – સંપૂર્ણ સ્થૂળ જગત, જાગ્રત્ અવસ્થા અને એ બન્નેનું અભિમાની વિશ્વ આ ત્રણે 'अकार' રૂપ છે.

।। અહીં 'अकार'ની વ્યાખ્યા પૂર્ણ થઈ।।

# પ્રકરણ: ૨. ઉકાર માત્રા

## સૂક્ષ્મ શરીરનો ઉપક્રમ

જે શરીરીને કારણે, આ પઞ્ચીકૃત પઞ્ચમહાભૂતોના પચ્ચીસ તત્ત્વોથી બનેલું અનાત્મ સ્થૂળ શરીર, પોતાને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી, સ્થૂળ-કૃશ, સ્યામ-ગૌર, બાળ-યુવા, વૃદ્ધ માને છે; પિતા-પુત્ર, ભાઈ આદિ જેવા સંબંધ રાખે છે; પોતાને સુખ આપનારને મિત્ર અને દુઃખ આપનારને શત્રુ માનીને, રાગ-દ્વેષને વશીભૂત થઈ કર્મમાં પ્રવૃત્ત રહે છે; અને જે શરીરના આધારે આ સ્થૂળ શરીર ટક્યું છે; જેના ચાલ્યા જવાથી એના બધાજ સંબંધો સમાપ્ત થઈ જાય છે અને આ સ્થૂળ શરીરને તુરંન્ત બાળી, દફનાવી કે જળમાં વહાવી દેવામાં આવે છે, તે શરીરને સૂક્ષ્મ શરીર તરીકે ઓળખવામાં આવે છે. તેની ઉત્પત્તિનું પ્રકાર વર્ણન હવે કરીએ છીએઃ-

“अपञ्चीकृतपञ्चमहाभूतानि पञ्चतन्मात्राणि तत्-कार्य च
पञ्चप्राणाः दशेन्द्रियाणि मनोबुद्धिश्चेति सप्तदशकं
लिङ्गं भौतिकं हिरण्यगर्भ इत्युच्यते”।

અપઞ્ચીકૃત એટલે કે સૂક્ષ્મ પઞ્ચમહાભૂત (તેમજ તેના કાર્યોનું વર્ણન કરાયું છે), એટલે કે આકાશ-શબ્દતન્માત્રા, વાયુ-સ્પર્શતન્માત્રા, તેજ-રૂપતન્માત્રા, જલ-રસતન્માત્રા તેમ જ પૃથ્વી- ગંધતન્માત્રા છે.

## હિરણ્યગર્ભઃ

ઉપરના સૂક્ષ્મ પઞ્ચમહાભૂતો વડે તપેલા, સ્વર્ણ જેવા દેદીપ્યમાન આર્ષપ્રત્યક્ષ સૂક્ષ્મ બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે. આ બ્રહ્માંડના અન્તર્ગત અનન્ત જીવોની અવ્યક્ત વાસનાઓથી યુક્ત હિરણ્યગર્ભની એકસાથે જ વિજળીના ચમકારાની જેમ અભિવ્યક્તિ થાય છે. એને હિરણ્યગર્ભ એટલા માટે કહેવામાં આવે છે, કારણ કે, આ હિરણ્યગર્ભ, એટલે કે પઞ્ચમહાભૂતોનો સ્વર્ણમય બૃહદ અણ્ડ (બ્રહ્માંડ) જ એનો ગર્ભ અર્થાત ઉત્પત્તિ સ્થાન છે. હિરણ્યગર્ભ બ્રહ્મા છે. કારણ એ જ સ્થૂળ ચરાચરનું કારણ છે. બ્રહ્માની ઉત્પત્તિનું સ્થાન હોવાને કારણે સૂક્ષ્મભૂતોના અણ્ડને બ્રહ્માંડ કહેવાય છે કારણ કે સ્થૂળ એ (બ્રહ્મા) દ્વારા ઉત્પન્ન થાય છે. જેમ કે મનુસ્મૃતિમાં કહેવાયું છેઃ-

“ तदण्डमभवत् हैमं सहस्रांशुसमप्रभम् ।
तस्मिन् जज्ञे स्वयं ब्रह्मा सर्वलोकपितामहः ।।”

એટલે કે એ પરમેશ્વરમાંથી સૂર્ય સમાન પ્રકાશવાળું સ્વર્ણમય બ્રહ્માણ્ડ ઉત્પન્ન થયું. સમ્પૂર્ણ સ્થૂળ બ્રહ્માણ્ડ ચરાચરના પરમપિતા સ્વયં બ્રહ્મા એમાંથી જ ઉત્પન્ન થયા.

તાત્પર્ય એવું છે કે પ્રથમ ઈશ્વરમાંથી સૂક્ષ્મભૂતો ઉત્પન્ન થાય છે અને સૂક્ષ્મભૂતોમાંથી હિરણ્યગર્ભ ઉત્પન્ન થાય છે. કારણ કે અગણિત સૂક્ષ્મશરીરોની વાસનામય-સમષ્ટે જ હિરણ્યગર્ભ કહેવામાં આવે છે અને સૂક્ષ્મ શરીર (પઞ્ચપ્રાણ, પઞ્ચજ્ઞાનેન્દ્રિઓ, પઞ્ચકર્મેન્દ્રિઓ તેમજ અન્તઃકરણ-મન અને બુદ્ધિ)ની ઉત્પત્તિ સૂક્ષ્મભૂતોમાંથી થઈ છે.

## વાસનાઓ અનન્ત છેઃ

વાસનાઓ અનન્ત પ્રકારની હોય છે. એ અનન્ત પ્રકારની વાસનાઓમાંથી લગભગ એક એક પ્રકારની વાસનાઓ વાળા અનન્ત જીવો હોય છે. આવી વાસનાઓ વાળા લગભગ દરેક જીવની અનન્ત કલ્પોની સંચિત એવી અનન્ત વાસનાઓ સમયે સમયે પ્રગટ થતી રહે છે, અને એ પ્રગટ વાસનાઓમાંથી અનન્ત નવી વાસનાઓનો જન્મ પણ થતો રહે છે. ખાસ કરીને મનુષ્ય યોનિ જ નવી વાસનાઓની વૃદ્ધિ કરતી રહે છે.

## મનુષ્ય શરીર જ કર્મયોનિ છેઃ

મનુષ્ય શરીર જ કર્મયોનિ છે કારણ કે અન્ય યોનીઓ તો કેવળ ભોગ યોની જ છે. ભલેને પછી તે પશુ-પક્ષીની યોનિ હોય કે દેવતાઓની. માત્ર માનવ યોનિને જ કર્મ યોનિ માનવામાં આવે છે. આ યોનિમાં પૂર્વ સંચિત કર્મોના ફળને પરિણામે સુખ-દુઃખ ભોગવતો માનવી નવા કર્મો પણ કરતો જ રહે છે. એનું કારણ એવું છે કે મનુષ્ય યોનિમાં જ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનો પૂર્ણ વિકાસ થાય છે. જે રીતે આપણે અગાઉ જોયું. વાસનાઓના આ રૂપોનો આદિ, અન્ત, મધ્ય, સંખ્યા અથવા દેશ-કાળ કે નિમિત્તનું કોઈ નિશ્ચિત પ્રમાણ નક્કી ન કરી શકાય કે એ આટલા પ્રકારની, આટલી જ છે, કારણ વાસનાઓ તો અનન્ત છે. મુખ્યત્વે વાસનાઓની વિચિત્રતા ગુણોના તારતમ્યને કારણે હોય છે. આમતો દરેક વાસમાઓમાં ત્રણે ગુણો વિદ્યમાન હોય છે. પરંતુ કોઈમાં સત્ત્વગુણ[૧], કોઈમાં રજોગુણ[૨], કોઈમાં તમોગુણ[૩], કોઈમાં સત્ત્વમિશ્રિત રજોગુણ[૪], કોઈમાં રજોમિશ્રિત તમોગુણ[૫], તો કોઈમાં સત્ત્વમિશ્રિત તમોગુણ[૬]ની પ્રધાનતા હોય છે. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે જે તે ગુણોની વિવિધતાને કારણે જ વાસનાઓના પ્રકારમાં ભેદો જણાય છે.(બૃ.વા.સા.।।૬૪।।). કોઈમાં એક ગુણની, કોઈમાં બે ગુણોના, તો કોઈમાં ત્રણે ગુણોની પ્રધાનતા હોય છે.

## વાસનાઓના છ પ્રકારઃ

અનન્ત જીવોની આ અનન્ત વાસનાઓના મુખ્યત્વે છ પ્રકારો શાસ્ત્રોમાં વર્ણવાયા છે જે યજુર્વેદિય બૃહદારણ્યકોપનિષદના નીચે જણાવેલ મંત્રથી સ્પષ્ટ થીય છેઃ-

“तस्य हैतस्य पुरुषस्यरूपं,
यथा महारजनं वासो यथा पांड्वाविकं यथेन्द्रगोपो,
यथाग्नचिर्यथा पुण्डरीकं यथा सकृद्विद्युत्तम् ।”
(बृ० २-३-६)

ઉપરોક્ત શ્રુતિના આધારે શ્રી વિદ્યારણ્ય સ્વામીએ પોતાના *‘બૃહદારણ્યક વાર્તિકસાર’*માં નીચે મુજબ વાસનાઓ અર્થાત મનના સ્વરૂપોનું વર્ણન કર્યું છેઃ-

हारिद्रं वसनं यद्वत्संसर्गात्पीततां व्रजेत् ।
तद्वन्नार्यादिसंसर्गाल्लिङ्गं रागादिमद्भवेत् ।।५८।।

ईषत्पाण्डुश्च पुरुषः स्यात् स्वतः श्वेतकम्बलः ।
तथेषच्छ्द्धया युक्तं स्वतो रागादिभागपि ।।५९।।

इन्द्रगोपोऽतिरक्तः यात्स्वत एव तथा मनः।
विविक्तदेशस्थस्यापि विषयप्रवणं क्वचित् ।।६०।।

अग्नेरर्चिर्यथाभास्वद्दहत्यपि तथा क्वचित् ।
वेदशास्त्रविदप्यन्यन् बाधेर्ष्याद्युपद्रवैः ।।६१।।

सिताम्भोजं यथा सौम्यं सुगन्धि मृदु च स्वतः।
जन्मनैव तथाचित्तं युक्तं शमदमादिभिः ।।६२।।

तीव्रविद्युद्यथाऽ त्यन्तं घनध्वान्तापनोदकृत्।
तथा हिरण्यगर्भस्य सर्वथा वासना भवेत् ।।६३।।

तमुपासीन आप्नोति श्रियमत्यन्तमूर्जिताम् ।
रजःसत्त्वतमोयोगात् वासनानां विचित्रता ।।६४।।

## ૧. રજોમિશ્રિત સત્વગુણ પ્રધાન મન (બૃ.વા.સા.।।૫૮।।)

મનના પહેલા પ્રકારની સમજ આ રીતે આપવામાં આવી છે. જે રીતે હળદથી રંગવામાં આવેલું વસ્ત્ર, રંગાવા અગાઉ સફેદ હતું, પરંતુ હળદ સાથે સંબંધ બંધાતા પીળું થઈ ગયું. એવી જ રીતે માનવીનું મન સ્વભાવથી તો શુદ્ધ જ હોય છે, પરંતુ વિષયો સાથે સંપર્કમા આવવાથી અને હમેશ તેમાંજ રચ્યા-પચ્યા રહેવાથી તેમા જ તલ્લીન થઈ જાય છે, એટલે કે રંગાઈ જાય છે, રાગ યુક્ત બની જાય છે.

જે રીતે ઋષિ વિશ્વામિત્ર જે પોતાના તપોબળથી બ્રહ્મર્ષિપદને પ્રાપ્ત કરી ચૂક્યા હતા, છતાં જ્યારે એમને અપ્સરા મેનકાનો ભેટો થઈ ગયો ત્યારે તેઓ તેના પર આસક્ત થઈ ગયા. તેવી જ કથા છે ઋષિ સૌભારીની છે, તેઓ એક મહાન તપસ્વી તેમ જ શુદ્ધાન્તઃકરણ અને સિદ્ધિ પ્રાપ્ત ઋષિ હતા. આટલું હોવા છતાં એક વાર જ્યારે એમણે જલચરોને વિષયક્રિડા કરતાં જોયાં, તો એમના મનમાં પણ સુપ્ત વિષય-વાસના જાગી ઉઠી. તેઓ એવું કરવા આતુર થઈ ઉઠ્યા. પરિણામે પોતાના સિદ્ધિબળથી આકર્ષક યુવાવસ્થા અને લાવણ્ય કરી એક બે નહીં પરંતુ પચાસ રાજકુમારિઓનું પાણીગ્રહણ કર્યું અને વિષયક્રિડામાં અટવાઈ ગયા. ***આ રજોમિશ્રિત સત્વગુણ પ્રધાન મનનું ઉદાહરણ છે.***

## ૨. રજઃ સત્વમિશ્રિત ઉભય પ્રધાન મન (બૃ.વા.સા.।।૫૯।।)

મનનો બીજો પ્રકાર અહીં સમજાવાયો છે -  જે રીતે ઘેટાંના ઊનમાંથી બનાવેલો સામાન્ય સફેદ ધાબળો થોડો ખરબચડો અને ઝાંખો ને પીળાશ પડતો હોય છે, તેવી જ રીતે કેટલાક લોકોનું મન સ્વયં શ્રદ્ધાયુક્ત હોવા છતાં થોડું રાગાત્મક હોય છે, એટલે કે દૈવી ગુણોવાળું હોવા છતાં પણ રાગાદિ દોષયુક્ત પણ હોય છે. જેવું સુગ્રીવના જીવન પરથી જણાય છે. શ્રી હનુમાનજીની કૃપા અને સમ્પર્કથી એમના જીવનમાં શ્રદ્ધાદિ સાત્ત્વિક ગુણો વિદ્યમાન હતા. જ્યારે તઓ ઋષ્યમૂક પર્વત પર રહેતા હતા, ત્યારે એમનું જીવન એક તપસ્વી જેવું ખુબ જ સાત્ત્વિક હતું. તેમ છતાં એમના હૃદયમાં સ્ત્રી અને સમ્પતિ વિશે છૂપી લાલસાઓ જરૂર હતી. જ્યારે ભગવાન રામની કૃપાથી એમને પોતાની સમ્પતિ ફરી મળી ગઈ, તો એ સાંસારિક રાગ-રંગમાં એટલા આસક્ત થઈ ગયા કે ભગવાન રામ સમક્ષ તેમણે કરેલી પ્રતિજ્ઞા પણ ભૂલી ગયા, અને શ્રી લક્ષ્મણે એમને જઈને સાવધાન કરવા પડ્યા તેમજ ચેતવણી આપવી પડી. ત્યારે તેમણે પોતાની નબળાઈઓ થી પરવશ થયાનું કબુલ્યું અને ફરી સાત્ત્વિક ભાવ મેળવી લીધો. ***આ રજઃસત્વમિશ્રિત ઉભય પ્રધાન મનનું ઉદાહરણ છે.***

## 3. તમોગુણમિશ્રિત રજોગુણ પ્રધાન મન (બૃ.વા.સા.।।૬૦।।)

મનનો ત્રીજો પ્રકાર અહીં સમજાવવામાં આવ્યો છે. જે રીતે ઈન્દ્રગોપ નામનું એક જુવડું રંગે અને સ્વભાવે જ અત્યન્ત લાલ હોય છે, એવી જ રીતે કેટલાકના મન એટલા બધા તો વિષયોથી ભરેલા હોય છે કે, એવા એકાન્ત સ્થળે જ્યાં કોઈ પણ વિષયોનો સમ્પર્ક ન હોય ત્યાં રહ્યા રહ્યા પણ તેમનું મન વિષય ચિંતનમાં જ ડૂબેલું રહે છે. વિષયોથી તે કદી મુક્ત થતું જ નથી. એટલે કે છેલ્લા શ્વાસ સુધી તે વિષયોને છોડવા જ નથી માંગતું. એની વાસનાઓ હમેશાં અતૃપ્ત જ રહે છે. જેવી રીતે મહાભારતની રાજા યયાતિની કથામાં આપણે જોઈએ છીએ. રાજા યયાતિને પર્યાપ્ત માત્રામાં ઐશ્વર્ય અને ભોગ મળ્યા હતા. તેઓ જીવન ભર સ્વેચ્છા પૂર્વક ભોગોમાં રત રહ્યા. અન્તે જ્યારે તેઓ અત્યન્ત વૃદ્ધ થઈ ગયા; ઇન્દ્રિયો શિથિલ થઈ ગઈ, ત્યારે યયાતિ જ્ઞાનેન્દ્રિયો તેમજ કર્મેન્દ્રિયો વડે વિષયોને ભોગવવા માટે સર્વથા અસમર્થ હતા; તો પણ એમની આસક્તિ એટલી પ્રબળ હતી કે તેમણે પોતાની અતૃપ્ત વાસનાઓને તૃપ્ત કરવા માટે પોતાના પુત્રની યુવાની પણ લઈ લીધી. ત્યાર બાદ ફરી વૃદ્ધ થએ પણ અતૃપ્ત જ રહ્યા. ***આ તમોગુણમિશ્રિત રજોગુણ પ્રધાન મનનું ઉદાહરણ છે.***

## ૪. ક્વચિત્ તમોગુણમિશ્રિત સત્ત્વગુણ પ્રધાન મન (બૃ.વા.સા.।।૬૧।।)

મનનો ચોથો પ્રકાર સમજાવવા માટે ઉદાહરણ તરીકે, પ્રજ્જ્વલિત અગ્નિ જે રીતે ચમક તેમ જ પ્રકાશયુક્ત હોય છે પરંતુ કોઈ વાર સંપર્કમાં આવતાં દઝાડે પણ છે, એવી જ રીતે કોઈનું મન જ્ઞાન, પ્રકાશયુક્ત તેમ જ તિવ્ર તપોમય હોય છે. આવા મહાન પુરુષો દ્વારા જ્ઞાન તથા પ્રકાશ અને ઈચ્છિત વરદાનની પ્રાપ્તિ થતી હોય છે, પરંતુ તે સાથે તેમના શ્રાપથી કોઈ વાર મહાતાપ અથવા દુઃખ અને સંકટની સ્થિતિ પણ આવી પડે છે. જે રીતે દુર્વાસા મહર્ષિના જીવનની એનેક ઘટનાઓથી સ્પષ્ટ થાય છે કે એમના મનની સ્થિતિ પણ કાંઈક આવી જ હતી.

એકવારની ઘટનામાં કે તેઓ કણ્વ ઋષિને આશ્રમે પહોંચ્યા. ત્યાં બારણું બંધ હતું. તેમણે ભોજન માટે ‘નારાયણ હરિ’ કર્યું. અંદર શકુંતલા પોતાના પ્રિય દુષ્યન્તના વિચારોમાં ખોવાએલી હતી. એ એટલી બધી તો તલ્લીન હતી કે મહર્ષિ દુર્વાસાએ ઘણી વાર પોકાર્યા બાદ પણ એણે ન સાંભળ્યું. ત્યારે દુર્વાસા થોડા ખિન્ન થયા અને એમણે ધ્યાન ધરીને જોયું તો એમને જણાયું કે શકુંતલાએ પોતાના પ્રિયના વિચારોમાં ખોવાએલી હોવાને કારણે હજી સુધી બારણું ખોલ્યું નથી. દુર્વાસાએ આ વાતને પોતાનું અપમાન માન્યું અને ગુસ્સે થઈ શ્રાપ આપી દીધો કે જેના વિચારોમાં તૂ પોતાની સુધ-બુધ ખોઈ બેઠી છે તે તને ભૂલી જશે. આ પ્રકારનું મન ***ક્વચિત્ તમોગુણમિશ્રિત સત્ત્વગુણ પ્રધાન મન છે.***

## ૫. સત્ત્વગુણ પ્રધાન મન (બૃ.વા.સા.।।૬૨।।)

પાંચમાં પ્રકારના મનની ઉપમા પુણ્ડરીક એટલે કે શ્વેત કમળથી આપવામાં આવે છે. જે રીતે શ્વેત કમળ સુન્દર, સ્વભાવથી સુગન્ધ વાળું અને કોમળ હોય છે; એ રીતે જ કોઈ કોઈના મન જન્મથી જ સમદમાદિ દૈવિક સાત્ત્વિક ગુણોથી સમ્પન્ન હોય છે. જે રીતે શુકદેવજીના જીવનમાં જોવા મળે છે. શ્રી શુકદેવજી જન્મથી જ પૂર્ણ સત્ત્વગુણ સમ્પન્ન, સમ-દમાદિ ગુણો વાળા સિદ્ધ મહાપુરુષ હતા. એમને વિશે કહેવાય છે કે તેઓ કિશોરવસ્થામાં જ પરમાત્માના ધ્યાનમાં મગન થઈ ઘરેથી નિકળી પડ્યા હતા. એમના પિતા પ્રસિદ્ધ મહર્ષિ વ્યાસ, પુત્ર મોહમાં પડીને શ્રી શુકદેવજીને પાછા લાવવા એમની પાછળ દોડ્યા. માર્ગમાં મહર્ષિ વ્યાસે દૂરથી જ જોયું કે શુકદેવજી સામેથી નીકળી ગયા અને નગ્ન સ્નાન કરી રહેલી સ્ત્રીઓએ કોઈ પણ સંકોચ ન કર્યો, અને ન એમના મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર પણ આવ્યો. જ્યારે વ્યાસ પોતે એમની સામેથી જવા લાગ્યા તો એ જ સ્ત્રીઓ પોત-પોતાના શરીરને ઢાંકવા લાગી અને ખુબ જ લજ્જિત થઈ. જ્યારે વ્યાસજીએ જિજ્ઞાસા કરી કે “એવું કેમ!? હું વૃદ્ધ છું, મારા થી શરમાઓ છો અને યુવાનથી તમને જરા શરમ ન આવી!” ત્યારે તે સ્ત્રીઓએ કહ્યું, “ મહારાજ તમારામાં તો સ્ત્રી અને પુરુષનો ભેદ છે, પરન્તુ તમારા પુત્રની દૃષ્ટિ એટલી શુદ્ધ છે કે એના મનમાં પુરુષભાવ અને સ્ત્રીભાવ જ નથી રહ્યા.” ***આ પ્રકારના મનને સત્ત્વપ્રધાન મન કહે છે.***

## ૬. શુદ્ધ સત્ત્વપ્રધાન મન (બૃ.વા.સા.।।૬૩।।)

**છઠ્ઠા પ્રકારનું મન પ્રચણ્ડ વિદ્યુત, એટલે કે, વિજળી જેવું હોય છે. જે રીતે પ્રચણ્ડ વિદ્યુત અચાનક જ સંપૂર્ણ ઘોર અંધકારને સમાપ્ત કરી દે છે; તેવું જ આ મન પણ હોય છે, જે હમેશાં પ્રકાશમાન હોય છે. જેને ઈશ્વરીય અને સર્વપ્રકાશક સર્વજ્ઞ કહેવામાં આવે છે. આવું મન હિરણ્યગર્ભનું હોય છે. એ સમષ્ટિના અધિષ્ઠાતા છે. એમનામાં રાગ-દ્વેષાદિ દોષોનો સર્વથા અભાવ હોય છે. એ કોઈને પોતાનાથી જુદા નથી જોતા, એટલે કે એ બધાને પોતામાં સમાએલા જ ગણે છે.**

**હિરણ્યગર્ભ ભગવાન્ ની ઉપાસના કરનાર વ્યક્તિ, સર્વત્ર એક સાથે ફેલાનારી પ્રજ્ઞાશક્તિ વાળી હોય છે. એનું અન્તઃકરણ વ્યષ્ટિભાવને છોડીને, પેલા સમષ્ટિ પરમેશ્વર સાથે એક થઈ જાય છે. એ સર્વજ્ઞ આર્ષ દૃષ્ટિને પ્રાપ્ત કરે છે. એ પોતાના વિશુદ્ધ ચિત્તમાં જ પ્રતિબિમ્બિત સમ્પૂર્ણ સ્થૂળ-સૂક્ષ્મ પદાર્થોનો અનુભવ કરે છે; જેવું કે યોગવાસિષ્ઠનું કથન છેઃ-**

“अन्तरेवानुभवति सर्वार्थान् प्रतिबिम्बितान्”

**એ જ્યાં પોતાના ચિત્તને કેન્દ્રિત કરે છે, ત્યાં એને ભૂત, ભવિષ્ય તેમ જ વર્તમાન ના બધા ચિત્રોનો સાક્ષાત્કાર થઈ જાય છે. જેવું કે શ્રી વાલ્મીકિ મહર્ષિના જીવનથી સ્પષ્ટ થાય છે. પહેલાં વાલ્મીકિ એક સાધારણ મનુષ્યની કોટિમાં પણ ન**

**હતા, એમની ગણત્રી હીન મનુષ્યોમાં થતી. પરંતુ સત્ પુરુષના સંગને કારણે તેઓ પરમેશ્વરની આરાધનામાં જોડાયા. આ આરાધના સફળ થઈ અને એમને આર્ષ દૃષ્ટિ મળી. એ પ્રસિદ્ધ છે કે આવું ઋષિપદ મેળવીને મહર્ષિ વાલ્મીકિએ ભગવાન રામના પ્રગટ થવાના ઘણાં વર્ષો પહેલાં જ જેવી રીતે કોઈ પ્રત્યક્ષ જોનારો કરે તે રીતે એમના સમ્પૂર્ણ જીવનના વૃત્તાન્તનું વિસ્તારથી વર્ણન કર્યું હતું. આ રીતની અલૌકિક જ્ઞાનશક્તિ વાળું એમનું મન હતું.** *આ પ્રકારનું મન શુદ્ધ સત્વપ્રધાન મન કહેવાય છે.*

## આત્મા સદા શુદ્ધ અને નિર્વિકાર છેઃ

આત્મા સ્વભાવથી શુદ્ધ અને પ્રકૃતિ તેમજ તેના ગુણોથી પર છે. કારણ પોતાના કાર્યો સમેત પ્રકૃતિ એ(આત્મા)માં જ આરોપાએલ છે. આમ જે રીતે દોરડીમાં ધારી લીધેલો સર્પ, દોરડીથી સાવ નિર્લેપ એટલે કે સર્પના દોષોથી રહિત છે, એ દોષો વિનાની છે, તેવી જ રીતે આત્મા સદા શુદ્ધ જ છે અને ગુણાતીત છે.

## આત્મામાં સંસાર ઔપાધિક છેઃ

આત્મામાં જે કોઈ પણ ગુણ-ભેદ-ભાવ તથા વિવિધતાઓ જણાય (ભાસે) છે, તે બધા જ ઉપાધિગત ગુણ-દોષ તેમ જ વિવિધતાઓના આરોપણને કારણે જ હોય છે. આત્માની મુખ્ય ઉપાધી અન્તઃકરણ અથવા મન છે. શાસ્ત્રકારોએ એ (મન કે અન્તઃકરણ) ને ‘વાસના’ શબ્દથી પણ સંબોધ્યા છે. કારણ કે વાસના એટલે કે સંસ્કારોનાં સર્વથા નિવૃત્ત થઈ જતાં, મન અમની ભાવને પ્રાપ્ત થઈને આત્મસ્વરૂપમાં જ સ્થિર થઈ જાય છે. એનો અર્થ મન વાસનામય છે. વાસનાઓના ઘણાં (તારતમ્ય) પ્રકારો હોય છે. શાસ્ત્ર સમ્મત વાસનાઓના કેટલાક પ્રકોરો આપણે અત્યારે જ ઉપર જોયા. જે પ્રકારની વાસના એટલે કે મન હોય છે, આત્માની તેની સાથે એક ‘કલ્પિત’ એકતા સધાય જાય છે, જેને ‘તાદાત્મ્યાધ્યાસ’ કહેવાય છે. આત્માનો જેવા મન સાથે તાદાત્મ્યાધ્યાસ થાય, આત્માનું તેવું જ સ્વરૂપ ભાસવા લાગે છે. મન સાથેની તાદાત્મ્યતાનું કારણ એ છે કે મન જ ચેતનના આભાસ એટલે કે પ્રતિબિંબને ગ્રહણ કરે છે. અને આ પ્રતિબિંબમાં સ્વભાવથી જ ઉપાધિના ધર્મનો આભાસ જોવા મળે છે. જેવી રીતે પાણીથી ભરેલા કટોરામાં ચન્દ્રમાનું પ્રતિબિંબ પડી રહ્યું હોય, તો તે કટોરાનું પાણી હલવાથી હલશે અને કટોરા ને લઈને ચાલીશું તો પ્રતિબિંબ પણ ચાલતું જણાશે. એનું આરોપણ (આરોપ) બિમ્બરૂપી ચન્દ્રમા પર થઈ જાય છે કે જાણે ચન્દ્રમા સ્વયં જ હલી અને ચાલી રહ્યો છે. એવી જ રીતે અન્તઃકરણમાં જે રાગ, ભય, હર્ષ, ક્રોધ જેવી વૃત્તિઓ ઉત્પન્ન થાય છે, ચિદાભાસમાં એનો જ અધ્યાસ થાય છે અને તેનો આરોપ આત્મામાં થઈ જાય છે, જેમ કે હું શાંત છું, હું અશાંત છું, હું દુઃખી છું વિ.. આ પ્રતિબિંબ કે આભાસ, બિંબની સત્તાથી સત્તાવાન્ છે. એ રીતે મનનું જે સ્વરૂપ હોય છે, તે જ આત્માનું રૂપ ભાસવા લાગે છે. આવી સ્થિતિમાં આત્માની સંજ્ઞા (નામ) જીવ થઈ જાય છે.

## જીવનું સ્વરૂપઃ

જીવના સ્વરૂપમાં મુખ્ય ત્રણ વસ્તુઓ છે- અધિષ્ઠાન-ચેતન, મન અને મનમાં ચતનનો આભાસ; એટલે કે આ ત્રણે મળીને જીવ તરીકે ઓળખાય છે. મન સાથે સંપૂર્ણ અન્તઃકરણ, પ્રાણ તેમ જ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો એ બધાનો જ નિત્ય સમ્બદ્ધ રહે છે અને એ બધાનું જૂથ જ મન તરીકે ઓળખાય છે. આ અન્તરબાહ્ય કરણોં નો સરવાળાને જ સૂક્ષ્મશરીર કહેવામાં આવે છે. તાત્પર્ય એ થાય કે (૧)અધિષ્ઠાન ચૈતન્ય, (૨)સૂક્ષ્મશરીરમાં થતો ચિદાભાસ અને (૩)સૂક્ષ્મ-શરીર આ ત્રણેના સમુદાયને જીવ કહેવામાં આવે છે. જે રીતે પંચદશીકાર જમાવે છેઃ-

“चैतन्य यदधिष्ठानं लिङ्गदेहश्च यः पुनः।
चिच्छाया लिङ्गदेहस्था तत्संघो जीव उच्यते।।”

(४-११)

## મન અનુસાર જીવોના રૂપમાં મહાન તારતમ્યઃ (અસંખ્ય પ્રકારો)-

આપણે જોયું કે મનના તારતમ્ય અનુસાર જીવોના સ્વરૂપમાં પણ ફરક જણાતા હોય છે. મનના સ્વરૂપમાં જ એટલા બધાતો પ્રકારો છે કે તે કારણે જીવોના સ્વરૂપોમાં પણ આશ્ચર્યજનક વિવિધતા વાળા પ્રકારો એટલે કે ઉંચ-નીચ ભાવો જોવા મળે છે. અગાઉ જે છ પ્રકારના મન જણાવ્યા, તેમાં હિરણ્યગર્ભનું મન એટલું તો ઉન્નત છે કે એવા સર્વજ્ઞ મન ઉપાધિ વાળો હિરણ્યગર્ભ, સામાન્ય જીવ માટે તો આરાધ્ય તેમજ ઈશ્વર કોટિનો જ હોય છે. કારણ કે સામાન્ય જીવ વ્યષ્ટિ શરીરાદિ ઉપાધિને હું, મારું માનીને અજ્ઞાન-અંધકાર તેમ જ રાગ-દ્વેષના કિચડમાં ફસાઈને પરેશાન અને વ્યગ્ર થઈ રહ્યો છે. હિરણ્યગર્ભનું મન એટલું તો મહાન્ અને સ્વચ્છ છે કે ન તો એ અન્યોને પોતાનાથી ભિન્ન જુએ છે અને ન એનામાં અજ્ઞાનનો કોઈ અંશ પણ જોવા મળે છે. એ પરમાર્થ બોધયુક્ત અને વ્યવહારિક સર્વજ્ઞતાને મેળવી ચૂકેયો છે અને વિશુદ્ધ અને નિર્ભય આત્માનન્દ વડે સ્વયંમાં તૃપ્ત છે.

## (૧)અધિષ્ઠાન ચેતનઃ-

જીવના સ્વરુપમાં જે ત્રણ વસ્તુઓ દર્શાવાય છે, તેમાં અધિષ્ઠાન ચૈતન્ય તો બધાને સત્તા સ્ફૂર્તિ આપનાર પરમાર્થ સત્ય છે. જે રીતે અંધારામાં દર્પણ કોઈ પણ પ્રતિબિંબ પાડી શકતો નથી. સૂર્યાદિના પ્રકાશમાં જ પ્રતિબિંબ પાડી શકે છે, તેવી જ રીતે ચેતન આત્મા વડે પ્રકાશિત થએલું ચિત્ત જ વિષયોને ગ્રહણ કરવાને સમર્થ હોય છે.

## (૨) ચિદાભાસઃ-

ચિદાભાસ એ આત્માની અધિષ્ઠાન ચતનાનો સૂક્ષ્મશરીરમાં જણાતો આભાસ છે. સત્-ચિત્-આનન્દ આત્માનો આભાસ હોવા છતાં એનું ચિદાભાચ સ્વરૂપ, અન્તઃકરણની વૃત્તિઓ (હું નહીં રહું, હું અજ્ઞાની છું, હું દુઃખી થયો આદિ) અનુસાર જ ભાસે છે, અને જ્યાં સુધી અન્તઃકરણ હોય ત્યાં સુધી એ રહે છે. જે રીતે ઘડામાં ભરેલા પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડી રહ્યું છે. એ ઘડાના તૂટી જવાથી પાણી નિરાધાર થઈ વહી જાય છે, અને પ્રતિબિંબ એની મેળે જ ગાયબ થઈને ત્યાં કેવળ બિંબ(?) માત્ર જ રહી જાય છે. એવી જ રીતે જ્ઞાનથી અજ્ઞાન દૂર થતા અન્તઃકરણનો વિલય થવાથી ચિદાભાસ પણ નથી રહેતો, એને ત્યાં કેવળ આત્મા જ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે.

## (3) સૂક્ષ્મ શરીરઃ

સૂક્ષ્મ શરીર અન્તઃબાહ્ય કરણ અને પ્રાણોનો સમુદાય છે. એની ઉત્પત્તિ નીચે જણાવ્યા મુજબ સ્પષ્ટ કરવામાં આવે છે.

સૂક્ષ્મ પઞ્ચમહાભૂતોના સાત્ત્વિકઅંશમાંથી સમષ્ટિ હિરણ્યગર્ભ તેમજ વ્યષ્ટિ જીવોની પાંચ જ્ઞાનેન્દ્રિયો અને અન્તઃકરણ ઉત્પન્ન થાય છે. એના જ રજોગુણ અંશમાંથી પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણની ઉત્પત્તિ થાય છે.એના તમોગુણ અંશમાંથી પાંચ વિષયોની ઉત્પત્તિ થાય છે, જે નીચે દર્શાવેલ કોઠાથી સ્પષ્ટ થાય છેઃ-

## આકાશાદિ પઞ્ચભૂતો વડે અન્તઃકરણ પઞ્ચકાદિકોની ઉત્પત્તિ

| सूक्ष्म पञ्चभूत | १.सात्त्विक अंश | | २.रजोगुण अंश | | ३.तमो-अंश |
|---|---|---|---|---|---|
| | १ | २ | ३ | ४ | ५ |
| | अन्तःकरण | पञ्चज्ञानेन्द्रियाँ | पञ्चप्राण | पञ्चकर्मेन्द्रियाँ | पञ्चविषय |
| १.आकाश | स्फूरण | श्रोत्र | व्यान | वाक् | शब्द |
| २.वायु | मन | त्वचा | समान | पाणि | स्पर्श |
| ३.तेज | बुद्धि | चक्षु | उडान | पाद | रूप |
| ४.जल | चित्त | जिव्हा | प्राण | शिश्न | रस |
| ५.पृथ्वी | अहंकार | घ्राण | अपान | गुदा | गंध |

## સૂક્ષ્મ પઞ્ચભૂતના કાર્યોઃ

**આકાશ-** ૧. સ્ફૂરણ રૂપ અન્તઃકરણ હૃદયાકાશમાં ઉત્પન્ન થાય છે અને ત્યાંજ એનો લય પણ થઈ જાય છે. તેથી જ એને આકાશમાં ઉત્પન્ન થએલું માનવામાં આવે છે. ૨. શ્રોત્રેન્દ્રિય આકાશના ગુણ – શબ્દને ગ્રહણ કરે છે માટે એને આકાશની જ માનવામાં આવી છે. ૩. વ્યાન બધા જ અંગોમાં આકાશની જેમ જ વ્યાપ્ત હોવાને કારણે એને આકાશનો જ માનવામાં આવે છે. ૪. વાગેન્દ્રિય વડે આકાશના ગુણ – શબ્દનું ઉચ્ચારણ થાય છે માટે એને આકાશની જ માનવામાં આવી છે. ૫. શબ્દતો આકાશનો જ ગુણ છે.

**વાયુ-** ૧. મન વાયુની જેન ચંચળ છે; માટે એની ઉત્પત્તિ વાયુ માંથી જ માનવામાં આવે છે. ૨. ત્વગિન્દ્રિયથી વાયુના ગુણ સ્પર્શનું જ્ઞાન થાય છે; માટે એને વાયુની જ માનવામાં આવી છે. ૩. સમાન સ્વયં વાયુરૂપ છે; માટે એની ઉત્પત્તિ વાયુ માંથી જ માનવામાં આવે છે. ૪. હસ્તેન્દ્રિય દ્વારા મુખ્યરૂપે વાયુના ગુણ સ્પર્શની અનુભૂતિ થતી હોવાથી એને વાયુની જ માનવામાં આવે છે. ૫. સ્પર્શતો વાયુનો જ ગુણ છે.

**તેજ-** ૧. બુદ્ધિ પ્રકાશયુક્ત અને તેજોમય છે. માટે એની ઉત્પત્તિ તેજમાંથી જ થએલી માનવામાં આવે છે, ૨. ચક્ષુ-ઈન્દ્રિય તેજના ગુણ રૂપને ગ્રહણ કરે છે. માટે એની ઉત્પત્તિ તેજમાંથીજ થઈ હોય એવું માનવામાં આવે છે. ૩. ઉડાન વાયુ કણ્ઠમાં જ અન્ન-જળનું વિભાજન કરી એને જઠરાગ્નિમાં પહોંચાડે છે માટે એને તેજ અર્થાત અગ્નિનો માનવામાં આવે છે, ૪. પાદાન્દ્રિયમાં વિશેષ ઉષ્ણતા રહે છે ને એ તેજના ગુણ રૂપને જોવા માટે લઈ જાય છે, માટે જ એને તૈજસ માનવામાં આવે છે. ૫. રૂપ એ તેજનો જ ગુણ છે.

**જળ-** ૧. ચિત્ત જળની જેમ જ દ્રવીભૂત થાય છે; માટે એને જળનું જ ગણવામાં આવે છે ૨. રસેન્દ્રિય (જીહ્વેન્દ્રિય) જળના ગુણ રસને ગ્રહણ કરે છે અને સદા આર્દ્ર (ભીની) રહે છે; માટે એ જળની જ છે. ૩. પ્રાણ વાય જળ વિના રહેતી નથી; માટે એ જળની જ છે. ૪. શિશ્નેન્દ્રિય જળનું કાર્ય મૂત્ર તથા વિર્યનો ત્યાગ કરે છે માટે એ જળની જ છે. ૫. રસ જળનો જ તો ગુણ છે.

**પૃથ્વી-** ૧. અહંકાર પૃથ્વીની જેમ ભારી અને જ્ડ છે, માટે એ પૃથી જ છે. ૨. ઘ્રાણેન્દ્રિય પૃથ્વીના ગુણ ગંધને ગ્રહણ કરે છે માટે પૃથ્વીની જ છે. ૩. અપાન વાયુ પૃથ્વી(તત્ત્વ)ના (?) મળ ભાગને ગુદાદ્વારથી બહાર કાઢે છે માટે પૃથ્વીનો જ છે. ૪. ગુદેન્દ્રિય પૃથ્વીના મળ ભાગનો ત્યાગ કરે છે. ૫. ગન્ધ પૃથ્વીનો જ ગુણ છે.

## ૧.સાત્ત્વિક અંશ રૂપે અન્તઃકરણ અને જ્ઞાનેન્દ્રિયોની ઉત્પત્તિઃ

"सत्त्वात् संजायते ज्ञानम्" આ શાસ્ત્ર વચન મુજબ સત્ત્વ ગુણથી જ જ્ઞાન નિપજે છે. અને આ જ્ઞાન ૧. અન્તઃકરણ પંચક અને ૨. પાંચ જ્ઞાનેન્દ્રિયો વડે થાય છે માટે એમની ઉત્પત્તિ સૂક્ષ્મભૂતોના સત્વગુણ અંશથી જ માનવામાં આવે છે.

### ૧. અન્તઃકરણ પંચકઃ

કોઠો તેમજ તેની વ્યાખ્યાઓ વડે અન્તઃકરણની ઉત્પત્તિનું વર્ણન આપણે જોયું. સૂક્ષ્મ પઞ્ચમહાભૂતોના સાત્ત્વિક અંશમાંથી ક્રમશઃ ૧.સ્ફૂરણ, ૨.મન, ૩.બુદ્ધિ, ૪.ચિત્ત અને ૫. અહંકાર, એવી રીતે અન્તઃકરણ પંચકની ઉત્પત્તિ દર્શાવાઈ છે.

૧.સ્ફૂરણઃ સ્ફૂરણ એ અન્તઃકરણનો પ્રથમ ભાવ છે; હૃદયાકાશમાં પ્રગટ થનાર સ્ફૂરણ કામનાનું જ અત્યંત સૂક્ષ્મ રૂપ છે.

૨.મનઃ થએલા સ્ફૂરણ પર જે સંકલ્પ-વિકલ્પ થાય છે; તે સંકલ્પ-વિકલ્પો જ મનનું સ્વરૂપ છે. વાયુમાંથી ઉત્પન્ન થતી હોવાને કારણે મનોમય વૃત્તિઓ ચંચળ હોય છે.

૩.બુદ્ધિઃ સંકલ્પ-વિકલ્પો બાદ અથવા કેવળ સ્ફૂરણ માત્રથી જ જે નિશ્ચયાત્મક વૃત્તિઓ જન્મે છે, તેને જ બુદ્ધિ કહેવામાં આવે છે, અને એ નિશ્ચયાત્મક બુદ્ધિ બે પ્રકારની હોય છેઃ-

૧. પ્રમાણ વૃત્તિ - એટલે કે યથાર્થ જ્ઞાન રૂપ અને

૨. વિપર્યય વૃત્તિ – એટલે કે ભ્રમ જ્ઞાન રૂપ.

આ વૃત્તિઓ જો અનુકૂળ હોય તો સુખ રૂપ અને પ્રતિકૂળ હોય તો દુઃખ રૂપ હોય છે.

દેશ-કાળ, અધિકારી(વસ્તુ)ના ભેદ મુજબ આ અનુકૂળ અને પ્રતિકૂળ વૃત્તિઓ પરિવર્તનશીલ હોય છે.

તેજમાંથી ઉત્પન્ન થવાને કારણે બુદ્ધિવૃત્તિ પ્રકાશરૂપા છે, માટે નિશ્ચયાત્મક હોય છે.

૪.ચિત્તઃ ચિન્તનાત્મક વૃત્તિને ચિત્ત કહેવામાં આવે છે. અહીં ભાવ એવો છે કે ઉપરોક્ત સ્ફૂરણ, સંકલ્પ-વિકલ્પ, તેમ જ નિશ્ચયાત્મક વૃત્તિના ભેગા સંસ્કારોનું સમય-સમયે પ્રગટ થઈ રાગ-દ્વેષ ઈ. પેદા કરતાં, પ્રવાહિત થવું તે જ ચિન્તન છે. આ પ્રવાહ પણ જો અનુકૂળ વૃત્તિરૂપ હોય તો સુખ અને પ્રતિકૂળ વૃત્તિરૂપ હોય તો દુઃખનું કારણ બને છે. આ રીતે ચિત્ત જ સુખ-દુઃખનું કારણ બનતું હોય છે. જળમાંથી પેદા થવાને કારણે ચિત્ત જળની જેમ જ દ્રવીભૂત તથા સંસ્કારોને ગ્રહણ કરી એકઠા કે પ્રગટ કરવાને સમર્થ હોય છે.

૫. અહંકારઃ અહંકાર એ અભિમાનાત્મક વૃત્તિ છે. જેનો અર્થ છે શરીર સાથે, ઈન્દ્રિયો સાથે, ઈન્દ્રિયોની ક્રિયાઓ સાથે અને અન્તઃકરણ સાથે તેમની જે વૃત્તિઓ વડે આત્માની એકતા વર્તાતી હોય એ વૃત્તિઓને જ અહંકાર કહેવામાં આવે છે. જે રીતે શરીર સાથે સરખામણી કરી કહે છે કે હું મનુષ્ય છું, હું ગોરો છું, હું કાળો છું, ઈ. આવી સરખમણીઓ કરી એ હું સુખી છું, હું દુઃખી છું ઈ. માનવા લાગે છે. પૃથ્વીમાંથી ઉત્પન્ન થવેને કારણે અહંકાર વૃત્તિ ભારી તેમજ જડ હોય છે.

### ૨. પાંચ જ્ઞાનેન્દ્રિયોઃ

ઉપર મુજબની પાંચે જ્ઞાનેન્દ્રિયો, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા તેમજ ઘ્રાણ, અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને ગ્રહણ કરે છે. અર્થાત પાચે વિષયોના જ્ઞાન માટેના સાધનો છે. તેથીજ એમને જ્ઞાનેન્દ્રિય કહેવામાં આવે છે.

## ૨.રજોગુણ અંશ રૂપે પ્રાણ અને કર્મેન્દ્રિયોની ઉત્પત્તિઃ

રજોગુણ દ્વારા ક્રિયા થાય છે અને કર્મ પાંચ પ્રાણ તેમ જ પાંચ કર્મેન્દ્રિયો વડે થતું હોય છે, માટે એમની ઉત્પત્તિ સૂક્ષ્મભૂતોના રજોગુણ અંશથી જ માનવામાં આવે છે.

## ૩. પાંચ પ્રાણઃ

પાંચ પ્રાણોના નામ ક્રમશઃ આ મુજબ છેઃ ૧.વ્યાન, ૨.સમાન, ૩.ઉડાન, ૪.પ્રાણ અને ૫.અપાન

**૧.વ્યાનઃ** આ વાયુ સમગ્ર શરીરમાં હોય છે અને શરીરના બધા જ સાંધાઓને વાપરવામાં સહાયક થાય છે.

**૨.સમાનઃ** આ વાયુ નાભિ સ્થાને રહે છે. મનુષ્ય જે અન્ન વિ. ખાય છે તે જઠરાગ્નિ વડે પચીને સ્થૂળ, મધ્યમ અને સૂક્ષ્મ એવા ત્રણ ભાગોમાં વિભાજીત થાય છે. તેમાંથી અન્નનો જે અતિ સૂક્ષ્મ ભાગ હોય છે તે શરીરમાં હૃદયથી ઉપર આવીને મન-બુદ્ધિને પોષણ આપે છે. અન્ન અને જળનો સ્થૂળ ભાગ મળ અને મૂત્ર રૂપે જે અસાર હોય છે, તે ગુદા અને લિઙ્ગ દ્વારા શરીરની બહાર નીકળી જાય છે. બાકી રહેલા અન્ન-જળના મધ્યમ રસ રૂપી ભાગને સમાન વાયુ નાડિયો માર્ફતે આખા શરીરના રોમ-રોમમાં પહોંચાડે છે. આ રસને પરિણામે લોહી, માઁસ ઈ. વડે આખું શરીર પુષ્ટ બને છે. અન્ન-જળનો આ રસ જો આખા શરીરમાં બરાબર ન પહોંચે , તો બધા અવયવો તંદુરસ્ત બનતા નથી. જે રીતે માળી કુવામાં થી પાણી કાઢી નાળિઓ દ્વારા બાગના બધા ફૂલ-ઝાડોને સમાન રૂપે પહોંચાડે છે, જેથી દરેક ફૂલ-ઝાડ લીલાછમ રહે. તેવી જ રીતે આ સમાન વાયુ રૂપી માળી દેહરૂપી બગીચાના અવયવો રૂપી ફૂલ-ઝાડોને અન્ન-જળના રસ રૂપી પાણીને નાડિયો દ્વારા પહોંચાડીને આખા શરીરને પોષણ આપે છે.

**૩.ઉડાનઃ** આ વાયુ કણ્ઠ સ્થાને રહે છે. મનુષ્ય જે અન્ન-જળ ખાય-પીયે છે, તેને એ જુદા પાડે છે. આ વાયુ કણ્ઠમાંની અતિ સૂક્ષ્મ હિતા નાડિ દ્વારા હેડકી લાવવાનું અને સ્વપનો દેખાડવાનું કામ પણ કરે છે.

**૪.પ્રાણઃ** આ વાયુ હૃદય સ્થાને રહે છે અને રાત-દિવસ મળીને ૨૧૬૦૦ શ્વાચ્છોસ્વાસો રૂપી કર્મ કરે છે.

**૫.અપાનઃ** આ વાયુ ગુદા સ્થાને રહે છે અને મળ ત્યાગ કરાવે છે.

## ૪. પાંચ કર્મેન્દ્રિયોઃ

ઉપર મુજબની વાક્, પાણિ, પાદ, શિશ્ન(ઉપસ્થ) અને ગુદા(પાયુ) આ પાંચ કર્મના સાધનો છે માટે તેમને કર્મેન્દ્રિયો કહેવામાં આવે છે. વાક્ થી બોલવું, પાણિ એટલે હાથ વડે પકડવું, પાદ એટલે પગ વડે ચાલવું, ઉપસ્થ અને પાયુ વડે મૂત્ર-મળનો ત્યાગ ઈ. કર્મો થાય છે.

## ૩. તમોગુણ અંશ રૂપે વિષયોની ઉત્પત્તિઃ

પાંચ વિષયો જ્ઞાન વિનાના એટલે કે જડ છે, માટે એમની ઉત્પત્તિ સૂક્ષ્મભૂતોના તમોગુણ અંશથી જ માનવામાં આવે છે.

## ૫. પાંચ વિષયોઃ

ઉપર વર્ણવ્યા પ્રમાણે આપણી પાસે પાંચ વિષયો છે જેમાં આપણે શબ્દ એટલે કે અવાજને કાનો વડે સાંભલીએ છીએ, સ્પર્શનો અનુભવ ચામડી દ્વારા લઈ છીએ, રૂપને આંખો વડે જે છીએ, રસને જીભ વડે માણીએ છીએ અને ગંધને નાક વડે અનુભવીએ છીએ.

## આકાશાદિ તત્ત્વો અનુસાર જ જે તે વૃત્તિઓની પ્રધાનતા હોય છેઃ

ઉપરની વાતોથી એ સ્પષ્ટ થાય છે કે આકાશાદિ તત્ત્વોની પ્રધાનતા અનુસારજ અમુક વૃત્તિની પ્રધાનતા રહે છે. એટલે કે દેશ-કાળ, ભોજનાદિ પદાર્થોના સંસર્ગને કારણે શરીરમાં અમુક તત્ત્વની પ્રધાનતા થતી રહેતી હોય છે. જે તે તત્ત્વોની પ્રધાનતાનો પ્રભાવ અન્તઃકરણ પર પડે છે અને તે અનુસાર જ જે તે વૃત્તિઓની પ્રધાનતા થતી રહે છે.

## અન્તઃકરણના બે થી પાંચ પ્રકારના સ્વરૂપોઃ

અન્તઃકરણની મુખ્ય રૂપે ચાર અવસ્થાઓ પ્રસિદ્ધ છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. સ્ફૂરણા રૂપ જે પ્રથમ અવસ્થા છે, તેને બુદ્ધિ કે અહંકાર અંતર્ગત માની લેવામાં આવે છે. આમ અન્તઃકરણ ચતુષ્ટય શાસ્ત્રોમાં આ રીતે આવે છે. આ ચારોમાં પણ ચિંતનાત્મક ચિત્તને મન સાથે અને અહંકારને બુદ્ધિ સાથે અન્તરભાવ કરીને મન અને બુદ્ધિ એ બે જ અવસ્થાઓને મુખ્ય રૂપથી અન્તઃકરણ માનીલેવામાં આવે છે. આ રીતે પહેલાં સૂક્ષ્મ શરીરના સત્તર અવયવોમાં મન અને બુદ્ધિ એ બે ને જ લેવાયા છે. એટલે જ પહેલાં એને 'સપ્તદશકમ્' કહેવાયું છે. 'વાક્યસુધા'માં સામાન્ય નામ 'બુદ્ધિ' એવો નિર્દેશ કરી એના અહંકાર અને અન્તઃકરણ એવા બે રૂપો દર્શાવાયા છે – (एकाहंकृतिरन्या स्यादन्तः करणरूपिणी)।

## (કેવળ) મન, બુદ્ધિ અને ચિત્ત પણ અન્તઃકરણના પર્યાય છેઃ

આ મન-બુદ્ધિ પણ સામાન્યરૂપે અન્તઃકરણ એવ એક નામે જ ઓળખાતાં હોય છે. ક્યાંક ક્યાંક આખા જ અન્તઃકરણને કેવળ બુદ્ધિ, કેવળ ચિત્ત અને કેવળ મન શબ્દથી જ સંબોધવામાં આવે છે. જેમ કે ઉપર એક બુદ્ધિના જ અહંકાર અને અન્તઃકરણ એમ બે પ્રકારો પાડ્યા છે, તેમ જ બૃહદારણ્યક ઉપનિષદમાં પણ કેવળ મનને આખા જ અન્તઃકરણના અર્થમાં જ લેવામાં આવ્યું છે તથા એની દશ અવસ્થાઓને દર્શાવાઈ છે.

"कामःसंकल्पो विचिकित्साश्रद्धाऽश्रद्धाधृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत् सर्वं मन एव"। (बृ०१-५-३)

કામ[૧]- સ્ત્રી સમ્બન્ધી અભિલાષાદિ. સંકલ્પ[૨]- તમારી સમક્ષના વિષય અંગે વિશેષ (કાળી, ભૂરી) એવી કલ્પનાઓ કરવી. વિચિકિત્સા[૩]- સંશય-જ્ઞાન. શ્રદ્ધા[૪]- જેનું ફળ જાણતા નથી, તેવા કર્મ અને દેવતાદિમાં આસ્તિક ભાવ રાખવો. અશ્રદ્ધા[૫]- શ્રદ્ધાથી વિપરીત ભાવ રાખવો. ધૃતિ[૬]- ધારણા એટલે કે દેહાદિને નબળા થાય તો પણ સાચવીને રાખવા. અધૃતિ[૭]- ધૃતીથી વિપરીત. હ્રી[૮]- લજ્જા. ધી[૯]- બુદ્ધિ અને ભી[૧૦]- ભય ઈત્યાદિ પ્રકારના બધા જ ભાવો મન જ છે – આ બધા જ, દશે દશ મન, એટલે કે અન્તઃકરણના રૂપ છે.

## માયાના ગુણોનું સ્વરૂપ અને કાર્યઃ

યાવન્માત્ર સમ્પૂર્ણ જગત ત્રિગુણમયી માયાનો જ વિકાર છે. પૃથ્વી પર કે સ્વર્ગમાં અથવા દેવતાઓમાં, એવું કોઈ પણ પ્રાણી નથી જે પ્રકૃતિના ત્રણ ગુણો વિનાનું હોય. સત્ત્વગુણ પ્રકાશને ફેલાવનારો, સ્વચ્છ અને નિર્દોષ હોવાને કારણે સુખ તરફ લઈ જનારો છે. રજોગુણ રાગરૂપ, કામનાઓ અને આસક્તિ ઉત્પન્ન કરનારો હોવાને કારણે કર્મમાં રોકનારો છે. તમોગુણ અજ્ઞાન રૂપ હોવાને કારણે એ જ્ઞાનને ઢાંકીને પ્રમાદ-આળસ, નિદ્રાદિ ફેલાવનાર છે. રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ વધે છે. રજોગુણ અને સત્ત્વગુણને દબાવીને તમોગુણ વધે છે. તેવી જ રીતે તમોગુણ અને સત્ત્વગુણને દબાવીને રજોગુણ વધે છે. જે કાળમાં સત્ત્વગુણ વધે છે, તે કાળમાં દેહ, અન્તઃકરણ અને ઈન્દ્રિયોમાં ચેતના અને બોધ-શક્તિ ઉત્પન્ન થાય છે. જે કાળમાં રજોગુણ વધે છે, તે કાળમાં લોભ, પ્રવૃત્તિ એટલે કે સાંસારિક ચેષ્ટા, બધા પ્રકારની સ્વાર્થ બુદ્ધિથી કર્મોનો આરંભ, અશાન્તિ એટલે કે મનની ચંચળતા અને વિષય ભોગોની લાલસા, ઉત્પન્ન થાય છે. જે કાળમાં તમોગુણ વધે છે તે કાળમાં અન્તઃકરણ તથા ઈન્દ્રિયોમાં અપ્રકાશ તેમ જ કર્ત્તવ્ય-કર્મોમાં અપ્રવૃત્તિ અને પ્રમાદ એટલે કે વ્યર્થ ચેષ્ટા અને નિદ્રાદિ અન્તઃકરણની વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. મનુષ્ય જ્યારે સત્ત્વ ગુણની વૃદ્ધિ થતાં મૃત્યુને પ્રાપ્ત કરે છે, ત્યારે એને ઉત્તમ કર્મ કરવાવાળાને, મળ રહિત દિવ્ય સ્વર્ગાદિ લોકમાં સ્થાન મળે છે. વ્યક્તિ રજોગુણની વૃદ્ધિ સમયે જો મૃત્યુને પ્રાપ્ત કરે તો તેવા કર્મોની આસક્તિ વાળા મનુષ્યો વચ્ચે એને જન્મ મળે છે. તમોગુણની વૃદ્ધિ સમયે મરનાર કિટ-પશુ આદિ મૂઢ યોનિઓમાં ઉત્પન્ન થાય છે.

## અન્તઃકરણ પણ ત્રિગુણાત્મક છેઃ

જે રીતે ઉપર જણાવ્યું છે કે સમ્પૂર્ણ જગત્ જ ત્રિગુણાત્મક છે. માટે જે અન્તઃકરણનું વર્ણન પ્રસ્તુત છે, તે પણ ત્રિગુણાત્મક જ છે, ગુણોના તારતમ્ય અનુસાર અન્તઃકરણના છ પ્રકારો આપણે અગાઉ વર્ણવી ચૂક્યા જ છીએ.
સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની દૃષ્ટિએ કોઈ અન્તઃકરણ સ્વભાવથી સત્ત્વગુણ પ્રધાન, કોઈ રજોગુણ પ્રધાન તો કોઈ તમોગુણ પ્રધાન હોય છે. જેમ કે બૃહદારણ્યક ઉપનિષદ અનુસાર આપણે પ્રથમ છ પ્રકારની વાસનાઓ એટલે કે મન (અન્તઃકરણ)નું વર્ણન અગાઉ કરી જ ચૂક્યા છીએ. સ્વભાવતઃ શ્રદ્ધા અને કર્મ અન્તઃકરણને અનુરૂપ જ હોય છે.

## વર્ણ અને યુગ ભેદ પણ ગુણોને કારણે જ હોય છેઃ

જાણીતા એવા વર્ણો – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર – આ ચાર પ્રકારના ભેદો તેમ જ સત્યુગ, ત્રેતા, દ્વાપર અને કળિયુગ પણ ગુણોંના તારતમ્ય અને કર્મોના ભેદોથી જ થાય છે. સાત્ત્વિક, રાજસ અને તામસ આ ત્રણે ભેદો તો કોઈ પણ તારતમ્ય વિના, સ્વતઃ જ સિદ્ધ થાય છે. જેવી રીતે દેવ, અસુર તેમ જ રાક્ષસ.

## દૈવ અને અસુરઃ

ત્રિગુણાત્મક પ્રકૃતિના ભેદને પ્રધાન રૂપે બે ભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જે મુખ્યરૂપે અન્તઃકરણના જ ભેદો છે; અને તે છે દૈવી સમ્પત્તિવાળું અન્તઃકરણ અને આસુરી સમ્પત્તિવાળું અન્તઃકરણ. એ દ્વિવિધ અન્તઃકરણના ભેદને કારણે મનુષ્યો કે જીવોની સૃષ્ટિ પણ બે પ્રકારની માનવામાં આવી છે. જે રીતે ભગવાને ગીતામાં કહ્યું છેઃ-

"द्वौभूतसर्गोलोकेऽस्मिन् दैव आसुर एव च"। (गीता – १६-६)

## સાત્ત્વિક મનુષ્યઃ

સત્ત્વ ગુણ પ્રધાન અન્તઃકરણવાળી વ્યક્તિ, પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિ માર્ગને તથા કર્તવ્ય અને અકર્તવ્યને, ભય અને અભયને, બન્ધન અને મોક્ષને તત્ત્વથી જાણીને જુદા-જુદા બધાજ ભૂતો(જીવો)માં એક જ અવિનાશી પરમાત્મભાવને વિભાગ રહિત (સમભાવસ્થિત) જુએ છે. આસક્તિ રહિત અને અહંકાર ભર્યા વચનો ન બોલનારો, ધર્મ અને ઉત્સાહ ધરાવનારો તથા કાર્ય થાય કે ન થાય તો પણ હર્ષ, શોકાદિ વિકારો વિનાનો જ રહે છે. એ દેવોને પૂજે છે. એ આયુ, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનારો અને રસયુક્ત ચિકણો તેમ જ બગડે નહીં તેવો, સ્વભાવથી જ મનને પ્રિય લાગનારો સાત્ત્વિક આહાર કરે છે. શાસ્ત્ર-વિધિથી નક્કી કરેલો, યજ્ઞ-ફળની ઈચ્છા રાખ્યા વગર 'કરવું એજ કર્તવ્ય છે', એવા ભાવ સાથે યજ્ઞાદિ કરે છે તેમ જ ફળની ઈચ્છા ન રાખવી એ જ સાત્ત્વિક ત્યાગ ગણે છે; આ રીતે એ સાત્ત્વિક ત્યાગી કહેવાય છે. દેવતા, બ્રાહ્મણ, ગુરુ આદિ જ્ઞાનીજનોનું પૂજન કરે, પવિત્રતા, સરળતા બ્રહ્મચર્ય અને અહિંસા રૂપી જે શરીર સમ્બન્ધી તપ છે તેજ કરે, જે ઉદ્વેગ ન કરે અને પ્રિય અને હિતકર લાગે તેવું યથાર્થ જ બોલે, શાસ્ત્રોના વાંચન તથા પરમેશ્વરના નામના જપનું જે અભ્યાસરૂપી વાણી સમ્બન્ધી તપ છે તે કરે છે. મનની પ્રસન્નતા સાથે અને શાંત ભાવથી ભગવત્ ચિંતન કરવાનો સ્વભાવ સાથે, મનનો નિગ્રહ અને અન્તઃકરણની પવિત્રતા વાળું જે મન સમ્બન્ધી તપ છે તે કરે છે. દેશ-કાળ, પાત્ર ઈ. પ્રાપ્ત થતાં, પ્રતિ-ઉપકારની ભાવના ન રાખતાં, દાન આપવું એ જ માત્ર કર્તવ્ય છે, એવું સમજીને જ દાન આપે છે. આરંભમાં ભલે કડવું જણાતું હોય પરન્તુ પરિણામે અમૃત તુલ્ય છે, એવી ભગવત્-વિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થતું સુખ પ્રાપ્ત કરે છે. એવા સાત્ત્વિક મનુષ્યના દુઃખોનો અન્ત થઈ જાય છે.

## રાજસ માનવઃ

રજોગુણ પ્રધાન અન્તઃકરણવાળો વ્યક્તિ, જે ધર્મ અને અધર્મ, કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યને યથાર્થમાં ન જાણનારો, સમ્પૂર્ણભૂતોમાં ભિન્ન- ભિન્ન પ્રકારના ભાવોને જુદી-જુદી રીતે જોનારો હોય છે. એ આસક્તિવાળા કર્મોના ફળોની ઈચ્છા રાખનારો અને લોભી, અન્યોને કષ્ટ આપતા સ્વભાવવાળો, અશુદ્ધ આચરણ કરનારો, હર્ષ-શોકથી પ્રભાવિત થનારો હોય છે. એ યક્ષ અને રાક્ષસોને પૂજે છે; એ કડવા, ખાટા, ખારા, તીખા અને અત્યંત ગરમ કે ઠંડા, રૂખા-સુકા, વાસી, દાહકારક અને દુઃખ-ચિન્તા તથા રોગો ઉત્પન્ન કરનારા રાજસિક આહાર કરે છે. એ યજ્ઞ માત્ર દંભ માટે કે ફળની અપેક્ષાએ જ કરે છે. બધા જ કર્મો દુઃખ રૂપ છે; એવા ભાવ સાથે એ એમનો ત્યાગ કરે છે. આવા ત્યાગ કરનારને, ત્યાગની કોઈપણ ફળ પ્રાપ્તિ નથી થતી કારણ એ ત્યાગો રાજસી ત્યાગો હોય છે. સત્કાર, માન, પૂજાને માટે કે પછી પાખંડથી જ કરાતા અનિશ્ચિત અને ક્ષણિક ફળવાળા - શરીર સમ્બન્ધી, વાણી સમ્બન્ધી તેમ જ મન સમ્બન્ધી જે તપ હોય છે, એ તેવા જ તપ કરે છે. એ વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી જે સુખો પ્રાપ્ત થાય છે અને જે ભોગકાળમાં તો અમૃત જેવા લાગે છે પરંતુ પરિણામે વિષ જેવા હોય છે તે જ કરે છે.

## તામસ જનઃ

તમો ગુણ પ્રધાન અન્તઃકરણવાળી વ્યક્તિ અધર્મને જ ધર્મ સમજી તેમજ અન્ય સમ્પૂર્ણ અર્થોને પણ વિપરીત માનવાવાળો, એક કાર્યરૂપ શરીરને જ સમ્પૂર્ણ સમજી તેમાં જ આસક્ત થએલો, કોઈ પણ યુક્તિઓ વિનાનો અને સાર રહિત હોય છે. એ વિક્ષેપ યુક્ત ચિત્તવાળો, અશિક્ષિત, ઘમણ્ડી, ધૂર્ત અને અન્યોની કમાણીને નષ્ટ કરનારો, શોક કરનારો, આળસુ અને દીર્ઘસૂત્રી હોય છે. એ પ્રેત અને ભૂતગણોને પૂજે છે. એ અર્ધપકવેલું, રસ વિનાનું, દુર્ગન્ધવાળું, વાસી, એઠું અને અપવિત્ર પણ હોય, એવું ભોજન કરે છે. એ શાસ્ત્ર વિધિથી હીન, અન્નદાન વિના, મંત્રોચ્ચાર વગર, વગર દક્ષિણાએ અને શ્રદ્ધા વિના યજ્ઞ કરે છે. એ નિયત કર્મોનો મોહવશ ત્યાગ કરે છે, પરંતુ એવા તામસી ત્યાગને કારણે તો એ તામસી ત્યાગી જ કહેવાય છે. એ કેવળ મૂઢતાપૂર્વક જ હઠથી, મન-વાણી અને શરીરની પીડા સાથે અન્યોનું અનિષ્ટ કરવા માટે જ, શરીર સમ્બન્ધી, વાણી સમ્બન્ધી તેમ જ મન સમ્બન્ધી તપ કરે છે. કોઈ પણ સત્કાર વિના, કે તિરસ્કારપૂર્ક, અયોગ્ય દેશ-કાળમાં કુપાત્રને દાન આપે છે. જે સુખ ભોગકાળમાં અને પરિણામેં પણ મોહમાં નાખનાર છે એને જે નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી ઉત્પન્ન થાય છે તેને પ્રાપ્ત કરે છે.

## સંસર્ગાદિ વશ કોઈક વાર સ્વભાવ વિપરીત આચરણ પણ થઈ જાય છેઃ

સાત્ત્વિક, રાજસ તથા તામસ મનુષ્યોની સ્વાભાવિક પ્રવૃત્તિ, સ્થિતિ તેમ જ સાધનાદિનું વર્ણન આપણે ઉપર જોયું. એમાં એક વિશેષ ઉલ્લેખનીય વાત એ છે કે કોઈક વાર સાત્ત્વિક વ્યક્તિ પણ રજોગુણી, તમોગુણી પ્રવૃત્તિમાં રત થતો હોય છે અને રાજસી પ્રવૃત્તિવાળો કોઈવાર સાત્ત્વિક પ્રવૃત્તિ પણ કરે છે અને કોઈવાર ઘોર તામસી પ્રવૃત્તિ પણ કરી બેસે છે. એવી જ રીતે તામસી પ્રકૃતિ વાળા ક્યારેક સાત્ત્વિક કર્મો કરતા નજરે ચઢે છે તો કોઈવાર રાજસી પ્રવૃત્તિમાં તલ્લીન થતા હોય છે. પોતાની પ્રકૃતિથી વિરૂદ્ધ એવા વર્તનથી એને સ્વયંને પણ આશ્ચર્ય થાય છે અને અન્યોને પણ. કોઈને ગમે તેટલું આશ્ચર્ય થાય, પરંતુ એવું થાય છે જરૂર અને તે અકારણ પણ નથી. એનું પણ કારણ તો છે જ; જે સર્વસામાન્ય હોવા છતાં ધ્યાનમાં નથી આવતું અને એ કારણો મુખ્ય રૂપે ચાર હોય છેઃ-

૧. વ્યક્તિ વિશેષનો સંસર્ગ, ૨. દેશ વિશેષ, ૩. કાળ વિશેષ અને ૪. વસ્તુ વિશેષ નો સમ્બન્ધ.

આ ચારેમાંથી એક, બે કે ત્રણ અથવા ચારેના સંયોગથી અન્તઃકરણમાં સૂક્ષ્મરૂપે રહેલી નિજ પ્રકૃતિના વિપરીત ભાવો ભડકી ઉઠે છે. કારણ કે ત્રણે ગુણોના ભાવ ઓછેવત્તે અંશે દરેકના અન્તઃકરણમાં હોય છે જ અને તેમાં વૃદ્ધિ થતા તેમની સ્વાભાવિક પ્રવૃત્તિથી વિપરીત પ્રવૃત્તિ કરાવી દે છે.

## ૧. વ્યક્તિ વિશેષનો સંસર્ગઃ

મહાપુરુષો અને સંતોનો સંસર્ગ પામીને દુષ્ટ મનુષ્ય પણ સત્કર્મો તરફ વળી જાય છે. જેમ કે ગોસ્વામીજીએ કહ્યું છેઃ-

'खलहु करहिंभल पाइ सुसंगू'।

એવી જ રીતે સાત્ત્વિક વ્યક્તિ પણ દુષ્ટના સંગમાં પડીને સ્વયંની પ્રકૃતિથી વિપરીત રીતે વર્તવા લાગે છે અને રજોગુણી તથા તમોગુણી પ્રવૃત્તિ કરી બેસે છે. જે રીતે મંથરાના ના સંગને કારણે કૈકેયીની સાત્ત્વિક બુદ્ધિ બદલાઈને રાજસી અને તામસી બુદ્ધિ બની ગઈ હતી. આ રીતે સાક્ષાત્ સંસર્ગને કારણે બદ્ધિ પર પ્રભાવ પડે છે; એવી જ રીતે કેવળ માનસિક સમ્બન્ધથી પણ બુદ્ધિ પ્રભાવિત થતી જોવામાં આવી છે. જે રીતે કોઈ કોઈને માટે ખરાબ વિચારે તો એના પ્રતિ સામેવાળામાં પણ ખરાબ ભાવો પ્રગટ થવા લાગે છે.

## ૨. દેશ વિશેષઃ

દેશ વિશેષનો પણ મન પર પ્રભાવ પડે છે, પવિત્ર સ્થાને જવાથી મનમાં શાંત અને સાત્ત્વિક ભાવો પ્રગટ થાય છે. એનાથી વિપરીત કોઈ એવું સ્થાન પણ હોય છે જ્યાં જતાં જ મનમાં દુર્ભાવ પ્રગટ થવા લાગે છે. જે રીતે – એકાન્ત, શાંત અને પવિત્ર ગંગા તટ પર પહોંચતા જ ત્યાં સાત્ત્વિક ભગવદ્ભાવ પ્રગટ થવા લાગે છે. અને પ્રવૃત્તિશીલ રજોગુણી શહેરોના બજારોમાં જઈએ છીએ, ત્યારે ત્યાં સાઁસારિક ચંચળવૃત્તિ વાળા રાજસી ભાવો પ્રગટ થવા લાગે છે. એવી જ રીતે હિંસાદિ પ્રધાન તામસી સ્થળે પહોંચતા જ મનમાં તામસી, હિંસાદિના ભાવ પ્રગટ થવા લાગે છે.

## ૩. કાળ વિશેષઃ

**સમય ભેદને કારણે પણ અન્તઃકરણમાં ભેદ પડતો જણાય છે. આમ તો સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે વહેલી સવારની વૃત્તિ કાંઈક હોય છે, તથા સાંજની વૃત્તિ એનાથી જુદી જ હોય છે. પરંતુ કોઈ ખાસ સમયે, વિશેષ પરિવર્તન પણ થઈ જાય છે. જેવી રીતે – તમે સાંભળ્યું જ હશે કે યુધિષ્ઠિરના સમયમાં એક જમીન વેચનાર તથા ખરીદનાર વચ્ચે મુકદ્દમો ચાલી રહ્યો હતો – ખરીદનારનું કહેવું હતું કે જમીનમાંથી જે સોનું મળ્યું તે વેચનારનું છે મારૂં નહીં, મેં તો જમીન ખરીદી છે, એમાનું સોનું નહીં. વેચનારનું કહેવું હતું મેં જ્યારે અક વાર જમીન વેચી દીધી, ત્યાર બાદ એમાંથી જે કાંઈ પણ નીકળે તેની પર મારો કી હક રહેતો નથી. આનો નિર્ણય યુધિષ્ઠિરના સમયમાં થઈ ન શક્યો, પરંતુ એજ મુકદ્દમો ફરી જ્યારે દુર્યોધનના સમચમાં ચાલ્યો, તો એનું રૂપ જ બદલાઈ ગયું. હવે વેચનાર કહેવા લાગ્યો કે મેં તો જમીન વેચી છે, તેમાનું સોનુ નહીં; તેથી એ સોના પર તો મારો જ હક્ક છે. ખરીદનાર કહે છે જ્યારી જમીન મેં ખરીદી તો એમાંથી જે કાંઈ પણ મળે તે પર મારો જ અધિકાર થાય. આ છે સમયનો અન્યઃકરણ પર પ્રભાવ. સમયના ફરકને કારણે જ સતયુગ, ત્રેતા, દ્વાપર અને કળીયુગ એ યુગો વચ્ચેનો ભેદ સમજાય છે. પરિવર્તનશીલ કાળને કારણે જ મુહુર્ત ને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે.**

## ૪. વસ્તુ વિશેષઃ

વિશેષ પ્રકારની વસ્તુઓ સાથેનો સમ્બન્ધ પણ અન્તઃકરણમાં પરિવર્તન લાવે છે; વસ્તુ એટલે કે ભૌતિક રસ – ધાતુ, રત્ન તેમ જ ભોજ્ય પેય આદિ પદાર્થો. આયુર્વેદિક પદ્ધતિથી મેળવેલા રસ, રસાયણ વિશેષ, બુદ્ધિ પર ચમત્કારી અસર કરતા હોય છે; જ્યોતિષ શાસ્ત્ર અનુસાર અમુક વ્યક્તિ માટે અમુક પ્રકારના ધાતુ અને રત્નો એની બુદ્ધિને સ્વસ્થ રાખવા માટે ઉપયોગી થઈ પડે છે. ભોજ્યપેય પદાર્થો માંના માદક દ્રવ્યોની તો બુદ્ધિ પર તરત જ અસર થાય છે. એવી

રીતે જ સાત્ત્વિક, રાજસ અને તામસ ભોજનનો પ્રભાવ જે તે ભોજન અનુસાર તરત જ થઈ જાય છે. આપણે અગાઉ પણ જોઈ ગયા કે આહાર અનુસાર જ મનનું નિર્માણ થાય છે; જે રીતે સામવેદીય છાન્દોગ્ય ઉપનિષદમાં કહેવાયું છે કે, "अन्नमयंहि सोम्य मनः।" એટલે કે, ઉદ્દાલક ઋષિ શ્વેતકેતુને કહી રહ્યા છે કે હે સોમ્ય! આ મન અન્નમય છે. લોકોક્તિ પણ છે કે 'જેવું ખાઓ અન્ન તેવું થાય મન'. અન્નના પ્રભાવનો આધાર એનું ઉપાર્જન કેવી રીતે થયું છે, એને રાંધનાર કેવો છે અને કેવા ભાવથી બનાવ્યું તેમજ પીરસાયું છે, અને કરનારે કેવા ભાવથી ખાધું છે, તે પર પણ રહેલો છે. જેમ કે ભીષ્મ પિતામહે કહ્યું છે કે " જ્યારે હું દુર્યોધનનું દુષિત અન્ન ખાતો હતો ત્યારે મારી બુદ્ધિ પણ દોષ પૂર્ણ થઈ ગઈ હતી. હું અન્યાયને પણ ન્યાય સમજવા લાગ્યો હતો" – આવા અનેક ઉદાહરણ મળે છે.

### શરીર અને મનનો પરસ્પર પ્રભાવઃ

સ્થૂળ શરીર પર પણ અન્તઃકરણની સ્થિતિનો ઘણોં જ પ્રભાવ પડે છે. જેમ કે- મન જો ખિન્ન હોય તો સ્વસ્થ વ્યક્તિ પણ અસ્વસ્થ થઈ જાય છે. એ બાબતે અર્જુનનું ઉદાહરણ ખૂબ જ જાણીતું છે – જ્યારે સ્વજનોને જોઈને તેમના વિનાશના ભય થી એનું ચિત્ત વ્યાકુળ અને શોકગ્રસ્ત થઈ ગયું, ત્યારે અર્જુનના શરીર પર એ વાતનો એટલો બધો તો પ્રભાવ પડ્યો કે એનું મોઢું સુકાવા લાગ્યું, ધનુષને સંભાળવામાં અને સીધા ઉભા રહેવામાટે પણ એ સમર્થ ન રહ્યો. એવી રીતે જ કોઈ અસ્વસ્થ-માંદી વ્યક્તિ પણ જ્યારે પોતાના પ્રિયને જોય છે ત્યારે એનો ચહેરો ખિલી ઉઠે છે. જેમ કે કોઈ શાયરે કહ્યું છેઃ 'उनको देखने से जो चेहरे पै आ झाती है रौनक, तो वे समझते हैं बीमार का हाल अच्छा है।'

## યોગ દર્શન અનુસાર મનનું સ્વરૂપઃ

સત્ત્વગુણ, રજોગુણ તેમ જ તમોગુણમાંથી જે ગુણની વિશેષ પ્રધાનતા હોય છે, ચિત્તની અવસ્થા તે અનુસાર જ થઈ જાય છે. યોગદર્શને ચિત્ત(અન્તઃકરણ)ની મૂઢાવસ્થા[૧], ક્ષિપ્તાવસ્થા[૨], વિક્ષિપ્તાવસ્થા[૩], એકાગ્રાવસ્થા[૪] અને નિરુદ્ધઆવસ્થા[૫], એ રીતે પાંચ અવસ્થાઓનું વર્ણન કર્યું છે અને એનું સ્પષ્ટીકરણ યોગ-દર્શનમાં નીચે મૂજબના પ્રકારે અપાયું છેઃ

### ૧. મૂઢાવસ્થાઃ

આ અવસ્થામાં તમ પ્રધાન હોય છે, રજ તથા સત્ત્વ ગૌણ રૂપે અને દબાએલા હોય છે. આ અવસ્થા કામ, ક્રોધ, લોભ, મોહને કારણે થાય છે. જ્યારે ચિત્ત આવી અવસ્થામાં હોય છે, ત્યારે મનુષ્યની પ્રવૃત્તિ અજ્ઞાન, અધર્મ, રાગ અને અનૈશ્વર્ય તરફની હોય છે. નિમ્ન મનુષ્યોની અવસ્થા આવી જ હોય છે.

### ૨. ક્ષિપ્તાવસ્થાઃ

આ અવસ્થામાં રજોગુણની પ્રધાનતા હોય છે. તમ અને સત્ત્વ દબાએલા અને ગૌણરૂપે હોય છે. એનું કારણ રાગ દ્વેષાદિ હોય છે. આ અવસ્થામાં ધર્મ-અધર્મ, રાગ-વિરાગ, જ્ઞાન-અજ્ઞાન, ઐશ્વર્ય અને અનૈશ્વર્યમાં પ્રવૃત્તિ થાય છે. એટલે કે જ્યારે તમોગુણ સત્ત્વગુણને દબાવે છે ત્યારે અધર્મ, અજ્ઞાનાદિમાં, અને જ્યારે સત્ત્વ તમને દબાવે છે ત્યારે ધર્મ, જ્ઞાનાદિમાં પ્રવૃત્તિ થાય છે. સાધારણ સાંસારિક મનુષ્યની આવી જ અવસ્થા હોય છે.

### 3. વિક્ષિપ્તાવસ્થાઃ

આ અવસ્થામાં સત્ત્વગુણની પ્રધાનતા હોય છે. તમ અને રજ દબાએલા અને ગૌણરૂપે હોય છે. આ અવસ્થા નિષ્કામ કર્મ કરવાથી તેમ જ રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ તેમ જ મોહાદિને છોડી દેવાથી ઉત્પન્ન થાય છે. આ અવસ્થામાં સત્ત્વગુણ સારા પ્રમાણમાં જળવાઈ રહે છે; તે કારણે મનુષ્યની પ્રવૃત્તિ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં  હોય છે, પરન્તુ રજોગુણ ચિત્તને વિક્ષિપ્ત કરતો જ રહે છે. આ અવસ્થા ઉચ્ચ મનુષ્યોની તથા જિજ્ઞાસુઓની હોય છો.

### ૪. એકાગ્રાવસ્થાઃ

જ્યારે ચિત્તમાં એક જ વિષયમાં વણાએલી વૃત્તિઓનો પ્રભાવ નિરંતર વહ્યા કરે, ત્યારે એને એકાગ્રતા કહેવામાં આવે છે. આ ચિત્તની સ્વાભાવિક અવસ્થા છે. એટલે કે જ્યારે ચિત્ત પર બાહ્ય વિષયોના રજ તમનો પ્રભાવ નથી રહેતો, ત્યારે તે નિર્મળ ચમકતા સ્ફટિકની જેમ સ્વચ્છ થઈ જાય છે. એ સમયે એમાં પરમાણુઓથી લઈને મહત્તત્વ સુધી ગ્રાહ્ય, ગ્રહણ અને ગ્રહીતૃ એ વિષયોનો યથાર્થ સાક્ષાત્કાર થઈ શકે છે. એની અન્તિમ સ્થિતિ વિવેક ખ્યાતિ હોય છે. એકાગ્રતાને સંપ્રજ્ઞાત સમાધિ તરીકે પણ ઓળખવામાં આવે છે. એમાં પ્રકૃતિના બધા જ કાર્યો (ગુણો)ના પરિણામોનો પૂર્ણ રીતે સાક્ષાત્કાર થઈ જાય છે.

### ૫. નિરુદ્ધાવસ્થાઃ

જ્યારે વિવેક ખ્યાતિ દ્વારા ચિત્ત અને પુરુષના ભેદનો સાક્ષાત્કાર થઈ જાય છે, ત્યારે એ વિવેક ખ્યાતિથી પણ વૈરાગ્ય (પરવૈરાગ્ય)નો ઉદય થાય છે. કારણ કે વિવેક ખ્યાતિ પણ ચિત્તની જ એક વૃત્તિ છે. આ વૃત્તિના પણ નિરુદ્ધ થતાં સર્વ વૃત્તિઓનો નિરોધ થવાથી ચિત્તની નિરુદ્ધાવસ્થા થાય છે. આ નિરોધાવસ્થામાં બાકી બધા જ સંસ્કારોમાં થી તિરોભાવપૂર્વક પરવૈરાગ્યના સંસ્કાર માત્ર શેષ રહી જાય છે. નિરોધાવસ્થામાં કોઈ પણ પ્રકારની વૃત્તિ ન રહેવાને કારણે કોઈ પણ પદાર્થ જાણવામાં નથી આવતો તથા અવિદ્યાદિ પાંચે ક્લેશો સહિત કર્માશયરૂપ જન્માદિકોમા બીજ નથી રહેતા. માટે જ એને અસંપ્રજ્ઞાત તેમ જ નિર્બીજ સમાધિ પણ કહેવામાં આવે છે.

## ચિત્ત નદીઃ

ચિત્ત એક નદી છે, જેમાં વૃત્તિઓનો પ્રવાહ વહે છે. એની બે ધારાઓ છે – (૧) એક સંસાર સાગર તરફ અને (૨) બીજો કલ્યાણ સાગર તરફ વહે છે. જેણે પૂર્વ જન્મમાં સાઁસારિક વિષયોના ભોગ માટેના જ કર્મો કર્યા છે, તેમની વૃત્તિઓની ધારા, એ સંસ્કારોને કારણે વિષય માર્ગે વહેતી સંસાર સાગરને જઈ મળે છે. અને જેમણે પૂર્વ જન્મમાં કૈવલ્ય માટે સાધના કરી છે, તમની વૃત્તિઓ એ સંસ્કારોને કારણે વિવેક માર્ગે વહેતી કલ્યાણ સાગરમાં જઈ મળે છે. ઘણું ખરું સાઁસારિક લોકોની પહેલી ધારા તો તેમના જન્મથી જ ખૂલ્લી હોય છે; બીજી ધારાને શાસ્ત્ર, ગુરુ, આચાર્ય અને ઈશ્વર-ચિંતન ખોલે છે. પહેલી ધારાને બંધ કરવા માટે વિષયોના સ્રોત પર વૈરાગ્યનો બંધ બાંધવામાં આવે છે, અને અભ્યાસની કોદાડી વડે બીજી ધારાના માર્ગને ઊંડો બનાવી વૃત્તિઓના સમગ્ર પ્રવાહને વિવેકના સ્રોત સાથે જોડવામાં આવે છે. ત્યારે પ્રબળ વેગથી એ આખો પ્રવાહ કલ્યાણરૂપી સાગરમાં જઈને લીન થઈ જાય છે.

### અન્તઃકરણનું સ્થાનઃ

સામાન્ય રીતે અન્તઃકરણ મધ્યમ પરિમાણ વાળું હોવાને કારણે પૂર્ણ સ્થૂળ શરીરમાં વ્યાપેલ હિતા નામની નાડિઓમાં રહે છે, તેમ છતાં જાગ્રતાદિ અવસ્થાઓમાં એનું વિશેષ સ્થાન હોય છે.

### નેત્રે જાગ્રણમઃ

આંખોમાંની હિતાનામની નાડિઓમાં જ્યારે મન સ્થિર થાય છે ત્યારની અવસ્થા જાગ્રત અવસ્થા હોય છે. બીજ રૂપે પડેલા સંસ્કારો ઈન્દ્રિયો દ્વારા બાહ્ય જગતના સંયોગથી પ્રગટ થયા કરે છે તેમ જ બહારથી નવા સંસ્કારો પણ ઉમેરાતા રહે છે. આ અવસ્થામાં રજોગુણ પ્રધાન હોય છે. વૈખરી વાચા છે (શ્રોત્ર ગ્રાહ્ય સ્થૂળ શબ્દ રૂપા). ક્રિયા શક્તિ વડે સ્થૂળ ભોગોની પ્રાપ્તિ થાય છે.

### કણ્ઠે સ્વપ્નઃ

કણ્ઠમાં આવેલી હિતા નામની નાડીમાં જ્યારે સત્તર તત્ત્વો વાળા સૂક્ષ્મ શરીર (મન)ની સ્થાપના થાય છે તે અવસ્થા સ્વપ્નાવસ્થા હોય છે. આ હિતા નાડિઓ, ઉભા વાળને હજાર ભાગોમાં ચીર્યો હોય એટલી સૂક્ષ્મ હોય છે અને તે આખા શરીરમાં જાળની જેમ ફેલાએલી હોય છે. તે સફેદ, ભૂરા, પીળા, લીલા અને લાલ રંગોના રસોથી ભરેલી હોય છે. એ રસોના વિશેષ એવા આ રંગો, વાત-પિત્ત અને કફના પારસ્પરિક સંયોગોની વિશેષ વિષમતાને કારણે જુદા જુદા અને અનેક પ્રકારના હોય છે. વ્યક્તિ આવા નાડીગત રસરૂપ ઉપાધિના સંસર્ગથી ધર્માધર્મ પ્રેરિત અદ્ભૂત વૃત્તિ વિશેષ વાળો તેમ જ જાગૃત સંસ્કારો વડે સ્ત્રી, રથ, હાથી આકાર વાળી વિશેષ વાસનાઓથી યુક્ત હોય એવું ભાસે છે. આ અવસ્થામાં સત્ત્વગુણ પ્રધાન હોય છે, વાચા (ભાવ રૂપા) મધ્યમા હોય છે, અને જ્ઞાનશક્તિ દ્વારા સૂક્ષ્મ (પ્રવિવિક્ત) ભોગોંની પ્રાપ્તિ થાય છે.

## જાગ્રતમાં સત્ત્વ તેમ જ રજનો વિકલ્પઃ

શાસ્ત્રોમાં ઘણેં સ્થળે કહેવાયું છે કે જાગ્રતમાં સત્ત્વગુણ અને સ્વપ્નમાં રજોગુણ હોય છે. તો જ્યાં પણ આવું કહેવાયું છે, એનું કારણ એ છે કે જાગ્રત અવસ્થામાં જ વિષયોનું જ્ઞાન થાય છે. એને કારણે જ અન્તઃકરણમાં મોક્ષની ઈચ્છા થવાથી વ્યક્તિ બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ શ્રવણ-મનન કરે તો એને આત્માનું જ્ઞાન થાય છે. માટે જ ત્યાં એને સત્ત્વગુણ કહ્યો છે અને એને રજોગુણ એટલા માટે કહેવામાં આવ્યો છે કે જાગ્રત અવસ્થામાં વિશેષ રૂપથી ક્રિયા થતી હોય છે, અને તે રજોગુણનું કાર્ય છે. માટે જાગ્રત અવસ્થામાં રજોગુણ કહેવામાં આવ્યો છે.

## સ્વપ્નમાં સત્ત્વગુણઃ

સ્વપ્નમાં સત્ત્વગુણ કહેવાનો આશય એ છે કે સ્વપ્નમાં કેવળ વિષયોનું જ્ઞાન માત્ર થાય છે, ક્રિયા નથી થતી. માટે સત્ત્વગુણ કહેવામાં આવ્યો છે. સત્ત્વગુણ થી જ્ઞાન થાય છે.

## મહામત્સ્ય દૃષ્ટાંતઃ

જે રીતે કોઈ વિશાળ ભારી મત્સ્ય નદીના એક કિનારે થી બીજે કિનારે આંટા મારતો રહે છે; તે રીતે જ આ પુરુષ (અન્તઃકરણ તેમ જ તેવો વિશિષ્ટ જીવ) સ્વપ્ન અવસ્થા અને જાગ્રત અવસ્થા એ બન્ને વચ્ચે ક્રમશઃ સંચાર કરતો રહે છે.

## સુપ્તહૃદમ્બુજેઃ

હૃદયાકાશમાં સ્થપાએલી હિતા નામની નાડિઓમાં જ્યારે એ સ્થિત હોય છે, ત્યારે સુષુપ્તિ હોય છે.

## જીવ, કેવળ આત્મામાં જ વિશ્રામ મેળવે છેઃ

જે રીતે ભૌતિક આકાશમાં બાજ કે સુપર્ણ (ઝડપથી ઉડનારો બાજ) વિહાર કરતાં બધી બાજુ ઉડીને થાકી જાય છે એટલે કે ઉડવાના કર્મથી કંટાળીને, ખિન્ન થઈને, પાંખો ફેલાવી (સમ્યક પ્રકારે લીન થઆને) પોતાના માળામાં પ્રવેશે છે; આ રીતે જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓમાં દેહ, ઇન્દ્રિયના સંયોગ થી થનારા ક્રિયાફળોથી સંયુક્ત જીવને, પક્ષીના ઉડવાથી એને થતા શ્રમના જેવો જ શ્રમ થાય છે. એ શ્રમથી છૂટકારો મેળવવા પોતાના માળા-નિવાસ સ્થાનમાં એટલે કે સમ્પૂર્ણ સાંસારિક ધર્મોથી વિલક્ષણ તેમ જ દરેક પ્રકારના ક્રિયાકારક અને ફળના શ્રમ વિનાના પોતાના આત્મામાં પ્રવેશે છે. સુષુપ્તિમાં આ રીતે જ જીવનો આત્મામાં પ્રવેશ થાય છે, એમ કહેવાયું છે. એથી એવું ન સમજવું કે એ (જીવ) મુક્ત આત્માની જેમ સ્વરૂપ સ્થિતિમાં આવી જાય છે. એવી સ્થિતિ તો પૂર્ણ બોધ થયે જ શક્ય બને છે. સુષુપ્ત જીવનો

અવ્યાકૃત-માયાના અંશસમા કારણ શરીર સાથે સંબંધ જળવાઈ રહે છે. આ રીતે બ્રહ્મમાં કારણશરીર સાથે જ પ્રવેશ કરે છે, એમ સમજવું જોઈએ.

હૃદયમાંના આત્મામાં જ આ પુરુષ (અન્તઃકરણ તેમ જ તેનો વિશિષ્ટ જીવ) વિશ્રામ મેળવે છે. માટે જ એ આત્માને એ (જીવ)નો પોતાનો માળો કહેવામાં આવ્યો છે. આ અવસ્થામાં તમોગુણ પ્રધાન હોય છે, પશ્યન્તિવાચા (બ્રહ્મથી અભિન્ન એવી શક્તિરૂપા) છે. તમ-શક્તિ દ્વારા આનન્દભોગની પ્રાપ્તિ થાય છે.

## સપ્તદશકં લિઙ્ગમ્:

ઉપર મુજબ (પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિ, મન અને બુદ્ધિ) આ સત્તર તત્ત્વોના સમુદાય સૂક્ષ્મ શરીરને લિઙ્ગ કહેવામાં આવે છે. લિઙ્ગ શબ્દનો અર્થ છે – "लीनमर्थं गमयति इति लिङ्गम्" એટલે કે જે અપ્રગટ પદાર્થને પ્રગટ કરીને બતાવે, એને લિઙ્ગ કહે છે. એના વડે એવી જ રીતે અવ્યક્ત (અપ્રગટ) આત્મા ચિદાભાસના રૂપમાં પ્રગટ થાય છે; જે રીતે દર્પણાદિમાં મુખ પ્રગટ થાય છે. અને છેવટે જ્ઞાનનું સાધન પણ એ જ છે. માટે જ એને લિઙ્ગ કહે છે.

## પુર્યષ્ટકઃ

લિઙ્ગ શરીરની વ્યાખ્યા પુર્યષ્ટકના રૂપે પણ કરવામાં આવી છે. પુર્યષ્ટક એટલે (૧) જ્ઞાનેન્દ્રિય પંચક (૨) કર્મેન્દ્રિય પંચક (૩) પ્રાણાદિ પંચક (૪) અન્તઃકરણ ચતુષ્ટય (૫) સૂક્ષ્મ મહાભૂત (૬) અવિદ્યા (૭) કામ-વાસના અને (૮) કર્મ એમને પુર્યષ્ટક કહેવામાં આવે છે.

## ભૌતિકમ્:

ભૌતિકમ્ નો અર્થ છે આકાશાદિ ભૂતોનું કાર્ય, જેમ કે અગાઉ આપણે જોઈ ગયા. તે મુજબ આ સૂક્ષ્મ શરીર પંચભૂતોનું જ કાર્ય છે, માટે જ એને ભૌતિક કહે છે. ભૌતિક એટલે પંચભૂતોનું કાર્ય, એવું કહેવાનું તાત્પર્ય એ છે કે આ ભૂતોનું કાર્ય હોવાને કારણે પંચભૂતોની જેમ જ જડ અને પરિવર્તનશીલ છે.

## ક્ષણપરિણામિનઃ સર્વેભાવાઃ

સમગ્ર માયિક પ્રાકૃતિક પદાર્થ, એટલે કે સંપૂર્ણ ભૂત-ભૌતિક સૃષ્ટિ ક્ષણ પરિણામી છે – ક્ષણ ભંગૂર છે. એક અસંગ-ચેતન આત્મતત્ત્વ સિવાય અન્ય બધા જ પદાર્થોમાં નિયમીત રીતે ફેરફારો થતા જ રહે છે. ક્યાંક આ પરિણામો(ફેરફારો) દેખીતા હોય છે તો ક્યાંક એ જણાતા નથી. જે રીતે લાકડાંને બાળીએ ત્યારે એ રાખ બને છે તે નજરે જોઈ શકાય છે. પરંતુ એજ લાકડું જેમનું તેમ જ પડ્યું રહે તો એમાં કોઈ ફેરફારો જણાતા નથી તેમ છતાં કેટલાક વર્ષો વિત્યે એમાં વિકૃતિ આવે છે. આ વિકાર અચાનક એક દિવસમાં નથી થતો; પરંતુ એ ફેરફાર પ્રતિ ક્ષણ થતાં થતાં વર્ષો વિત્યે એ સમગ્ર વિકૃતિ આવે છે. એવી જ રીતે બાળકના જન્મ પછી એના પ્રત્યેક અવયવમાં પ્રતિ ક્ષણ બદલાવ થતો હોય છે, પણ તે જણાતો નથી. જો એજ પાંચ વર્ષના બાળકને પંદર વર્ષ બાદ જોઈશું તો એનામાં એટલી હદ સુધીનું પરિવર્તન થયું હશે કે એને ઓળખવું પણ મુશ્કેલ થઈ જાય. એવી જ રીતે એક નાનકડા પરમાણુંથી લઈ સમગ્ર બ્રહ્માંડ સુધીના બધા જ પદાર્થોમાં નિરંતર પરિવર્તન થઈ રહ્યું છે. આ પરિવર્તન જડ પદાર્થોનો સ્વાભાવિક ધર્મ છે.

## ક્ષણ-પ્રધ્વંસીઃ

જે રીતે ભૌતિક જડ તત્ત્વોને ક્ષણ પરિણામી દર્શાવ્યા છે; તે રીતે જ એને અન્ય શબ્દોમાં ક્ષણ પ્રધ્વંસી પણ કહેવાય છે. ક્ષણ પ્રધ્વંસી એટલે જે પણ દેખીતા દૃશ્ય પદાર્થો છે, તે ક્ષણે-ક્ષણે નાશ પામી રહ્યા છે. જો કે દરેક ક્ષણે થતો એમનો નાશ નજરે નથી પડતો. જે રીતે – આપણે કહીએ છીએ કે એ જ ગંગામાં સ્નાન કર્યું; એ જ દિવો પ્રજ્વલિત છે.

પરંતુ વિચાર પૂર્વક તપાસીશું તો આ બધા જ કથન ખોટાં છે. કારણ કે જે ગંગામાં તમે પહેલાં સ્નાન કર્યું, તે પાણી તો વહીને આગળ નીકળી ગયું. જ્યારે તમે બીજીવાર સ્નાન કરવા ગયા, ત્યારે તો ત્યાં જુદું જ પાણી આવી ગયું હતું, પરંતુ એ બન્ને પાણી સમાન જાતિય હોવાથી આપણે કહીએ છીએ કે એ જ ગંગામાં સ્નાન કર્યું. એવી જ રીતે દીવાની જે જ્યોત દેખાય છે, તે દરેક ક્ષણે નષ્ટ થતી હોય છે અને દિવેટ દ્વારા ઉપર આવતું તેલ નવી જ જ્યોત બની પ્રકાશે છે. આ રીતે પ્રતિ ક્ષણે 'જ્યોત'નો વિનાશ થતો રહે છે. પરંતુ સમાન જાતિય 'જ્યોત' ઉત્પન્ન થતી રહેવાથી આપણે કહીએ છીએ કે એ જ 'જ્યોત' સળગી રહી છે. આ રીતે એવું સિદ્ધ થાય છે કે ભલે આપણને પ્રતિક્ષણ  પ્રધ્વંસનો પ્રત્યક્ષ અનુભવ ન થતો હોય, છતાં બધા જ પદાર્થો  દરેક ક્ષણે નાશ પામતા જ હોય છે.

### ગહનતા થીઃ

આ જ વાતને થોડી ગહનતાથી જોઈશું તો સ્પષ્ટ થઈ જશે કે અનન્ત બ્રહ્માણ્ડોની ઉત્પત્તિ, સ્થિતિ તેમ જ પ્રલય, આવા સ્વાભાવિક, સતત્ નિયમિત પરિવર્તનનું જ ફળ છે.

## અનુલોમ તેમ જ વિલોમ પરિણામઃ

સામાન્ય રીતે આ પરિવર્તન અથવા પરિણામને બે ભાગોમાં વહેંચવામાં આવે છે – (૧) અનુલોમ પરિણામ અને (૨) વિલોમ પરિણામ. અવ્યાકૃત (ઈશ્વર) થી આકાશ, આકાશથી વાયુ, વાયુથી તેજ, તેજથી જળ, જળથી પૃથ્વી, તેમ જ પૃથ્વી આદિ સૂક્ષ્મ મહાભૂતોમાંથી (પઞ્ચીકૃત થઈને) સ્થૂળ પૃથ્વી આદિ તેમ જ સ્થૂળ પૃથ્વીના પરિણામ સ્વરૂપ ઉદ્ભિજ આદિ ચોર્યાસી લાખ ને એક યોનિઓ તથા મહેલ, મકાન લોકલોકાન્તર આદિ સમ્પૂર્ણ ચરાચરાત્મક બ્રહ્માણ્ડની ઉત્પત્તિ થાય છે. આનું નામ અનુલોમ પરિણામ છે. બીજું વિલોમ પરિણામ બરાબર આનાથી વિપરીત ક્રમે થાય છે, એટલે કે સૌ પ્રથમ જ્યારે સમ્પૂર્ણ ચરાચર, પ્રાણીઓના સ્થૂળ શરીર નષ્ટ થઈને કેવળ પંચમહાભૂતો જ રહી જાય છે; ત્યારે પૃથ્વી જળરૂપમાં ફેરવાઈ જાય છે; અર્થાત જળમાં વિલિન થઈ જાય છે. એવી જ રીતે જળ તેજમાં, તેજ વાયુમાં, વાયુ આકાશમાં અને આકાશ અવ્યાકૃત માયામાં વિલિન થઈ જાય છે. અનુલોમ પરિણામ વડે ફરી અવ્યાકૃતમાંથી આકાશાદિ ક્રમથી પરિણામને પ્રાપ્ત કરી ચરાચરા જગતની સ્થિતિ અને વિલોમ પરિણામ વડે ફરી પ્રલય, અને એવી રીતે આ ક્રમ ચાલ્યા જ કરે છે.

### બ્રહ્માના દિવસ અને રાત્રી:

આ બેવડા પરિવર્તનને શાસ્ત્રોમાં બ્રહ્માના દિવસ અને રાત્રી રૂપે વર્ણવ્યા છે. બ્રહ્માના એક દિવસને એક હજાર ચતુર યુગ(હજાર વાર સતયુગ, ત્રેતા, દ્વાપર અને કળીયુગ)ની અવધિ વાળો તથા રાત્રીને પણ હજાર ચતુર યુગ સુધીની અવધી વાળી દર્શાવાઈ છે. આ સમ્પૂર્ણ દૃશ્ય માત્ર ભૂતગણ બ્રહ્માના દિવસના પ્રવેશકાળમાં એ અવ્યક્ત નામવાળા બ્રહ્માના સૂક્ષ્મશરીરમાંથી ઉત્પન્ન થાય છે. અને બ્રહ્માની રાતના પ્રવેશકાળમાં એ જ અવ્યક્ત નામવાળા બ્રહ્માના સૂક્ષ્મશરીરમાં લીન થઈ જાય છે, અને એ ભૂત સમુદાય ઉત્પન્ન થઈ-થઈને પ્રકૃતિના વશમાં રહીને, રાત્રીના પ્રવેશકાળમાં ફરી ફરી વિલીન થઈ જાય છે.

## સૃષ્ટ્યાદિ પ્રવાહ અનાદિ અનન્ત છેઃ

ઉપર વર્ણવ્યા મુજબના બ્રહ્માના પોતાના સો વર્ષ પૂર્ણ થતાં બ્રહ્મા પોતાના લોક સમેત સમાપ્ત થઈ જાય છે. ત્યાર બાદ સતત્ થતા પરિવર્તનના ફળસ્વરૂપ જ ફરી બ્રહ્માંડની ઉત્પત્તિ તેમ જ પ્રલયનો પ્રવાહ અનાદિ, અનન્ત ચાલ્યા જ કરે છે. એમાં થનારા પરીવર્તન અથવા પરિણામ પણ પ્રવાહરૂપે અનાદિ, અનન્ત થતા જ રહે છે. આ કહેવાનું તાત્પર્ય એ છે કે ક્ષણમાત્ર માટે પણ આ પરિવર્તન અટકતું નથી. તેથી આ સતત, નિયમિત પરિવર્તનને કારણે જ જગતની

ઉત્પત્તિ, સ્થિતિ તેમ જ લય હમેશાં જ થતાં રહે છે. આ વાતને જ ધ્યાનમાં રાખીને શૈવ ગ્રન્થોની પૌરાણિક ભાષામાં કહ્યું છે –

"सदा सृष्टिविनोदाय सदा स्थितिसुखासिने।
सदा त्रिभुवनाहारतृप्ताय स्वामिने नमः।।"

એટલે કે સદા સૃષ્ટિ-રૂપ સાથે વિનોદ કરનાર અને જગતના સ્થિતિ-રૂપ સાથે સુખમય રીતે સ્થિર રહેનારા (સમતા જાળવનારા) અને જગતના પ્રલયરૂપી, ત્રિભુવનોના આહારથી તૃપ્ત રહેવા વાળા સ્વામીને નમસ્કાર છે.

આનું તારણ એ છે કે આ માયામય સમ્પૂર્ણ જગત સ્વરૂપથી અનાદિ અને અનન્ત છે. અર્થાત એને વિશે એવું નહીં કહી શકાય કે આ સંસાર પ્રવાહ  અમુક સમયથી શરૂ થયો અને અમુક સમયે સમાપ્ત થઈ જશે. આમ તો આ દ્વૈત પ્રપંચ ભ્રમરૂપ હોવાને કારણે દુઃખનું મૂળ જ છે, તેમ છતાં જ્ઞાન વિના અન્ય કોઈ પણ રીતે એમાંથી છૂટકારો થઈ શકે તેમ નથી. એનો અર્થ એવો થયો કે જ્યાં સુધી અધિષ્ઠાન પરમાત્માના બોધનો ઉદય ન થાય, ત્યાં સુધી અજ્ઞાન દશામાં આ સંસાર પ્રવાહ અનાદિ અને અનન્ત જળવાઈ (ભાસતો) જ રહે છે.

## બોધ (જ્ઞાન) વિના સંસારનો અંત નથીઃ

આ વાતનો ભાષ્યકાર ભગવાન્ આદ્યશંકરીચાર્યજીએ તેમ જ પઞ્ચપાદિકાકારે (શ્રી પદ્મ પદાચાર્ય) સ્પષ્ટ સંકેત કર્યો છે-

"अनादिः अनन्तो नैसर्गिकोऽध्यासः ...अस्यानर्थ हेतोः,
प्रहाणाय आत्मैकत्वविद्याप्रतिपत्तये सर्वे वेदान्ता आरभ्यन्ते"
(अध्यासभाष्य)

એટલે કે 'આ સ્વાભાવિક (જગત નો) અધ્યાસ અનાદિ અને અનન્ત છે. બધા જ અનર્થોનું મૂળ આ જગતના અધ્યાસની નિવૃત્તિ માટે વેદાન્તશાસ્ત્ર (ના અભ્યાસ)નો આરંભ છે.' (અધ્યાસ ભાષ્ય)

"अनन्तस्य प्रहाणाय वेदान्ता आरभ्यंते इत्युक्तेः अर्थदिष
एव प्रहाणहेतुःअसत्यस्मिन् अनन्त इति निश्चीयते"।
(पंचपादिका)

'અનન્ત (જગત ના) અધ્યાસની નિવૃત્તિ માટે વેદાન્ત-શાસ્ત્ર (નો અભ્યાસ) છે. આ કહેવાનું તાત્પર્ય એ છે કે જો વેદાન્ત-વિજ્ઞાન (બ્રહ્મવિદ્યા)ની પ્રાપ્તિ ન થાય તો એ નિશ્ચિત છે કે આ સંસારનો કોઈ અન્ત નથી.' (પંચપાદિકા)

## જીવભાવનો પણ બોધ (જ્ઞાન) વગર અન્ત નથીઃ

આપણે ઉપર જોયું કે આ સમ્પૂર્ણ જગતનો પ્રવાહ અનાદિ અને અનન્ત છે. બ્રહ્માંડ સહિત અનન્ત બ્રહ્માઓનો પ્રલય પણ થઈ જાય તો એ આ સૃષ્ટિ વારંવાર એ રીતે જ ઉત્પન્ન થતી રહે છે અને અગાઉ મુજબ જ એની સ્થિતિ અને પ્રલયનો ક્રમ ચાલ્યા જ કરે છે. એ પ્રમાણે જ ભૌતિક લિઙ્ગ, કે સૂક્ષ્મ શરીર એટલે કે અનન્ત વાસનાઓ સાથેનો ઉપાધિઓવાળો જીવ, પોતાના કર્મો અનુસાર અનેક યોનિઓમાં ફરતો જ રહે છે. એ જે પણ યોનિ પ્રાપ્ત કરે છે, તે યોનિમાં પણ અસંખ્ય વાસનાઓ એમાં ઉમેરાતી જ રહે છે. આ રીતે અગણ્ય બ્રહ્માઓના પ્રવાહરૂપથી લયને પ્રાપ્ત કર્યા બાદ પણ આ આવવા-જવાના ચક્રમાં ફસાએલો જીવ, દુઃખ રૂપી સંસાર સાગરમાં ડુબકીઓ ખાતો જ રહે છે. એટલે કે આ દુઃખદાયક સંસારથી છૂટકારો નથી પામતો. તાત્પર્ય એ છે કે આ અનાદિ, અનન્ત સંસારચક્રથી જ્ઞાન વિના જીવની મુક્તિ નથી થતી. એક સાધકને સમ્પૂર્ણ જગતના અધિષ્ઠાન સ્વરૂપ બ્રહ્મનું આત્મ રૂપે જ્ઞાન થઈ જાય પછી પણ પ્રારબ્ધ(કર્મ)ની સ્થિતિ રહે ત્યાં સુધી એ એક જીવનમુક્ત તરીકે આ સંસારમાં જ રહે છે, અને પ્રારબ્ધ(કર્મના) ક્ષીણ થતા સાથે એ વિદેહ કૈવલ્યને પ્રાપ્ત કરી લે છે.

## સૂક્ષ્મ સમષ્ટિ હિરણ્યગર્ભ છેઃ

સૂક્ષ્મ સમષ્ટિને હિરણ્યગર્ભ કહેવામાં આવે છે. હિરણ્યગર્ભની વિશેષ વ્યાખ્યા આપણે અગાઉ પાન ૨૮ પર કરી ચૂક્યા છીએ. હિરણ્યગર્ભ એ આત્માની ઉપાધિ છે.

"एतत्सूक्ष्मशरीरमात्मनः"

આ જે હિરણ્યગર્ભ છે, એ આત્માનું સૂક્ષ્મશરીર છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે રીતે વિરાટને આત્માના સ્થૂળશરીરતરીકે ઓળખાવ્યો હતો, વિરાટ સ્વયં આત્મા નથી, એ તો આત્માનું સ્થૂલ શરીર છે. એવી જ રીતે હિરણ્યગર્ભ પણ આત્મા નથી, આત્માની સૂક્ષ્મશરીર રૂપ ઉપાધી જ છે.

જે રીતે ચિત્રમાં દોરેલું વસ્ત્ર, ચિત્રનો આધાર નથી હોતો; એવો આધાર તો કેવળ સાચું વસ્ત્ર જ બની શકે જેના પર દોરેલા વસ્ત્ર સાથેનું સમગ્ર ચિત્ર ચિતરેલું છે. એવી જ રીતે હિરણ્યગર્ભ ભલે ને જગત રૂપી ચિત્રની કક્ષાનું હોય પરંતુ તે જગતનું અધિષ્ઠાન એવો આત્માતો ન જ બની શકે ને.

## હિરણ્યગર્ભ એ એક વિશિષ્ટ અર્થમાં પણ ઉપાધિ જ છેઃ

આમ તો હિરણ્યગર્ભ શબ્દ સમષ્ટિ સૂક્ષ્મ ઉપાધિ વાળા આત્મા માટે જ વપરાય છે, પરંતુ અહીં તો એનો પ્રયોગ કેવળ સમષ્ટિ સૂક્ષ્મની ઉપાધિના અર્થમાં જ (હિરણ્યગર્ભ શબ્દનો) ઉપયોગ થયો છે.

### સ્વપ્ન અવસ્થાઃ

"कारणेषूपसंहृतेषु जागरितसंस्कारजः प्रत्ययः सविषयः स्वप्न इत्युच्यते"

'ઇન્દ્રિયોના નિષ્ક્રિય થઈ જતાં જાગૃત અવસ્થાના સંસ્કારથી ઉત્પન્ન થએલ (વાસનામય) વિષય સહિતના જ્ઞાનને – સ્વપ્ન અવસ્થા કહેવામાં આવે છે.'

## "પૂર્વપ્રસઙ્ગ" હિતા નામની નાડિઓઃ

આપણે આગળ ઉપર પણ જોયું કે હિતા નામની નાડિઓ વાળના હજારમાં ભાગ જેટલી સૂક્ષ્મ અને ભૂરા, પીળા, લીલા તેમ જ લાલ રંગોના રસો વાળી હોય છે. આ રસો વાત, પિત્ત અને કફના પારસ્પરિક સંયોગની વિવિધ વિષમતાને કારણે જુદા જુદા અને ઘણાં પ્રકારોના હોય છે. આ હિતા નામક નાડિઓ સ્ફટિકની જેમ સ્વચ્છ હોય છે, પરંતુ જે રંગના રસાયણ ધરાવે છે તે રસોવાળી કહેવાય છે. આ સૂક્ષ્મ નાડિઓ સમગ્ર શરીરમાં ફેલાએલી છે. એમાં જ સત્તર તત્વો વાળું લિઙ્ગશરીર પણ રહે છે. સામાન્ય રીતે તો એમાં રહેતું લિઙ્ગશરીર આખા (ભૌતિક) શરીરમાં પ્રસરેલું હોય છે. પરન્તુ વિશેષરૂપે જ્યારે નેત્રોમાંની હિતાનામની નાડિઓમાં (લિઙ્ગશરીર) પ્રવેશે છે, ત્યારે જાગ્રત અવસ્થા હોય છે.

## સ્વપ્ન અવસ્થાનો પૂર્વ પ્રસંગઃ

આપણે અગાઉ ઉપરોક્ત જાગ્રત અવસ્થાના વર્ણનમાં જોયું કે દેવતાઓના અનુગ્રહથી પ્રાપ્ત થએલ બાહ્યકરણ અને અંતઃકરણ વડે જે તે વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે એને જાગ્રત અવસ્થા કહેવામાં આવે છે. એટલે કે બાહ્યકરણ રૂપી દાયરાઓમાં રહીને ઇન્દ્રિઓ પોતપોતાના કાર્યમાં રોકાએલી રહે છે. આ અવસ્થામાં જે ઇન્દ્રિય સાથે મન હોય છે, એ જ ઇન્દ્રિયના વિષયને તે ગ્રહણ કરે છે, તેમ જ ચિત્ત પર એ વિષયોના જ સંસ્કાર પડે છે, તથા એ સંસ્કારોજ એકત્રિત થતા રહે છે. આ રીતે સ્થૂળ જગતમાંથી નવા સંસ્કારો ભેગા થાયછે તેમ જ પૂર્વ સંસ્કારો પણ પ્રગટ થતા રહે છે અને ચિત્ત એમનું (સંસ્કારોનું)જ ચિન્તન કરતું રહે છે.

જ્યારે એકત્રિત થએલ સંસ્કારો સાથેનું સત્તર તત્ત્વોવાળું સૂક્ષ્મશરીર કણ્ઠસ્થ હિતાનામક નાડિઓમાં વિશેષ રૂપે પ્રવેષે છે, ત્યારે જાગ્રત જેવું જ એને અહીં સ્વપ્ન આવે છે. આ અવસ્થાઇન્દ્રિઓ મનમાં લીન થઈ જાય છે. અર્થાત ઇન્દ્રિઓ

બાહ્ય વિષયોને ગ્રહણ કરવાને સમર્થ નથી રહેતી. ત્યાં વિષય અને વિષયોને ગ્રહણ કરનારી ઇન્દ્રિઓ અને વૃત્તિઓના રૂપમાં વાસનાઓ જ પ્રગટ થાય છે.

## સ્વપ્નમાં ઇન્દ્રિઓનું કામ હિતાનામની નાડિઓ કરો છેઃ

જે રીતે જાગ્રત અવસ્થામાં સ્થૂળ જગત અને ઇન્દ્રિઓ વગેરે સંસ્કારોને પ્રગટ કરવામાં સહાયક બને છે, બરાબર એ જ રીતે આ સ્વપ્ન અવસ્થામાં હિતાનામની નાડિઓમાં જે રસ પ્રવાહિત થઇ રહ્યો છે, તે જ એના સંસ્કારોને પ્રગટ કરે છે. વાસનાઓ એટલે કે સંસ્કારોનું આશ્રયદાતા લિઙ્ગશરીર(સૂક્ષ્મશરીર) અપઞ્ચીકૃત(સૂક્ષ્મ) પઞ્ચમહાભૂતોના સત્ત્વગુણ નું કાર્ય હોવાથી સ્વચ્છ સ્ફટિક મણીના જેવું જ છે. આ સૂક્ષ્મશરીર (મન) નાડીગત રસ રૂપ ઉપાધિના સંસર્ગથી ધર્માધર્મ પ્રેરિત, પ્રગટ વૃત્તિઓ વાળા તેમ જ સ્ત્રી, રથ, હાથી આદિ આકાર વાળી વિશેષ વાસનાઓથી રંગાઇને દેખાય (ભાસે) છે.

## સ્વપ્નમાં મનનું યથાર્થ સ્વરૂપઃ

સૂક્ષ્મ શરીરની વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન સ્વપ્નમાં જ થાય છે. આમ તો જાગ્રતકાળમાં પણ એની સ્થિતિની ખબર તો પડે છે, પરંતુ જાગ્રત અવસ્થામાં બુદ્ધિની પ્રધાનતા હોવાને કારણે મનુષ્ય આન્તરિક ભાવોને દબાવી દે છે, અથવા તો એમ પણ કહી શકાય કે લોકલાજ આદિને કારણે એના પર પડદો જેવો પડ્યો રહે છે. અને તે ત્યાં સુધી કે કોઇ કોઇ વ્યક્તિ તો પોતાના ચહેરા પર એનો ભાસ પણ આવવા દેતા નથી. પરંતુ સ્વપ્નવસ્થામાં અન્તઃકરણની સ્થિતિનું સાચું જ્ઞાન થઈ જાય છે.

## અવિદ્યાગ્રસ્તનું સ્વપ્નઃ

**બૃહદારણ્યકોપનિષદનો પ્રસંગ** – જેના પર અવિદ્યા સવાર છે, તેને રથાદિ, સ્ત્રી, કે હાથી ખદેડી રહ્યા છે, અથવા જે સમયે વાસનાઓને કારણે કોઇ શત્રુ કે ચોર આવીને એને મારે છે, ત્યારે અભણ નકામો જ ચિંતિત થાય છે. એ સમયે ન તો એને કોઈ મારતું હોય છે કે ન એને કોઈ વશમાં કરતું હોય છે. અવિદ્યાને કારણે જન્મેલી વાસના જ કેવળ આવી ભ્રાન્તિ બની જાય છે. એવી જ રીતે હાથી જેવું કોઈ એનો પીછો કરે છે અને તે પોતાને કોઈ જૂની ખાઇ કે કુવામાં પડતો જુએ છે, આ રીતે મિથ્યા વાસનાઓ ઉત્પન્ન થઈ જાય છે, જે દુઃખ રૂપ હોવાને કારણે અત્યન્ત અવિદ્યામયી અને અન્તઃકરણની અધમ વૃત્તિને આશ્રયે રહે છે. આ સ્થિતિ અવિદ્યા વાસનામય છે, એટલે કે અવિદ્યાને કારણે એમાં ભેદ બુદ્ધિ દૃઢ થઈ રહી છે, અથવા તો એમ કહી શકાય કે અવિદ્યાનું પ્રભુત્વ છે.

## વિદ્યાનો ઉત્કર્ષ થતા (વૃ૦):

જ્યારે અવિદ્યાનું પતન અને વિદ્યાનો ઉત્થાન થવા લાગે છે, ત્યારે જે રીતે જાગ્રતકાળમાં જ્યારે દૈવી વિદ્યાઓ જન્મે છે, ત્યારે પ્રગટેલી વાસનાઓને કારણે સ્વયંને દેવતા તુલ્ય તેમ જ રાજા સમાન માને છે. જે રીતે જાગ્રત અવસ્થામાં અભિષેક વિધિથી રાજા બનેલો પુરુષ એ જ રાજ્ય વાસનાને કારણે સ્વપ્નમાં પણ એ રાજા જ છે, એવું માને છે.

## સર્વાત્મભાવરૂપી વિદ્યાના ઉત્પન્ન થવાથી (વૃ૦):

આ જ રીતે જ્યારે અવિદ્યા અત્યન્ત ક્ષીણ થઈ જાય છે અને સર્વાત્મ વિષયીક વિદ્યા જન્મે છે, ત્યારે એ ભાવથી ભીજાએલા હોવાને કારણે એ સ્વપ્નમાં પણ, 'હું જ સર્વેસર્વા છું.' એવું માને છે. આ જે સર્વાત્મભાવ છે, તે આ આત્માનો પરમલોક, સ્વાભાવિક પરમ આત્મભાવ છે; એટલે કે એનું સ્વરૂપ છે.

## પરમલોક અને અપરમલોક (વૃ૦):

જે સર્વાત્મભાવથી ઉતરીને સ્વયંને બાલાગ્ર ભાવમાં પણ 'હું આ નથી' એ રીતે અન્ય રૂપમાં જુએ છે તેની આ અવસ્થા અવિદ્યા જ છે. એ અવિદ્યા દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા જે અનાત્મભાવો છે, તે બધા સદાકાળના લોક – અપરમલોક છે, એ વ્યવહાર વિષયક લોકો કરતાં આ સર્વાત્મભાવ પૂર્ણ તથા અન્તર-બાહ્ય વિનાનો, એ જ એનું પરમલોક છે. માટે જ અવિદ્યાનો અપકર્ષ અને વિદ્યાની પરાકાષ્ઠા થતાં સર્વાત્મભાવની પ્રાપ્તિ જ મોક્ષ છે. આનું તાત્પર્ય એ છે કે જે રીતે આત્મા સ્વયં પ્રકાશરૂપે પ્રત્યક્ષ થાય છે, તેવી જ રીતે વિદ્યાનું  ફળ મોક્ષની પ્રત્યક્ષ ઉપલબ્ધિ જ હોય છે. આ રીતે સ્વપ્નાવસ્થા વિદ્યામયી તેમ જ અવિદ્યામયી સ્થિતિને યથાર્થ રૂપે પ્રગટ કરે છે.

## તૈજસઃ

"तदुभयाभिमान्यात्मा तैजसः"

ઉપર મુજબના સૂક્ષ્મશરીર અને સ્વપ્નાવસ્થા એ બન્નેનો અભિમાની આત્મા તૈજસ કહેવાય છે. સર્વાત્મભાવને પ્રાપ્ત કરીને જ અભિમાની આત્મા તૈજસ નામે ઓળખાય છે. સર્વાત્મભાવને પ્રાપ્ત કરીને એટલે કે પૂર્ણપણે વિદ્યાના પ્રાગટ્ય દ્વારા જ્યાં સુધી બધા જ ભેદ-ભ્રમોની નિવૃત્તિ કરીને મોક્ષ પ્રાપ્ત ન કરી લે, ત્યાં સુધી સામાન્ય મનુષ્યની સ્થિતિમાં રહેતાં, ઉપરોક્ત સ્વપ્નાવસ્થા તેમ જ વ્યષ્ટિ સૂક્ષ્મ શરીરમાં અભિમાન કરીને તૈજસ તરીકે ઓળખાય છે.

## તૈજસ અને હિરણ્યગર્ભની એકતાઃ

આ તૈજસની, સૂક્ષ્મ સમષ્ટિ અભિમાની હિરણ્યગર્ભ જોડે તત્ત્વતઃ એકતા છે, એ વાતને જ દર્શાવવા માટે સૂક્ષ્મ સમષ્ટિ રૂપ હિરણ્યગર્ભને આત્માનું સૂક્ષ્મશરીર કહેવામાં આવ્યું છે. હવે જ્યારે સમષ્ટિ સૂક્ષ્મ અને વ્યષ્ટિ સૂક્ષ્મ બન્ને એક જ માયાના કાર્યો છે અને ઉપાધિ એક જ છે અને જે રીતો અગાઉના વર્ણનથી સ્પષ્ટ જ છે કે ઉપાધિ વાળી ચેતનમાં કદી ભેદ હોતો જ નથી. ઉપાધિને કારણે જ એ ભેદ માત્ર જણાય (ભાસે) છે. જ્યારે તત્ત્વતઃ તૈજસ અને હિરણ્યગર્ભની ઉપાધિ એક જ છે, ત્યારે તૈજસ અને હિરણ્યગર્ભની એકતા એની મેળે જ સિદ્ધ થઈ જાય છે. જે રીતે અગાઉ આપણે વિરાટ અને વિશ્વની એકતાનું કથન કરી જ ચૂક્યા છીએ. તાત્પર્ય એ જ નીકળે છે કે તૈજસ અને હિરણ્યગર્ભનો ભેદ કેવળ એક ભ્રમમાત્ર જ છે. આ ભ્રમની નિવૃત્તિ કરવા માટે તૈજસ અને હિરણ્યગર્ભની એકતાનું ચિંતન કરવું જોઈએ. આ વાતને જણાવવા માટે જ તૈજસના વિવરણમાં સૂક્ષ્મ સમષ્ટિ હિરણ્યગર્ભને આત્માનું સૂક્ષ્મ શરીર કહેવામાં આવ્યું છે.

## ઉકાર-માત્રા નો ઉપસંહારઃ

"एतत् त्रयम् उकारः"

આ સૂક્ષ્મ શરીર, સ્વપ્નાવસ્થા અને એ બન્નેના અભિમાની 'તૈજસ' એ ત્રણે, ૐકારની બીજી માત્રા 'ઉ'કાર છે, અર્થાત આ ત્રણે અંગે 'દ્વૈત' ન કરવી જોઈએ. કારણ કે એ ત્રણે 'ઉ'કાર ની અન્તરગત જ છે, એટલે કે ૐકારની એક 'ઉ'કાર માત્રા રૂપ છે

જે સ્થૂળ શરીર તેમ જ સૂક્ષ્મ શરીર બન્નેનું કારણ શરીર છે તેમ જ જે અજ્ઞાનના નિવૃત્ત થએ પ્રારબ્ધ(કર્મ)ના ક્ષય થવાથી સ્થૂળની સાથે સૂક્ષ્મ પણ નષ્ટ થઈ જાય છે, એને 'કારણ શરીર' (અવ્યાકૃત) કહેવામાં આવે છે, જેનું વર્ણન આપણે હવે પછી 'મ'કાર માત્રામાં કરીશું.

॥'ઉ'કારની વ્યાખ્યા પૂરી થઈ॥

# પ્રકરણ: ૩. મકાર માત્રા

## જગતના બે ભેદ

આ જગત બ્રહ્મનું વિવર્ત છે એટલે કે એ બ્રહ્મમાં અધ્યસ્ત(આધાર રાખનાર) છે, જે રીતે સર્પ દોરડીમાં અધ્યસ્ત હોય છે.

આ અધ્યસ્ત જગતના બે ભેદ(જુદા જુદા સ્વરૂપો) છેઃ-

(૧) કારણ રૂપ અને (૨) કાર્ય રૂપ.

વળી કારણ રૂપ જગતના પણ બે ભેદ હોય છેઃ-

(૧) નિમિત્ત કારણ અને (૨) ઉપાદાન (મૂળ કે મુખ્ય) કારણ.

નિમિત્ત કારણ એને કહેવાય જે મૂળ કારણ સિવાયનું હોવા છતાં કાર્યને પાર પાડવા માટે હેતુરૂપ હોય છે. જે રીતે સોનાના કંગનમાં ઉપાદાન તો સોનું જ છે, પરંતુ સોનામાંથી કંગન બનાવવા માટે, જે સોની અને તેના ઓજારોનો ઉપયોગ થાય છે તે એના નિમિત્ત કારણો તરીકે ઓળખાય છે.

ઉપાદાન કારણના પણ ત્રણ ભેદો માનવામાં આવે છેઃ-

(૧) આરમ્ભી (૨) પરિણામી અને (૩) વિવર્તી

આ વાતોને લક્ષમાં રાખી ત્રણ વાદો પ્રસિદ્ધ છેઃ-

(૧) આરમ્ભવાદ (૨) પરિણામવાદ અને (૩) વિવર્તવાદ

પ્રથમ જે નૈયાયિક આદિનો આરમ્ભવાદ છે, તે બ્રહ્મ વિચારની અનુસંધાનમાં ખાસ મહત્વનો નથી. એ રીતે ઉપાદાન કારણના મુખ્ય ભેદો બે જ રહી જાય છેઃ-

(૧) પરિણામી ઉપાદાન કારણ અને (૨) વિવર્તિ ઉપાદાન કારણ.

પરિણામી ઉપાદાન કારણનો અર્થ એ છે કે પરિણામ પામીને કાર્યનું સ્વરૂપ ધારણ કરે છે. જે રીતે દૂધ પરિણામી ઉપાદાન કારણ છે તેમ જ દહીં એનું પરિણામરૂપ કાર્ય છે. આ રીતે એ સ્પષ્ટ છે કે દૂધ જ પરિણામ પામીને દહીંનું સ્વરૂપ ધારણ કરી લે છે.

વિવર્તિ ઉપાદાન કારણનો અર્થ એ છે કે વિવર્તિ કારણ પોતાના સ્વરૂપમાં જેવું હોય તેવું અવિકૃતરૂપમાં જ રહેવા છતાં કાર્યરૂપમાં ભાસે (જણાય) માત્ર છે. જે રીતે આપણે ઉપર જોયું કે દારડીમાં સર્પ અધ્યસ્ત છે, એટલે કે સર્પ દોરડીનો વિવિર્ત છે. અહીં આપણે જોઈએ છીએ કે દોરડી જેમની તેમ પોતાના સ્વરૂપમાં અવિકૃત (કોઈ પણ ફેરફાર વિના) જ રહેતી હોવા છતાં સર્પના રૂપમાં માત્ર ભાસે છે.

બ્રહ્મ પણ આ રીતે જ જગતનું વિવર્તિ ઉપાદાન કારણ છે; એટલે કે બ્રહ્મ પોતાના તાત્ત્વિક સ્વરૂપમા જેવું છે તેવું જ રહેવા છતાં, જગતના રૂપમાં ભાસે માત્ર છે. જગતનું પરિણામી ઉપાદાન કારણ છે માયા, એટલે કે જગતનો જે પણ આકાર પ્રકાર જણાય છે, એ સઘળું માયાનું જ પરિણામ છે. વ્યષ્ટિ-સમષ્ટિ રૂપ બધા જ જીવોના કર્મો (તેમના જીવન ધોરણનું) નિમિત્ત કારણ હોય છે. જીવોના આ કર્મરૂપી નિમિત્તને કારણે જ ઉંચ-નીચ, સારું-ખરાબ, સુખી-દુઃખી, કુરૂપ-સુરૂપ આદિ વિષમ તથા વિચિત્ર જગતની ઉત્પત્તિ થાય છે.

## કાર્ય કારણાત્મક જગત્ બ્રહ્મનું વિવર્ત છેઃ

ધ્યાનમાં રાખવા જેવી વિશેષ વાત એ છે કે જે બ્રહ્મ વિવર્તકારણ છે, તેનું વિવર્ત, કાર્યજગતની સાથે માયારૂપી ઉપાદાન કારણો તેમ જ જીવોનાં કર્મરૂપી નિમિત્ત કારણો પણ છે. એટલે કે એ બ્રહ્મમાં જીવોના કર્મરૂપી નિમિત્ત કારણો પણ છે. એટલે કે એ (કર્મરૂપી નિમિત્ત કારણો વાળા એ જીવો) બ્રહ્મમાં અધ્યસ્ત જ છે. જે રીતે – પઞ્ચભૂતના કાર્યો, એ મનુષ્યાદિના શરીર કે પછી વૃક્ષાદિ જે રીતે પઞ્ચભૂતમાં જ અધ્યસ્ત છે; અર્થાત બીજની પણ પઞ્ચભૂતથી અલગ એવી સત્તા નથી. માટે પઞ્ચભૂત માયા અને કર્મ પણ બ્રહ્મમાં અધ્યસ્ત જ છે.

## બ્રહ્મ જગતથી જુદું છેઃ

આ પરિસ્થિતિ માટે વિશેષ વક્તવ્ય એ છે કે ઉપાદાન કારણના જે બે મુખ્ય ભેદ દર્શાવવામાં આવ્યા છેઃ-

(૧) પરિણામી ઉપાદાન કારણ અને (૨) વિવર્તિ ઉપાદાન કારણ –

તેમાનું પરિણામી ઉપાદાન કારણ જે માયા (અજ્ઞાન) છે. એ જ કારણરૂપ જગત છે.

વિવર્તિ ઉપાદાન કારણ જે બ્રહ્મ છે તે જગત અન્તર્ગત નથી આવતું, કારણ કે કાર્ય-કારણાત્મક સમ્પૂર્ણ જગતનું એ (બ્રહ્મ) અધિષ્ઠાન છે અને જગત એમાં અધ્યસ્ત છે, અને જે અધિષ્ઠાન છે, તે અધ્યસ્તમાં સમાએલું ન હોઈ શકે. જે રીતે દોરડી એના અધ્યસ્ત સર્પ, દણ્ડ આદિના અન્તર્ગત ન આવી શકે.

આ રીતે કારણરૂપ જગતનું વર્ણન આપણે ઉપર મુજબ કર્યું. અને કાર્યરૂપ જગતની વ્યાખ્યા હવે નીચે મુજબ છેઃ-

## કાર્યરૂપ જગતના બે પ્રકારો હોય છેઃ-

(૧) સ્થૂળ અને (૨) સૂક્ષ્મ; જેમનું વર્ણન અગાઉ ‘અકાર માત્રા’ તેમ જ ‘ઉકાર માત્રા’માં આપણે કરી જ ચૂક્યા છીએ. હવે ઉપરના બન્ને સ્થૂળ તેમ ત સૂક્ષ્મ કાર્યરૂપ જગતનું કારણ, અવ્યાકૃત (અજ્ઞાન)નું વર્ણન કરવામાં આવી રહ્યું છે. કારણ આ બન્ને ‘અકાર’ તેમ જ ‘ઉકાર’ ની પણ અલગ-અલગ સત્તા માની લેવાથી ‘દ્વૈત’ની પ્રાપ્તિ થાય છે. માટે કહેવાય છે કે –

**“शरीरद्वयकारणमात्माऽज्ञानं साभासमव्याकृतामित्युच्यते”**

એટલે કે સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને શરીરોનું કારણ આત્માનું અજ્ઞાન છે. આભાસની સાથે એને અવ્યાકૃત કહેવામાં આવે છે. તાત્પર્ય એ છે કે સ્થૂળ તેમ જ સૂક્ષ્મનું કારણ પણ એ જ આભાસ અવ્યાકૃત છે; આભાસ એટલે કે ચિદાભાસથી વ્યાપેલું (ચૈતન્ય અધિષ્ઠિત) અવ્યાકૃત જ સ્થૂળ-સૂક્ષ્મ જગતનું કારણ હોય છે.

એનું સ્પષ્ટિકરણ નીચે મુજબ છેઃ-

બન્ને શરીરો (સ્થૂળ અને સૂક્ષ્મ જગત)નું કારણ આત્માનું અજ્ઞાન છે. અર્થાત આ બન્ને શરીરોની સત્યરૂપથી પ્રતીતિ ત્યાં સુધી જ છે, જ્યાં સુધી આત્માનું અજ્ઞાન ટકી રહે છે, એ જ આ બન્ને શરીરોનું કારણ છે; એટલે કે જ્યાં સુધી બ્રહ્માકાર વૃત્તિ નથી થતી, ત્યાં સુધી ચિદાભાસને પોતાના વાસ્તવિક સ્વરૂપનું અજ્ઞાન રહે છે. આ અજ્ઞાનને કારણે જ સ્થૂળ-સૂક્ષ્મ વિષયાકાર વૃત્તિને ભ્રમથી એ પોતાનું સ્વરૂપ માને છે. ત્રિગુણાત્મિકા માયા કે અજ્ઞાનમાં આવા અનન્ત સંસ્કારો તેમ જ ચિદાભાસ વાળા અનન્ત અન્તઃકરણ બીજરૂપે વિદ્યમાન હોય છે; એટલે કે તે બધા અવ્યક્ત-અપ્રગટ રહે છે, તેથી જ આવા અજ્ઞાનને અવ્યાકૃત તરીકે ઓળખવામાં આવે છે. એને અવ્યાકૃત (કારણ અવસ્થા) એટલા માટે પણ કહેવાય છે કારણ કે સ્થૂળ અને સૂક્ષ્મ જગત રૂપી ભ્રાન્તિનું કારણ પણ એ જ છે. અને એ જ કારણે એને અજ્ઞાન કે અવિદ્યા પણ કહે છે.

અહીં વિશેષ જાણવા જેવું એ પણ છે કે અવ્યાકૃત શબ્દ અત્રે મુખ્યત્વે સમષ્ટિના કારણોપાધિ રૂપે વર્ણવિત છે. પરંતુ જે રીતે વિરાટ અને હિરણ્યગર્ભ શબ્દો ક્રમશઃ સમષ્ટિ સ્થૂળ અને સમષ્ટિ સૂક્ષ્મ ઉપાધિઓ માટે તેમ જ ઉપાધિવાળાઓ માટે વપરાય છે, એવી જ રીતે અવ્યાકૃત શબ્દ પણ કારણોપાધિ તેમ જ કારણોપાધિ વાળા ઈશ્વરને માટે

પણ વપરાય છે. ફરક કેવળ એટલો જ છે કે જ્યારે સમષ્ટિ કારણોપાધિના અર્થમાં અવ્યાકૃત શબ્દનો ઉપયોગ કરાય છે, ત્યારે ચિદાભાસ એનું વિશેષણ હોય છે અને અવ્યાકૃત વિશેષ્ય અને જ્યારે અવ્યાકૃત શબ્દ ઈશ્વરના અર્થમાં વપરાય છે ત્યારે અવ્યાકૃત વિશેષણ અને ચિદાભાસ વિશેષ્ય બની જાય છે. કારણ કે, અધિષ્ઠાન-શુદ્ધ સ્વરૂપ બ્રહ્મમાં કારણોપાધિને લીધે જ જગતનું કારણરૂપ ઈશ્વરત્વ છે અને તે પણ અધ્યસ્થ છે.

હવે ઈશ્વરની ઉપાધિ માયા જેને ઉપર આપણે અવ્યાકૃત શબ્દથી વર્ણવી, એના સ્વરૂપ વિશે જાણીએઃ-

"एतत् कारणशरीरमात्मनः।"

અર્થાત જે કારણરૂપી ઉપાધિ-અવ્યાકૃત છે એ આત્માનું કારણ શરીર છે. કારણ શરીર કહેવાનું તાત્પર્ય એ છે કે આ અવ્યાકૃતને જ આત્મા કે પરબ્રહ્મ નહીં સમજવો જોઈએ. કારણ કે આત્મા અધિષ્ઠાન શુદ્ધ ચેતન સ્વરૂપ છે અને અવ્યાકૃત એ વિકારી તેમ જ જડ છે. આત્મા  સ્વયં પ્રકાશ અને પરમાનન્દ સ્વરૂપ છે અને અવ્યાકૃત આત્માની જ સત્તાથી સત્તાવાન તેમ જ દુઃખમય જગતનો હેતુ છે. આત્મા સત્ય છે, અવ્યાકૃત મિથ્યા છે.

## અવિદ્યાનું સ્વરૂપઃ

"तच्च न सत्, नासत्, नापिसदसत्, नाभिन्नं, नापि भिन्नाभिनं कुतश्चित्, न निरवयवं, न सावयवं, नोभयम्"।

તે નથી તો સત્ય કે નથી એ અસત્ય, કે નથી એ સત્ય-અસત્ય. નથી એ ભિન્ન કે નથી એ ભિન્ન-અભિન્ન. નથી એ અવયવ સાથે કે નથી એ અવયવ વિના, કે નથી એ બન્ને વચ્ચેનું.

## અવિદ્યા સત્ નથીઃ

સુષુપ્તિ, નિદ્રા, માયા, અજ્ઞાન, અવિદ્યા, શક્તિ, તમ, પ્રકૃતિ, પ્રલય, તિમિર, તામિશ્રા, અંધતામિશ્ર, જડિમા, મોહ, જગત્પ્રકૃતિ, અચ્યુતશક્તિ, આંધ્ય, અનૃત, ગુણૈક્ય ઈત્યાદિ શબ્દો વડે ઓળખાનાર અવ્યાકૃત (અજ્ઞાન) સત્ નથી; કારણ કે જો એ સત્ હતે તો  શાસ્ત્રોમાં બ્રહ્મને માટે 'એકમ્ એવ અદ્વિતિય - એકમેવાદ્વિતીયં' એવો શબ્દ પ્રયોગ નહીં હોત. સ્વગત, સજાતિય અને વિજાતિય એ ત્રણે પ્રકારના ભેદોનો[1] નિષેધ કરવા માટે જ શાસ્ત્રોમાં – 'એકમેવાદ્વિતીયં' નો બ્રહ્મના વિશેષણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. તે માટે જ બ્રહ્મ વિના અવ્યાકૃત (અજ્ઞાન)ની સત્તા હોતી નથી. બીજી વાત એ છે કે એ જો સત્ હોત તો જ્ઞાન વડે એની નિવૃત્તિ ન થાત – જેમ કે જો દોરડીનો સર્પ સત્ય હોત તો જાણ્યા પછી પણ એની નિવૃત્તિ ન થાત; માટે જ એ સત્ નથી.

**નોંધઃ**[1] સ્વગતભેદઃ- એક જ પદાર્થના અવયવોના ભેદ ને સ્વગત ભેદ કહેવામાં આવે છે; જેમ કે એક જ શરીરમાં હાથ- પગ આદિ અવયવો જુદા જુદા હોય છે.

**સજાતિયભેદઃ**- એક જ માનવીનો જે ભેદ અન્ય માનવીથી છે, તેને સજાતિય ભેદ કહે છે.

**વિજાતિયભેદઃ- માનવીના પશુ-પક્ષી આદિ સાથેના ભેદને વિજાતિય ભેદ કહે છે.**

## અવિદ્યા અસત્ નથીઃ

હવે પ્રશ્ન એ ઉઠે છે કે જો એ સત્ નથી તો શું એ આકાશકુસુમ કે સસલાના શિંગડાં જેવું અત્યન્ત અસત્ છે? એનો જવાબ એ છે કે આ અવ્યાકૃત (અજ્ઞાન) અસત્ પણ નથી; કારણ કે અત્યન્ત અસત્ ની તો પ્રતીતિ જ નથી થતી. જ્યારે આની (અજ્ઞાનની) તો પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે કે 'હું અજ્ઞાની છું'.

બીજી વાત એ છે કે આ અવ્યાકૃત (અજ્ઞાન)નું કાર્ય સ્થૂળ-સૂક્ષ્મ જગતમાં જોવા મળે છે. તેથી જ એને અત્યન્ત અસત્ પણ કહી ન શકાય. એના વિશેષ સ્વરૂપે બે પ્રકારના (દ્વિવિધ) આવરણો હોય છે, જેમની પણ પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે.

## દ્વિવિધ આવરણઃ

આવા આવરણ (૧) અસત્ત્વાપાદક આવરણ અને (૨) અભાનાપાદક આવરણ તરીકે ઓળખાય છે. જે રીતે કોઈ પૂછે કે, 'તમે આત્માને જાણો છો?' અને ઉત્તર મળે કે, 'આત્મા છે જ ક્યાં કે તેને હું જાણું?' – એટલે અને માટે આત્માનું અસ્તિત્વ જ નથી. આવા અજ્ઞાનને અસત્ત્વાપાદક આવરણ કહેવાય છે. અને જેમને આત્મા 'દેખાતો' નથી તેમનું અજ્ઞાન અભાનાપાદક આવરણ ગણાય છે.

## દોરડી સર્પનું દૃષ્ટાંતઃ

જે રીતે તુલનાત્મક અવિદ્યાને કારણે દોરડીમાં દેખાતો (અધ્યસ્ત) સર્પ સત્ નથી અને અસત્ પણ નથી. સત્ એટલા માટે નથી; કારણ કે જ્યારે દોરડીના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે, ત્યારે સર્પની નિવૃત્તિ થઈ જાય છે, એટલે કે સર્પ મિથ્યા સાબિત થઈ જાય છે, માટે એ સત્ નથી. એને અસત્ પણ નહીં કહી શકાય; કારણ કે જે અત્યન્ત અસત્ (સસલાંના શિંગડાં) હોય છે, તેની તો પ્રતીતિ પણ નથી થતી. દોરડીમાં તો સર્પની પ્રતીતિ થવાથી જ માનવીમાં ભય આદિ ઉતિપન્ન થાય છે. માટે એને અત્યન્ત અસત્ પણ નહીં કહી શકાય.

## અવિદ્યા સત્-અસત્ ઉભયરૂપ પણ નથીઃ

જો આપણે એવું કહીએ કે એને (અવ્યાકૃત, અજ્ઞાન) સત્-અસત્ ઉભયરૂપ માની લઈએ તો શું વાંધો આવે! તે અંગે એવું કહેવાય છે કે એ સત્-અસત્ પરસ્પર વિરોધી હોવાને કારણે ઉભયરૂપ થઈ ન શકે. અર્થાત એક જ વસ્તુ એક જ કાળમાં સત્ અને અસત્ ઉભયરૂપ હોઈ ન શકે. જેમ – સર્પનું એક જ સમયે સત્-અસત્ ઉભયરૂપે જણાવું શક્ય નથી. દોરડીમાં સર્પનું જણાવું ક્યાં તો સત્ રૂપે હશે કે પછી અસત્ રૂપે.

## અવિદ્યા ભિન્ન-અભિન્ન તેમ જ ભિન્નાભિન્ન ઉભયરૂપ પણ નથીઃ

એવી જ રીતે આ અવ્યાકૃત(અજ્ઞાન) આત્માથી ભિન્ન પણ નથી અને અભિન્ન પણ નથી. ભિન્ન અને અભિન્ન ઉભયરૂપ પણ નથી. જેવી રીતે- દોરડીમાં કલ્પેલો સર્પ દોરડીથી ભિન્ન પણ નથી. જો ભિન્ન હોત તો એ દોરડીથી ભિન્ન દેખાત અને અભિન્ન હોત તો દોરડીના દેખાવા ઉપરાંત પણ એ દેખાત. માટે એ ભિન્ન પણ નથી અને અભિન્ન પણ નથી. ભિન્નાભિન્ન પરસ્પર વિરોધી હોવાને કારણે ઉભયરૂપ તો હોય જ ન શકે. કારણ કે દોરડીમાં સર્પ ક્યારેય ભિન્ન અને અભિન્ન ઉભયરૂપે પ્રતીતિ નથી થતી.

## અવિદ્યા સઅવયવ, નિરવયવ તેમ જ ઉભયરૂપ નથીઃ

એવી જ રીતે અવ્યાકૃત (અજ્ઞાન) નિરવયવ પણ નથી; એટલે કે અવયવ (અંગ) વિના પણ નથી. કારણ કે જો એ નિરવયવ હોત, તો એનું જગતરૂપી સઅવયવ પરિણામ ન હોત. માટે એ નિરવયવ નથી.
એવી જ રીતે અવ્યાકૃત (અજ્ઞાન) સઅવયવ પણ નથી, કારણ કે જે સઅવયવ હોય તે કાર્યકોટિનો જ હોય; મૂળ કારમ નહીં હોઈ શકે. પરસ્પર વિરોધી હોવાને કારણે નિરવયવ અને સઅવયવ ઉભયરૂપ પણ ન હોઈ શકે.

## અજ્ઞાનનો વિષય, આશ્રય કોણ?:

આવી પરિસ્થિતિમાં આ એક આવશ્યક અને વિચારણિય બાબત છે કે ઉપરોક્ત અનિર્વચનીય, અનુભૂયમાન (પ્રત્યક્ષ અનુભવનો વિષય) તેમ જ બધા અનર્થોનું મૂળ જો અજ્ઞાન જ હોય, તો તે અજ્ઞાન છે કોને? એટલે કે એ અજ્ઞાનનો આશ્રય(દાતા) કોણ છે અને તે શેનું અજ્ઞાન છે? એટલે કે અજ્ઞાનનો વિષય કયો છે; કારણ કે જે રીતે જ્ઞાન

આશ્રય અને વિષયવાળું હોય છે; તેવી જ રીતે અજ્ઞાન પણ આશ્રય અને વિષયવાળું હોય છે. જે રીતે કોઈ કહે કે મને ઘટ(ઘડો)નું જ્ઞાન છે, તો એ કહેવા વાળો ઘટ-જ્ઞાનનો આશ્રય હોય છે અને ઘટ, ઘટ-જ્ઞાનનો વિષય હોય છે. એવી જે રીતે કોઈ કહે કે મને ઘટ(ઘડો)નું જ્ઞાન નથી, અર્થાત ઘટનું અજ્ઞાન છે, તો એ કહેવા વાળો ઘટના અજ્ઞાનનો આશ્રય બન્યો; અને ઘટ, એ ઘટના અજ્ઞાનનો વિષય બન્યો. એ રીતે જ જે ઉપરોક્ત અનિર્વચનીય અજ્ઞાન છે, તે પણ કોને આશ્રયે છે અને કયા વિષયનું છે? એ એક પ્રશ્ન છે?

## અજ્ઞાનનો વિષય બ્રહ્મ છેઃ

આ પ્રશ્નના જવાબમાં અજ્ઞાનના વિષય અંગે વિચાર કરીએ તો એ સ્પષ્ટ થઈ જાય છે કે અજ્ઞાનનો વિષય અદ્વિતીય બ્રહ્મતત્ત્વ જ છે. કારણ કે એ અદ્વિતીય બ્રહ્મતત્ત્વના જ્ઞાનથી જ, પેલા અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. અને એ તો સ્પષ્ટ જ છે કે જેના જ્ઞાનથી જે અજ્ઞાનની નિવૃત્તિ થાય, તે અજ્ઞાનનો વિષય પણ એ જ હોવાનો. જે રીતે ઘટના જ્ઞાનથી જે (ઘટનું) અજ્ઞાન દૂર થાય, તે અજ્ઞાનનો વિષય ઘટ જ હોઈ શકે; એટલે કે ઘટના જ્ઞાનથી જ ઘટનું અજ્ઞાન દૂર થઈ શકે. માટે જે બ્રહ્મજ્ઞાનથી પેલા અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, તે અજ્ઞાનનો વિષય બ્રહ્મ જ છે. એ નિર્વિવાદ છે.

## અજ્ઞાનના આશ્રયના બે પક્ષોઃ

હવે પ્રશ્ન કેવળ અજ્ઞાનના આશ્રયનો જ રહી જાય છે. અર્થાત અજ્ઞાનનો આશ્રય કોણ છે. બ્રહ્મનું અજ્ઞાન કોને છે? આ પ્રશ્નના જવાબમાં બે પક્ષ સામે આવે છેઃ-

## અજ્ઞાનનો આશ્રય બ્રહ્મ છેઃ

એક પક્ષનું કહેવું છે કે બ્રહ્મ પોતે જ અજ્ઞાનનો આશ્રય પણ છેઃ કેમ કે અજ્ઞાનને કારણે જ બ્રહ્મમાં જીવભાવનું આરોપણ થાય છે. આ રીતે (જીવ થી) પહેલાં અજ્ઞાનની સ્થિતિ પુરવાર થાય છે અને ત્યાર બાદ જ અજ્ઞાનને કારણે જીવ-ભાવનું આરોપણ થાય છે, તે (જીવ) પોતાના કારણ એવા અજ્ઞાનનો આશ્રય કેવી રીતે બની શકે? કારણ કે જે આશ્રય છે તે આશ્રિત પહેલાં (અગાઉ) જ હોવો જોઈએ. જીવનું અસ્તિત્વ તો અજ્ઞાનથી જ સિદ્ધ થાય છે, માટે અજ્ઞાનનો આશ્રય જીવ હોઈ ન શકે, કારણ કે અજ્ઞાન પહેલાં જીવનું અસ્તિત્વ છે જ નહીં.

## અજ્ઞાનનો આશ્રય જીવ છેઃ

બીજા પક્ષનું કહેવું છે કે જીવ જ અજ્ઞાનનો આશ્રય છે, બ્રહ્મ અજ્ઞાનનો આશ્રય હોઈ ન શકે, કારણ કે જો બ્રહ્મમાં અજ્ઞાનનો સ્વીકાર કરવામાં આવે, તો બ્રહ્મ પણ જીવની જેમ જ કર્તા, ભોક્તા સાંસારિક બની જશે. પણ બ્રહ્મનું સ્વરૂપ તો સ્વયં પ્રકાશ સત્-ચિત્-આનન્દ તેમ જ પૂર્ણ છે, એમાં નથી તો અજ્ઞાન, કે નથી અહંકારાદિ અજ્ઞાનના કાર્યો. ન તો એને જ્ઞાનની આવશ્યકતા છે, એ તો સ્વયં જ જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન-અજ્ઞાન તેમ જ અહંકારાદિ એ બધાને તો જીવના જ ધર્મો માનવામાં આવે છે, બ્રહ્માના નહીં. બ્રહ્મતો સ્વભાવથી જ નિત્ય શુદ્ધ, નિત્ય બુદ્ધ અને નિત્ય મુક્ત છે. આથી એવું સિદ્ધ થાય છે કે અજ્ઞાનનો આશ્રય જીવ જ છે, બ્રહ્મ નહીં.

## અજ્ઞાનનો આશ્રય બ્રહ્મ છે, એ કથનનું તાત્પર્યઃ

પહેલો પક્ષ જે કહે છે કે બ્રહ્મ જ અજ્ઞાનનો આશ્રય માને છે, તેનું તાત્પર્ય એ છે કે બ્રહ્મ સિવાય અન્ય કોઈની સત્તા જ નથી. જે કાંઈ કાર્ય-કારણાત્મક જગત છે, તે બ્રહ્મમાં જ અધ્યસ્ત છે. જે રીતે બ્રહ્મ અજ્ઞાનના કાર્યો સ્થૂળ, સૂક્ષ્મ જગતના અધિષ્ઠાન છે. એ રીતે આ પક્ષનું તાત્પર્ય એ છે કે બ્રહ્મ જ અજ્ઞાનનું પણ અધિષ્ઠાન છે.

## અજ્ઞાનનો આશ્રય જીવ છે, એ કથનનું તાત્પર્યઃ

બીજો પક્ષ જે જીવને અજ્ઞાનનો આશ્રય માને છે, એનું તાત્પર્ય એ છે કે અજ્ઞાનનું અભિમાન કરનારો જીવ જ છે. નિર્વિકલ્પ અને નિર્વિષય બ્રહ્મમાં 'હું અજ્ઞાની છું', એવું અભિમાન નથી. અને જીવ સ્પષ્ટ રૂપે આવું અભિમાન કરતો જોવા મળે છે, કે 'હું અજ્ઞાની છું'. અજ્ઞાનનું કાર્ય જે ભ્રમરૂપ કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિભાવ છે, એનું અભિમાન તો સ્પષ્ટ રૂપે જીવમાં જ છે. અર્થાત જીવ જ પોતાને કર્તા, ભોક્તા માને છે; એ નિર્વિવાદ છે. માટે અભિમાનીની દૃષ્ટિથી જીવને જ અજ્ઞાનનો આશ્રય દર્શાવવામાં આવ્યો છે.

### સમન્વયઃ

ઉપરોક્ત બન્ને તાત્પર્યોને હૃદયથી વિચારતાં એ બન્નેનો સમન્વય થઈ જાય છે. જે રીતે પઞ્ચદશીકાર નીચેના સમન્વય બોધક શ્લોકમાં પ્રસ્તુત કરે છે-

"अज्ञानस्याश्रयो ब्रह्मेत्यधिष्ठानतया जगुः।
जीवावस्थात्वमज्ञानाभिमानित्वादवादिषम्।।"
पंचदशी (७-४३)

અધિષ્ઠાનની દૃષ્ટિથી બ્રહ્મને અજ્ઞાનનો આશ્રય માનવામાં આવે છે અને અભિમાની હોવાને કારણે અજ્ઞાનને જીવની જ અવસ્થા ગણવામાં આવે છે. એટલે કે અભિમાની હોવાને કારણે જીવ જ અજ્ઞાનનો આશ્રય છે.

## અનિર્વચનીય અજ્ઞાનનું નિર્વચનઃ

આવા અજ્ઞાનને અનિર્વચનીય કથન ગણવામાં આવ્યું છે. પરંતુ જ્યાં સુધી વાત કે વસ્તુનું નિર્વચન કરવામાં ન આવે , ત્યાં સુધી એના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતું નથી. અજ્ઞાન જો સર્વથા જ અનિર્વચનીય હોય, એટલે કે એના વિશે કાંઈ પણ કહી ન શકાતું હોય, તો પછી એના સ્વરૂપનું જ્ઞાન થઈ જ કેવી રીતે શકે? કે 'અજ્ઞાન કોને કહેવાય?' તેથી જ કહેવાય છે કે એનું નિર્વચન (લક્ષણ જાણવા) કેવળ બ્રહ્મ અને આત્માની એકતાના જ્ઞાન દ્વારા જ થઈ શકે, એ અજ્ઞાનની નિવૃત્તિનો કેવળ એ જ એકમાત્ર ઉપાય છે. આમ એક રીતે અજ્ઞાનનું નિર્વચન થઈ જ ગયું કે જેની આત્માના એકતાના જ્ઞાનથી નિવૃત્તિ થાય તેને જ અજ્ઞાન કે અવ્યાકૃત કહેવામાં આવે છે.

આ રીતે આગળ વધતાઃ-

"किन्तु केवलब्रह्मात्मैकत्वज्ञानापनोद्यम्"

માત્ર બ્રહ્મ અને આત્માની એકતાના જ્ઞાન વડે જ આ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે.

## કર્મ અને ઉપાસનાનો જ્ઞાનની સાથે ક્રમ સમુચ્ચય છેઃ

અજ્ઞાન, જે સર્વ અનર્થોનું મૂળ છે, તેની નિવૃત્તિ કેવળ ઉપર જણાવ્યા મુજબના જ્ઞાનથી જ થઈ શકે. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે આ અજ્ઞાનની નિવૃત્તિમાં કર્મ અને ઉપાસનાનો ઉપયોગ છે કે નહીં? એનો જવાબ એ છે કે, ઉપયોગ બે પ્રકારના હોય છેઃ- એક તો છે સહ ઉપયોગ અને બીજો પરમ્પરયા (ક્રમીક) ઉપયોગ. જ્ઞાન સાથે કર્મ અને પરંપરાનો સહ ઉપયોગ સમ્ભવ નથી, કારણ કે અજ્ઞાનની નિવૃત્તિમાં કેવળ જ્ઞાનનો જ ઉપયોગ છે. જે રીતે અન્ધકારની નિવૃત્તિમાં માત્ર પ્રકાશનો જ ઉપયોગ હોય છે; અર્થાત કેવળ પ્રકાશથી જ અન્ધકારની નિવૃત્તિ થાય છે. જે રીતે અન્ધકારની નિવૃત્તિ માટે પ્રકાશ સ્વયં સિવાય અન્ય કોઈની અપેક્ષા નથી રાખતો. એવી જ રીતે અજ્ઞાનની નિવૃત્તિ માટે જ્ઞાન સિવાય અન્ય કોઈ પણ સાધનની અપેક્ષા રહેતી નથી. એટલું અવશ્ય છે કે પ્રકાશને પ્રગટાવવામાં અન્ય સાધનોનો ઉપયોગ થાય છે ખરો. જેમ કે દિપકના પ્રકાશ માટે દિવો, તેલ, દિવેટ અને માચિસ ઈ.ની જરૂર પડે જ છે; એવી જ રીતે જ્ઞાનના પ્રગટ થતાં પહેલાં કર્મ, ઉપાસના, સત્સંગ, શ્રવણાદિ સાધનોની આવશ્યકતા હોય છે. શુભકર્મ રૂપી ધર્માનુષ્ઠાનથી જ્યારે અન્તઃકરણ

શુદ્ધ થઈ જાય છે, અને ઉપાસના દ્વારા અન્તઃકરણમાં સ્થિરતા આવે છે, ત્યારે શ્રવણ, મનન તેમ જ નિદિધ્યાસનરૂપ અન્તરંગ સાધનોના યોગથી જ્ઞાન પ્રગટ થાય છે. આ રીતે અજ્ઞાનની નિવૃત્તિ અથવા મોક્ષની પ્રાપ્તિ માટે સાક્ષાત સાધન તો કેવળ જ્ઞાન જ છે. ધર્મ ઉપાસના ઈ. તો કેવળ પરમ્પરયા (ક્રમીક) સાધનો જ છે.

તાત્પર્ય એ છે કે કર્મ ઉપાસનાદિ સાધનોનો ઉપયોગ અવશ્ય જ છે, પરંતુ એ સહ (પ્રત્યક્ષ) ઉપયોગ ન રહેતા માત્ર પરમ્પરયા ઉપયોગ જ બની રહે છે.

## સુષુપ્તિઃ

આ રીતે અનિર્વચનીય અવ્યાકૃત (અજ્ઞાન)ના આધિદૈવિક (સમષ્ટિ) સ્વરૂપનું વર્ણન કરીને આધ્યાત્મિક (વ્યષ્ટિ) સ્વરૂપનું વર્ણન કરે છેઃ-

"सर्वप्रकारज्ञानोपसंहारे बुद्धेः कारणात्मनाऽवस्थानं सुषुप्तिः"

અન્તઃકરણની દરેક પ્રકારની વૃત્તિઓના લીન (શાંત) થયા બાદ અન્તઃકરણની જે કારણ એટલે કે બીજરૂપ સ્થિતિ છે એને સુષુપ્તિ અવસ્થા કહે છે. તાત્પર્ય એ છે કે જ્યારે સંગ્રહાએલા સંસ્કારો સહિત સત્તર તત્ત્વો વાળું સૂક્ષ્મશરીર હૃદયસ્થાનમાં સ્થિત હિતાનામક નાડિઓમાં, વિશેષરૂપે એવી રીતે પ્રવેશે (લીન થાય) છે, જે રીતે ઉંચુ અને લાંબુ ઉડીને થાકેલો બાજ પોતાના માળામાં સમ્યક પ્રકારે વિશ્રાંત થાય છે. એવી અવસ્થાને સુષુપ્તિ કહે છે. આ જ સુષુપ્તિ, વ્યષ્ટિ કારણ શરીર, અજ્ઞાન તેમ જ અવ્યાકૃતની મુખ્ય અવસ્થા છે.

## અવિદ્યાવૃત્તિઃ

બધી જ વિષયોવાળી(સવિષયક) વૃત્તિઓનો ઉપસંહાર (વિલિન-અંત) થવાની પ્રક્રિયાને 'સર્વ જ્ઞાનોપસંહાર' કહેવામાં આવે છે.

સવિષયક વૃત્તિઓના મુખ્ય ત્રણ ભેદો છેઃ-

(૧)પ્રાતિભાસિક (૨) વ્યાવહારિક અને (૩) પારમાર્થિક.

પ્રાતિભાસિક પદાર્થોને વિષય બનાવનારી વૃત્તિઓને પ્રાતિભાસિક વૃત્તિ કહે છે અને વ્યાવહારિક પદાર્થોને વિષય બનાવનારી વૃત્તિઓને વ્યાવહારિક વૃત્તિ કહે છે તેમ જ પારમાર્થિક બ્રહ્મને વિષય બનાવનારી વૃત્તિઓને પારમાર્થિક વૃત્તિ અથવા બ્રહ્માકાર વૃત્તિ કહે છે. આ ત્રિવિધવૃત્તિઓના ભેદને કારણે જ્ઞાન પણ ત્રણ પ્રકારના હોય છેઃ-

(૧)પ્રાતિભાસિક (૨) વ્યાવહારિક અને (૩) પારમાર્થિક.

સુષુપ્તિ અવસ્થામાં ઉપરની ત્રણે વૃત્તિઓનો અભાવ હોવાને કારણે ત્રિવિધ જ્ઞાનનો પણ અભાવ હોય છે. માટે સુષુપ્તિના લક્ષણો દર્શાવતા ઉપર કહેવાયું છે કે બધા જ પ્રકારના જ્ઞાનનો ઉપસંહાર (અંત) થતાં, અન્તઃકરણનું જ્ઞાન એટલે કે વિદ્યાવૃત્તિનો અભાવ થવાથી જ સુષુપ્તિ અવસ્થાને અજ્ઞાન કે અવિદ્યા વૃત્તિ કહે છે. આમ તો સુષુપ્તિ અવસ્થામાં ઉપર જણાવેલ પ્રસિદ્ધ ત્રિવિધ વૃત્તિઓમાંથી કોઈ પણ વૃત્તિ પ્રગટ રૂપે નથી હોતી, તો પણ વૃત્તિઓનું અસ્તિત્ત્વ અવશ્ય છે, કારણ કે વૃત્તિ નામ છે અન્તઃકરણની અવસ્થા વિશેષનું અને સુષુપ્તિ પણ અન્તઃકરણની અવસ્થા વિશેષ જ છે. તેથી વૃત્તિનું અસ્તિત્ત્વતો સ્વીકારાય છે, પરન્તુ એ વૃત્તિ પ્રસિદ્ધ એવી ત્રિવિધ જ્ઞાન વૃત્તિઓમાંની એકે નથી. માટે જ એને અવિદ્યા કે અજ્ઞાન વૃત્તિ કહે છે.

અવિદ્યા વૃત્તિ કહેવાનું અન્ય એક કારણ એ પણ છે કે સ્વપ્ન અને જાગ્રતમાં થનારી ભેદભ્રાન્તિનું બીજ પણ સુષુપ્તિ જ છે, અને એ તો સર્વમાન્ય છે કે જે ભ્રાન્તિનું કારણ હોય છે, એને જ અજ્ઞાન કહેવાય છે. માટે જ સુષુપ્તિ અવસ્થાને અજ્ઞાન અવસ્થા કે વ્યષ્ટિ અજ્ઞાન કહે છે.

"तदुभयाभिमान्यात्मा प्राज्ञः"

ઉપર જણાવેલ કારણ શરીર (અવ્યાકૃત) અને સુષુપ્તિ અવસ્થા એ બન્નેના અભિમાની(જાણનાર) આત્માને 'પ્રાજ્ઞ' કહે છે.

જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓમાં જે વ્યષ્ટિ સ્થૂળ તેમ જ સૂક્ષ્મ અર્થાત મનોમય સાથે એકતાને કારણે ( અનુક્રમે વિશ્વ અને તૈજસ સંજ્ઞા વાળા) જીવભાવને પ્રાપ્ત થનારા, એ જ સુષુપ્તિ અવસ્થામાં બીજ(સંસ્કાર) રૂપે વ્યષ્ટિ અભિમાની હોવાને કારણે પ્રાજ્ઞ નામના જીવ તરીકે ઓળખાય છે. અહીં બીજ રૂપ કહેવા પાછળનું તાત્પર્ય એ છે કે પ્રગટ રૂપે તો સુષુપ્તિ કાળમાં કોઈ પણ પ્રકારનું અભિમાન નથી હોતું. તેમ છતાં અજ્ઞાનને કારણે નિપજેલા અભિમાનની સંસ્કાર રૂપે હાજરી અવશ્ય છે. તેથી એ ફરી વાર જાગ્રત અવસ્થામાં આવતાં પહેલાની જેમ જ સ્થૂળ અને સૂક્ષ્મમાં અભિમાન કરી લે છે. આનો સારાંશ એ જ છે કે જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓની જેમ જ સુષુપ્તિ અવસ્થામાં પણ અજ્ઞાનજનિત અહંકારની સ્થિતિ હોય છે. અને આ વ્યષ્ટિ અહંકારને કારણે જ આત્માને જીવભાવ પ્રાપ્ત થાય છે. આ અજ્ઞાનજનિત જીવભાવ ત્યાં સુધી ટકી રહે છે, જ્યાં સુધી વ્યષ્ટિ, સમષ્ટ્યાત્મક સમ્પૂર્ણ સ્થૂળ, સૂક્ષ્મ અને કારમ જગતના અધિષ્ઠાન સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માનો આત્મરૂપે સાક્ષાત્કાર નથી થઈ જતો.

જ્યારે ઈશ્વરકૃપા, ગુરુકૃપા, શાસ્ત્રકૃપા અને આત્મકૃપા[૧] દ્વારા સર્વાધિષ્ઠાન પરબ્રહ્મ પરમાત્માનો આત્મરૂપ સાથે સાક્ષાત્કાર થઈ જાય છે, ત્યારે જીવભાવ નિવૃત્ત થઈને પોતાના વાસ્તવિક સ્વરૂપ પરમાત્મામાં સમાઈ જાય છે.
જ્યાં સુધી વ્યક્તિને આવો સાક્ષાત્કાર નથી થઈ જતો, ત્યાં સુધી એ પૂર્વોક્ત જીવભાવમાં જ રહે છે.

**નોંધ (૧):**

**ઈશ્વરકૃપા-** શાસ્ત્ર, ગુરુ તેમ જ મનુષ્ય-શરીર આદિ જ્ઞાનના સાધનોનો સંયોગ પ્રાપ્ત થવો અને અદ્વૈતમાં સદ્ભાવનાનું હોવું.

**ગુરુકૃપા-** શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ દ્વારા અનુભવપૂર્ણ તેમ જ હૃદયગ્રાહી ઉપદેશનું મેળવવું.

**શાસ્ત્રકૃપા-** બ્રહ્મ અને આત્માના અભેદના બોધક એવા વેદાન્ત શાસ્ત્રની પ્રાપ્તિ.

**આત્મકૃપા-** પૂર્ણરૂચિ તેમ જ પ્રયત્નપૂર્વકના અને સાત્ત્વિક ધારણાવાળા શ્રવણ-મનન અને નિદિધ્યાસનનો અભ્યાસ કરીને બ્રહ્માનુભૂતિને પ્રાપ્ત કરવું.

## પ્રાજ્ઞ અને ઈશ્વરની એકતાઃ

આત્મા જ્યારે જીવભાવમાં રહીને વ્યષ્ટિ કારણ શરીર તેમ જ સુષુપ્તિ અવસ્થારૂપ ઉપાધિ યુક્ત હોય છે, ત્યારે એ તે સમયે પ્રાજ્ઞ તરીકે ઓળખાય છે. આમ તો પ્રાજ્ઞ શબ્દ મુખ્ય રૂપે વ્યષ્ટિ કારણોપાધિ યુક્ત જીવના અર્થમાં જ વપરાય છે, તેમ છતાં અત્રે પ્રાજ્ઞની ઉપાધિ કારણ શરીર અવ્યાકૃતને માટે વાપરવામાં આવી છે. એ અવ્યાકૃત, સમષ્ટિ કારણોપાધિ છે. આ રીતે સમષ્ટિ કારણોપાધિ વાળા ઈશ્વર અને પ્રાજ્ઞની એકતા પ્રસ્થાપિત થાય છે. તાત્પર્ય એ છે કે જીવ અને ઈશ્વરનો જે ભેદ જણાય છે; તે ઉપાધિને કારણે જ છે; એટલે કે ઉપાધિમાં વિવિધતા હોવાને કારણે જ ઈશ્વર અને જીવનો ભેદ સિદ્ધ થાય છે. ઉપાધિ જ્યારે એક જ છે ત્યારે ભેદનું કોઈ કારણ ન રહેતાં ઈશ્વર અને જીવની સ્વભાવથી જ એકતા થાય છે. જે રીતે આપણે અગાઉ જોઈ ગયા કે વસ્તુતઃ સ્થૂળ અને સૂક્ષ્મ ઉપાધિઓનો પણ વ્યષ્ટિ-સમષ્ટિ રૂપમાં ભેદ નથી. જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓમાં ભેદની કેવળ પ્રતીતિ થાય છે. વાસ્તવમાં તો ભેદ હોતો જ નથી. સુષુપ્તિ અવસ્થામાં આ એક વિશેષતા છે કે કારણોપાધિમાં પહેલાની જેમ જ વાસ્તવમાં ભેદ તો છે જ નહીં; અને ભેદની પ્રતિતિ પણ નથી થતી. જે રીતે જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓમાં ભેદની પ્રતિતિ થતી હોય છે; આ જ દૃષ્ટિથી અન્તર્યામી ઈશ્વર અને સુષુપ્તિ અવસ્થાના અભિમાની જીવ બન્નેની એકતાનો બોધક એવો પ્રાજ્ઞ-શબ્દ ઘડવામાં આવ્યો. અર્થાત પ્રાજ્ઞ કહેવાથી ઈશ્વર અને જીવ બન્નેનો એક સાથે જ બોધ થાય છે.

## વ્યવહારમાં જીવ અને ઈશ્વરનો ભેદઃ

જો કે વ્યવહારિક જગતમાં વ્યષ્ટિ તેમ જ સમષ્ટિ ઉપાધિઓનો ભેદ અનિવાર્ય છે. કારણ કે જીવ અને ઈશ્વરનો ભેદ પણ વ્યવહારમાં સર્વસમ્મત છે. એ બધાના જ અનુભવની વાત છે કે જીવ સ્વયં ને અલ્પજ્ઞ, અલ્પ શક્તિ, દુઃખી-સુખી ઈત્યાદિ અનુભવે છે. અને ઈશ્વર સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવિદિત છે. આ પ્રકારનો ભેદ વ્યષ્ટિ- સમષ્ટિના ભેદ વિના સમ્ભવી ન શકે. તેમ છતાં આ પ્રણવ-બોધ માંડુક્યોપનિષદને આધારે જ લખાયો છે. માંડુક્યોપનિષદમાં વ્યષ્ટિ-સમષ્ટિ ભેદને નગણ્ય સમજીને છોડી દેવામાં આવ્યો છે. એટલે કે તેમાં વ્યષ્ટિ- સમષ્ટિની ચર્ચા કરવામાં નથી આવી. અને તે ઉપરાંત વ્યષ્ટિ, સમષ્ટિ તેમ જ જીવ, ઈશ્વરને એક જ સમજવાનો સંકેત આપવામાં આવ્યો છે. જે રીતે આપણે ઉપર વર્ણઇવી ચૂક્યા છીએ. માટે એ જ ઉપનિષદ્ શૈલીનો આદર કરતાં, આ પ્રણવ-બોધમાં પણ વિશ્વ-તૈજસ-પ્રાજ્ઞરૂપી જીવની વિરાટ, હિરણ્યગર્ભ, ઈશ્વરરૂપી પરમેશ્વર સાથે એકતા જ દર્શાવાઈ છે.

## મકારનો ઉપસંહારઃ

"एतत् त्रयम् मकारः"

અવ્યાકૃતરૂપ કારણશરીર, સુષુપ્તિ અવસ્થા, એ બન્નેનો અભિમાની પ્રાજ્ઞ, આ ત્રણે ૐકારની ત્રીજી માત્રા મકાર છે. આ ત્રણે અંગે દ્વૈતની શંકા નકરવી જોઈએ, કારણ કે એ ત્રણે મકારમાં જ સમાએલા છે. અર્થાત ૐકારની એક માત્રા મકાર રૂપ છે.

## અધ્યારોપઃ

સમ્પૂર્ણ સ્થૂળ પ્રપંચ, જાગ્રત અવસ્થા તથા સ્થૂળ પ્રપંચ અને જાગ્રત અવસ્થાનું અભિમાની 'વિશ્વ', એ ત્રણે જ 'અકાર' છે.

સમ્પૂર્ણ સૂક્ષ્મ પ્રપંચ, સ્વપ્ન અવસ્થા તથા સૂક્ષ્મ પ્રપંચ અને સ્વપ્ન અવસ્થાનું અભિમાની 'તૈજસ', એ ત્રણે જ 'ઉકાર' છે.

એની જ રીતે કારણોપાધિ અવ્યાકૃત, સુષુપ્તિ અવસ્થા અને કારણોપાધિ તથા સુષુપ્તિ અવસ્થાનું અભિમાની 'પ્રાજ્ઞ', એ ત્રણે જ 'મકાર' છે. આ રીતે અત્યાર સુધીનાં જે અકાર, ઉકાર અને મકારનું સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું એ બધું જ અધ્યારોપ કહેવાય છે. એટલે કે બધું જ આરોપિત છે.

## અધ્યાસ અને અધ્યારોપઃ

આમ તો અધ્યાસ અને અધ્યારોપ બન્ને શબ્દો નો ઉપયોગ કલ્પિત માટે જ કરવામાં આવે છે, તો એ એક રીતે જોતાં આ બન્નેમાં થોડો અમસ્તો પણ ભેદ જરૂર છે. અને તે એ છે કે અધ્યાસ એ ભ્રમાત્મક કલ્પના ને કહેવામાં આવે છે, જે બન્ધન તેમ જ દુઃખનું કારણ હોય છે અને જે જીવોના અવિદ્યામાંથી જન્મેલા કર્મ-સંસ્કારોને કારણે હોય છે. જેમ કે મિત્ર અને શત્રુ આદિની કલ્પના અથવા પોતાના પરાયાની કલ્પના ઈ. અધ્યારોપ એ શાસ્ત્રિય કલ્પનાને કહે છે, જે પરમાર્થ જ્ઞાનનું સાધન હોય છે; જેના વડે જીવ અવિદ્યાથી છૂટકારો મેળવી આત્માના બ્રહ્મરૂપનો સાક્ષાત્કાર કરે છે, જેમ કે બ્રહ્મમાં માયા તેમ જ માયાકૃત ઉપાધિઓ વડે જીવ અને ઈશ્વર ઈ.ની કલ્પના. આ કલ્પનાઓ અને તેના અપવાદોને વેદાન્તની પ્રક્રિયા કહેવામાં આવે છે. બીજી રીતે કહીએ તો અધ્યાસ અવિદ્યારૂપી કલ્પના છે અને અધ્યારોપ તથા એને અપવાદો પણ વિદ્યારૂપી કલ્પનાઓ જ છે. કારણ કે કલ્પિતનો નિષેધ પણ કલ્પિત જ હોય ને!

## અપવાદઃ

હવે અધ્યરોપ બાદ એના અપવાદને તપાસીએ. કારણ કે નિષ્પ્રપંચ બ્રહ્મ તત્ત્વનું પ્રતિપાદન અધ્યારોપ અને અપવાદ દ્વારે જ કરવામાં આવે છે. જે રીતે પ્રાચીન આચાર્યોએ કહ્યું છેઃ-

"अध्यारोपापवादाभ्यां निष्प्रपञ्चं प्रपञ्चते।।"

તાત્પર્ય એ છે કે  માયા અને માયાના કાર્યોથી સર્વથા અસંગ એવા બ્રહ્મનું પ્રતિપાદન માયા અને માયાના કાર્યોનો નિષેધ (અપવાદ) કરીને જ થઈ શકે છે. કારણ કે, વિધિરૂપે જેનું પણ પ્રતિપાદન કરીશું, એટલે કે જે પણ મન-વાણીનો વિષય હશે તે માયામય જ હશે. જેનો નિષેધ કરવાનો છે, તેના સ્વરૂપનું આરોપણ પણ આવશ્યક છે. આ રીતે અધ્યારોપ અને અપવાદની પ્રક્રિયા જ બ્રહ્મબોધ માટેનો સર્વશ્રેષ્ઠ પ્રકાર છે.

અહીં મકારની વ્યાખ્યા પૂર્ણ થઈ

# પ્રકરણ: ૪. અમાત્ર - માત્રા

## દ્વિવિધ અપવાદ

આરોપિત કે અધ્યસ્તના નિષેધનું નામ અપવાદ છે. નિષેધના મુખ્ય બે પ્રકાર છે – (૧) કારણથી ભિન્ન એવી કાર્યની સત્તાનો નિષેધ જે રીતે કારણરૂપ માટીથી કાર્યરૂપ ઘડાની સત્તાનો નિષેધ અથવા કારણરૂપ સોનાના પિંડથી (ભિન્ન) કાર્યરૂપ ઘરેણાંની સત્તાનો નિષેધ અને (૨) અધિષ્ઠાનથી ભિન્ન એવી અધ્યસ્તની સત્તાનો નિષેધ જે રીતે અધિષ્ઠાન દોરડીમાં અધ્યસ્ત સર્પનો દોરડીથી ભિન્ન સત્તાનો નિષેધ અથવા અધિષ્ઠાન મૃગજળમાં અધ્યસ્ત પાણીની મૃગજળથી ભિન્ન સત્તાનો નિષેધ. અથવા સુવર્ણની આકૃતિ પિંડ આદિની સુવર્ણતત્ત્વથી ભિન્ન સત્તાનો નિષેધ.

## કારણથી ભિન્ન કાર્યની સત્તાનો નિષેધ રૂપ અપવાદઃ

ઉપરોક્ત બે પ્રકારના અપવાદોમાંથી પ્રથમ, 'કારણથી ભિન્ન કાર્યની સત્તાના નિષેધ રૂપ'ને અપવાદ કહેવામાં આવે છેઃ-

"अकारः उकारः उकारः मकारः"

અકારઃ ઉકારઃ – અર્થાત અકાર ઉકાર સ્વરૂપ છે. તાત્પર્ય એ છે કે ઉકારથી ભિન્ન એવી અકારની કોઈ સત્તા નથી. આ વાતને સમજવા માટે ઉકારનું સ્વરૂપ અને અકારનું સ્વરૂપ બન્નેને જ સમજી લેવા આવશ્યક છે.

અકારનું સ્વરૂપ એ છે કે સમ્પૂર્ણ સ્થૂળ પ્રપંચ, જાગ્રત અવસ્થા તેમ જ એ બન્નેનું અભિમાની 'વિશ્વ', એ ત્રણે મળી ને 'અકાર' તરીકે ઓળખાય છે. એવી જ રીતે સમ્પૂર્ણ સૂક્ષ્મ પ્રપંચ, સ્વપ્ન અવસ્થા તેમ જ એ બન્નેના અભિમાની 'તૈજસ' એ ત્રણે મળીને 'ઉકાર' કહે છે.

## ઉકારથી ભિન્ન અકારની સત્તાનો નિષેધઃ

હવે કાર્ય-રૂપ અકારનો પણ ઉકાર-રૂપ કારણમાં અપવાદ કરીએઃ-

"अकारः उकारः"

"અકારઃ ઉકારઃ" અર્થાત અકાર-ઉકાર સ્વરૂપ છે.

સમ્પૂર્ણ સૂક્ષ્મ પ્રપંચ એટલે કે અપઞ્ચીકૃત પઞ્ચમહાભૂત અને સત્તર તત્ત્વો વાળું સૂક્ષ્મ શરીર.

સમ્પૂર્ણ સ્થૂળ પ્રપંચ એટલે કે સૂક્ષ્મ પ્રપઞ્ચ અન્તર્ગત અપઞ્ચીકૃત પઞ્ચમહાભૂત પઞ્ચીકૃત થઈને સ્થૂળ પઞ્ચમહાભૂત બને છે અને સ્થૂળ પઞ્ચમહાભૂતના કાર્યરૂપ ચતુર્વિધ ચોર્યાસી લાખ અને એક પ્રકારની યોનિઓ બને છે.

આથી સ્પષ્ટ થાય છે કે કારણરૂપ સૂક્ષ્મ પ્રપઞ્ચના અન્તર્ગત આવેલાં સૂક્ષ્મ પઞ્ચમહાભૂતથી આ કાર્યરૂપ સ્થૂળ પ્રપઞ્ચની અલગ એવી કોઈ સત્તા નથી.

આ જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓ, સૂક્ષ્મ શરીરાન્તર્ગત આવેલા અન્તઃકરણની જ હોય છે. આ રીતે ઉકાર અન્તર્ગત આવેલા સ્થૂળ કે કારણરૂપ સૂક્ષ્મ પ્રપઞ્ચથી જાગ્રત અવસ્થાની ભિન્ન સત્તા સિદ્ધ નથી થતી.

સૂક્ષ્મ શરીરાન્તર્ગત જે અન્તઃકરણ છે, તેમા આવેલું આત્માનું પ્રતિબિમ્બ, ચિદાભાસ, ઉપાધિને કારણે તેમ જ તેનું અભિમાન કરવાથી 'તૈજસ' તરીકે ઓળખાય છે. આ તૈજસ જ્યારે જાગ્રત અવસ્થા તેમ જ સ્થૂળ ઉપાધિ વાળો હોય છે, ત્યારે એ 'વિશ્વ' તરીકે ઓળખાય છે. ઉપાધિની સ્વતંત્ર સત્તા ન હોવાને કારણે ઉપાધિ અને અભિમાની માં ભેદ ન હોઈ શકે. અર્થાત સ્થૂળ પ્રપઞ્ચ અને જાગ્રત અવસ્થાની સૂક્ષ્મ પ્રપઞ્ચ અને સ્વપ્નાવસ્થાથી ભિન્ન સત્તા ન હોવાને કારણે તૈજસથી વિશ્વની ભિન્ન સત્તા રહેતી નથી.

આ રીતે સ્થૂળ પ્રપઞ્ચ, જાગ્રત અવસ્થા તેમ જ વિશ્વરૂપ અકારની, ઉકારથી ભિન્ન એવી કોઈ સત્તા નથી. આ દૃષ્ટિથી જ અકારને ઉકાર રૂપ દર્શાવાયો છે. અર્થાત ઉકારથી ભિન્ન અકારની સત્તાને ન જોવી એજ કારણથી ભિન્ન કાર્યની સત્તાનો નિષેધરૂપ અપવાદ છે.

## મકારથી ભિન્ન ઉકારની સત્તાનો નિષેધઃ

હવે કાર્ય-રૂપ ઉકારનો પણ મકાર-રૂપ કારણમાં અપવાદ કરીએઃ-

"उकारः मकारः"

"ઉકારઃ મકારઃ" અર્થાત ઉકાર-મકાર સ્વરૂપ છે. તાત્પર્ય એ છે કે મકારથી ભિન્ન એવી ઉકારની કોઈ સત્તા નથી. આ વાતને સમજવા માટે ઉકારનું સ્વરૂપ અને મકારનું સ્વરૂપ બન્નેને સમજી લેવા આવશ્યક છે. ઉકારનું સ્વરૂપ એ છે કે સમ્પૂર્ણ સૂક્ષ્મ પ્રપઞ્ચ, સ્વપ્નાવસ્થા તેમ જ એ બન્નેનો અભિમાની 'તૈજસ', એ ત્રણે મળીને ઉકાર કહેવાય છે. એવી જ રીતે સૂક્ષ્મનું કારણ અવ્યાકૃત, એટલે કે જેમાં બીજ-રૂપથી સમ્પૂર્ણ સૂક્ષ્મ પ્રપઞ્ચ વિદ્યમાન હોય છે. જે રીતે વડના બીજમાં વડનું વૃક્ષ વિદ્યમાન હોય છે; એવી જ રીતે સમ્પૂર્ણ સૂક્ષ્મ પ્રપઞ્ચ અર્થાત અપઞ્ચીકૃત પઞ્ચમહાભૂત તેમ જ સત્તર ત્તત્વો વાળું સૂક્ષ્મ શરીર જેમાં વિદ્યમાન હોય છે તેને અવ્યાકૃત કહે છે. આ રીતે અવ્યાકૃત શબ્દ પણ સમજાય છે; અર્થાત જે હોવા છતાં પણ પ્રગટરૂપે દેખાતું નથી. જે રીતે મોર જ્યારે પોતાના પીછાં સંકોરી લે છે, ત્યારે એમાં વિવિધ રંગો હોવા છતાં પણ તે અલગ અલગ પ્રગટ રૂપે દેખાતાં નથી, અને જ્યારે તે કળા કરે છે ત્યારે એ બધા અલગ અલગ, ભિન્ન- ભિન્ન રંગોમાં, રૂપોમાં દેખાવા લાગે છે. અથવા જે રીતે વડબીજમાં જ સંસ્કાર રૂપે શાખા-પત્રાદિ સહિત સમ્પૂર્ણ વૃક્ષ અપ્રગટ રૂપે વિદ્યમાન હોય છે, અને તેજ પૃથ્વી જળ આદિના સંયોગથી વૃક્ષ રૂપે પ્રગટ થઈ જાય છે. એવી જ રીતે અવ્યાકૃત કારણથી સૂક્ષ્મ પ્રપઞ્ચરૂપ-કાર્ય પ્રગટ થાય છે. આ રીતે અવ્યાકૃત કારણથી કાર્યરૂપ સમ્પૂર્ણ સૂક્ષ્મ પ્રપઞ્ચની સત્તા ભિન્ન નથી.

આ રીતે મકાર અન્તર્ગત સુષુપ્તિ અવસ્થાથી ભિન્ન ઉકાર અન્તર્ગત સ્વપ્નની પણ ભિન્ન સત્તા નથી. કારણ જે કાંઈ પણ સ્વપ્નમાં દેખાય છે તે બીજ રૂપે (સંસ્કાર રૂપે) સુષુપ્તિમાં વિદ્યમાન હોય છે. તાત્પર્ય એ છે કે સુષુપ્તિ અવસ્તામાં લીન થએલા અન્તઃકરણમાં જે સંસ્કારો વિદ્યમાન હોય છે, એમાના જ કેટલાક સંસ્કારોનું વિકસિતરૂપ જ સ્વપ્નાવસ્થા હોય છે. કહેવાનો અર્થ એ છે કે સંસ્કાર કોઈ પણ પ્રકારે, ગમે ત્યાંથી, કોઈ પણ અવસ્થામાં દેખાય, હોય છે તો અન્તઃકરણમાં જ. સુષુપ્તિમાં અન્તઃકરણ ધા જ સંસ્કારો સાથે બીજરૂપે વિદ્યમાન હોય છે. અન્તઃકરણથી ભિન્ન એવી સંસ્કારની સ્વતંત્ર સત્તા એવી રીતે જ નથી હોતી જે રીતે જળથી ભિન્ન એવી મોજાંની સ્વતંત્ર સત્તા નથી હોતી. જે રીતે ઉપર જણાવી ચૂક્યા છીએ, સંસ્કારનું જ વિકસિત રૂપ  સ્વપ્નાવસ્થા છે. આથી એ વીત સ્પષ્ટ થઈ જાય છે કે બીજરૂપી સુષુપ્તિ અવસ્થાથી સ્વપ્નાવસ્થાની ભિન્ન સત્તા નથી.

સુષુપ્તિ અવસ્થામાં સત્તર તત્વોવાળા સૂક્ષ્મ શરીરના અન્તર્ગત બીજ રૂપે સ્થપાએલા (લીનાવસ્થા વાળા) અન્તઃકરણમાં આત્માનું પડતું પ્રતિબિંબ, ચિદાભાસ ઉપાધિને કારણે તેમ જ એનું અભિમાન કરવાથી 'પ્રાજ્ઞ' તરીકે ઓળખાય છે. જે રીતે ઉપર જણાવી ચૂક્યા છીએ કે અન્તઃકરણની જ બીજાવસ્થા સુષુપ્તિ છે. આ સુષુપ્તિ અવસ્થા તેમ જ કારણરૂપ અવ્યાકૃત, એ બન્નેના અભિમાનીને 'પ્રાજ્ઞ' કહે છે. આ જ પ્રાજ્ઞ જ્યારે સ્વપ્નાવસ્થા તેમ જ સૂક્ષ્મ ઉપાધિ યુક્ત હોય છે, ત્યારે એ 'તૈજસ' કહેવાય છે. જે રીતે અગાઉ વર્ણવ્યું છે કે ઉપાધિના ભેદથી જ ઉપાધિવાળાનો ભેદ પણ થાય છે. જ્યારે ઉપાધિની જ ભિન્ન સત્તા નથી તો પછી ઉપાધિ ધરાવનારા વચ્ચે પણ ભેદ રહેતો નથી. આ રીતે અવ્યાકૃત તેમ જ સુષુપ્તિ અવસ્થારૂપ ઉપાધિથી ભિન્ન સૂક્ષ્મ પ્રપઞ્ચ તેમ જ સ્વપ્નાવસ્થા રૂપ ઉપાધિની ભિન્ન સત્તા ન હોવાથી, પ્રાજ્ઞથી તૈજસની ભિન્ન સત્તા પણ નથી રહેતી. આ રીતે ઉકાર – મકાર રૂપ જ છે એવું સિદ્ધ થઈ જાય છે. અર્થાત મકારથી ભિન્ન ઉકારની સત્તાને ન જોવી એજ કારણથી ભિન્ન કાર્યની સત્તાનો નિષેધ રૂપ અપવાદ છે.

## અધિષ્ઠાનથી ભિન્ન અધ્યસ્તની સત્તાનો નિષેધરૂપ અપવાદઃ

કારણથી ભિન્ન એવી કાર્યની સત્તાના નિષેધરૂપ અપવાદ અંગેના કથન બાદ અધિષ્ઠાનથી ભિન્ન એવા અધ્યસ્તના નિષેધરૂપનું વિવરણ જોઈએ.

"मकार ओंकार एव"

અર્થાત મકાર એ ઓંકાર જ છે.

મકારના સ્વરૂપ વર્ણનમાં આપણે જોયું કે કારણ અવ્યાકૃત, સુષુપ્તિ અવસ્થા તેમ જ કારણમાં ચેતનનું પ્રતિબિંબ ચિદાભાસ તેમજ અવ્યાકૃત અને સુષુપ્તિ અવસ્થાનો અભિમાની 'પ્રાજ્ઞ', એ ત્રણેને મકાર કહે છે. મકાર એ ઓંકાર જ છે. એનું કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપર જણાવેલ કારણ અવ્યાકૃત, સુષુપ્તિ અવસ્થા તેમ જ પ્રાજ્ઞ આ ત્રણેની ઓંકાર સ્વરૂપ અધિષ્ઠાન પરબ્રહ્મથી ભિન્ન એવી કોઈ સત્તા નથી. જે રીતે સોનાના પીંડ અને તેની ચમકની, અધિષ્ઠાન સોનાથી ભિન્ન સત્તા નથી હોતી.

તાત્પર્ય એ છે કે જે રીતે એક સ્વર્ણ તત્ત્વમાં પીંડરૂપ આકૃતિ અને ચમક અધ્યસ્ત છે; એટલે કે સ્વર્ણ તત્ત્વથી આ બન્નેની અલગ એવી સ્વતંત્ર સત્તા નથી હોતી. એવી જ રીતે પરમાર્થ સત્ પરબ્રહ્મમાં અવ્યાકૃત કારણ અજ્ઞાન, સુષુપ્તિ અવસ્થા તેમ જ ચિદાભાસ અધ્યસ્ત છે, અર્થાત પરમાર્થ તત્ત્વ પરબ્રહ્મથી એમની અલગ અને સ્વતંત્ર સત્તા નથી.

જે રીતે સોનામાં આકૃતિ કલ્પિત છે, એવી જ રીતે બ્રહ્મમાં માયા અધ્યસ્ત છે. જે રીતે સોનામાં પીંડ, તાર તેમ જ આભૂષણ રૂપ આકૃતિ બદલાતી રહે છે; એવી જ રીતે પ્રતિ ક્ષણ માયાની અવસ્થાઓ પણ બદલાતી રહે છે. જ્યારે માયાની બધી જ સ્થૂળ, સૂક્ષ્મ અવસ્થાઓ બીજ રૂપે સ્થપાએલી હોય છે, ત્યારે એને કારણ અવ્યાકૃત કહે છે, તેમ જ કારણ અવ્યાકૃતની જે અવસ્થામાં અનુભૂતિ થાય છે, તે અવસ્થાને સુષુપ્તિ અવસ્થા કહે છે. બીજ અવ્યાકૃતથી જ્યારે ફરી સૂક્ષ્મરૂપતા પ્રાપ્ત થાય છે, ત્યારે એને સૂક્ષ્મ જગત તેમ જ સૂક્ષ્મ જગતની જે અવસ્થામાં અનુભૂતિ થાય છે, તે અવસ્થાને સ્વપ્ન અવસ્થા કહે છે. એવી જ રીતે જ્યારે માયા સૂક્ષ્મથી સ્થૂળ રૂપ ધારણ કરે છે, ત્યારે એને સ્થૂળ જગત કહે છે અને એની અનુભૂતિ જે અવસ્થામાં થાય છે તેને જાગ્રત અવસ્થા કહે છે.

માયા ભલેને કોઈ પણ અવસ્થામાં અવસ્થિત હોય, બ્રહ્મના સત્-ચિત્-આનન્દ સ્વરૂપમાં કોઈ પણ પ્રકારનો કોઈ પણ ફરક પડતો નથી. એ પાતાના પરમાર્થ તત્ત્વમાં જેવો છે તેવો જ ટકી રહે છે. જે રીતે સોનાની આકૃતિ ભલેને પીંડ હોય કે તાર અથવા જાત જાતના આભુષણો; સોનાનો પીળો રંગ, એની ચમક અને એની પ્રિયતા હમેશાં બધાને માટે જેવી છે તેવી જ બની રહે છે. સત્-ચિત્-આનન્દ જે બ્રહ્મ સ્વરૂપ છે, એના થી અલગ એવી માયાની કોઈ પણ અવસ્થા (અકાર, ઉકાર કે મકાર)ની સ્વતન્ત્ર સત્તા નથી હોતી, એવી રીતે જાણી લેવું એ જ અધિષ્ઠાનથી ભિન્ન અધ્યસ્તની સત્તાનો નિષેધરૂપ અપવાદ છે.

અહીં અમાત્રનું વર્ણન પૂર્ણ થયું

# પ્રકરણ: ૫. બોધ અને મુક્તિ

"ओंकारोऽहमेव"

શબ્દાર્થ – સર્વાધિષ્ઠાન બ્રહ્મસ્વરૂપ ઓંકાર, અહમ્-પદ લક્ષ્યાર્થ આત્મા જ છે.

વ્યાખ્યા – એટલું જાણી લીધા પછી પણ કે સ્થૂળ-સૂક્ષ્મ તેમ જ કારણાત્મક જગત એક અદ્વિતીય, સત્-ચિત્-આનન્દઘન, અધિષ્ઠાન, પરબ્રહ્મ પરમાત્મામાં અધ્યસ્ત છે – અર્થાત પરબ્રહ્મ પરમાત્માથી અલગ એવી વસ્તુતઃ કશાંની પણ સત્તા નથી, જ્યાં સુધી એ બોધ થઈ નહીં જાય કે એ સર્વાધિષ્ઠાન પરમાત્મા 'હું સ્વયં છું' ત્યાં સુધી જન્મ-મરણ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દુઃખ-સુખ આદિ દ્વન્દ્વાત્મક બન્ધનોની નિવૃત્તિ થતી નથી. એટલે કે ઉપરોક્ત પરબ્રહ્મ પરમાત્માના આત્મરૂપથી થતું સાક્ષાત્કારરૂપ જ્ઞાન જ જીવનમુક્તિ તેમ જ વિદેહમુક્તિનું સાધન છે.

આ જ્ઞાનરૂપ સાક્ષાત્કારનો જે પ્રાદુર્ભાવ થાય, તેને જાણતા પહેલાં, અજ્ઞાન શું છે તે જાણી લેવું જોઈએ.

## અજ્ઞાનનું સ્વરૂપઃ

પોતાના સત્-ચિત્-આનન્દ સ્વરૂપનું જ્ઞાન હોવા છતાં જે પ્રતિબન્ધને કારણે એવો સ્પષ્ટ અનુભવ નથી થતો કે 'હું સત્-ચિત્-આનન્દ સ્વરૂપ છું', એ પ્રતિબન્ધકતાનું નામ જ અજ્ઞાન, અવિદ્યા, માયા - આદિ છે.

માયા અને માયાના કાર્યોની વ્યાવહારિક સત્તા હોય છે. જે રીતે સોનું જ્યારે પણ દેખાય-જોવાય છે, તો તે કોઈ ને કોઈ સ્વરૂપે જ દેખાય છે. જેમ કે પીંડ રૂપે, તાર રૂપે અથવા આભૂષણ રૂપે જ દેખાય છે, આ રીતે દૃશ્ય બનીને જ એ વ્યવહારનો વિષય બને છે. સ્વરૂપ કે આકૃતિ વગર કેવળ સ્વયં કલ્પનાથી સ્વર્ણ તત્ત્વ ન તો જોઈ શકાય કે ન એ વ્યવહારનો વિષય બની શકે. એવી જ રીતે વિશુદ્ધ બ્રહ્મ તત્ત્વ માયા કે માયાની કાર્યરૂપી ઉપાધિ વગર ન તો દેખાઈ શકે છે કે નએ વ્યવહારનો વિષય બની શકે. બ્રહ્મ જ્યારે પણ દૃશ્ય બને એ માયા અને માયાના કાર્યરૂપ અન્તઃકરણ આદિના રૂપમાં જ હશે અને એ રીતે જ વ્યવહારનો વિષય બનશે. આ રીતે પરમાર્થ સત્ય બ્રહ્મમાં અધ્યસ્ત એવી માયા તેમ જ માયાના કાર્યોની વ્યવહારિક સત્તા હોય છે.

માયા (અજ્ઞાન)ની સાથે જ અવિદ્યા વૃત્તિમાં પ્રતિબિંબિત થતું ચેતન (ચિદાભાસ) અને દૃશ્ય એક સાથે જ સિદ્ધ થાય છે. જે રીતે સ્વપ્નમાં સ્વપ્ન-પુરુષ, સ્વપ્ન-જગત, સ્વપ્નની સુખ-દુઃખાત્મક વૃત્તિઓ એક સાથે જ ઉત્પન્ન થાય છે અને આંખ ખુલતા જ સ્વપ્ન-પુરુષ, સ્વપ્ન-જગત, સ્વપ્નની સુખ-દુઃખાત્મક વૃત્તિઓ એક સાથે જ નિવૃત્ત થઈ જાય છે.

અવિદ્યાના મુખ્ય બે પ્રકાર માનવામાં આવે છેઃ- (૧) મૂળ અવિદ્યા અને (૨) તૂલ અવિદ્યા

(૧) મૂળ અવિદ્યા કારણરૂપી અવિદ્યા છે. જેનું કાર્ય ભૂત, ભૌતિક (પઞ્ચભૂત તેમ જ તેના કાર્યો) સમ્પૂર્ણ વ્યાવહારીક પ્રપઞ્ચ છે. મૂળ અવિદ્યા તેમ જ મૂળ અવિદ્યાના કાર્યોની વ્યવહારીક સત્તા માનવામાં આવે છે. કારણ કે જ્યાં સુધી વ્યવહાર છે ત્યાં સુધી મૂળ અવિદ્યા તેમ જ મૂળ અવિદ્યાના કાર્યોની સત્તા છે. જ્યાં સુધી મૂળ અવિદ્યા તેમ જ મૂળ અવિદ્યાનું કાર્ય-જગત છે, ત્યાં સુધી વ્યવહાર છે.

(૨) તૂલ અવિદ્યા એ કાર્ય અવિદ્યા છે. જેનું કાર્ય છે, દોરડીમાં સાપ, રણમાં મૃગજળ અને સ્વપ્ન- જગત આદિ સમ્પૂર્ણ પ્રાતિભાસિક જગત છે. તૂલ અવિદ્યા તેમ જ તૂલ અવિદ્યાના કાર્યોની પ્રાતિભાસિક સત્તા હોય છે. કારણ કે, પ્રાતિભાસિક, એટલે કે પ્રતીતિ, તૂલ અવિદ્યાના કાર્ય (દોરડી)માં સાપ આદિની સત્તા હોય છે.

એક તરફ કાર્યરૂપ સમ્પૂર્ણ સ્થૂળ, સૂક્ષ્મ પ્રપઞ્ચ કારણમાયા વડે પરમાર્થ બ્રહ્મમાં અધ્યસ્ત છે અને કારણમાયા સ્વયં પોતે પણ એ જ બ્રહ્મમાં અધ્યસ્ત છે. જે રીતે ભેદ ભેદ્યને અલગ કરે છે અને સ્વયં પણ ભેદ્યથી અલગ થઈ જાય છે; જેવું કે સંક્ષેપ શારીરકકારે કહ્યું છેઃ-

**"भेदं च भेद्यं च भिनत्ति भेदो यथैव भेदान्तरमन्तरेण ।**
**मोहं च कार्यं च विभर्ति मोहस्तथैव मोहान्तरमन्तरेण ।।"**

**(१-५५)**

તાત્પર્ય એ છે કે કાર્ય કારણાત્મક સમ્પૂર્ણ માયામય પ્રપઞ્ચ યુગપદ્ સિદ્ધ હોય છે; એટલે કે બધા એક સાથે જ બ્રહ્મમાં અધ્યસ્તકલ્પિત થતા હોય છે.

કાર્ય સમેત મૂળ અવિદ્યા તેમ જ તૂલ અવિદ્યાના અધિષ્ઠાન સ્વરૂપ પરબ્રહ્મની જ પારમાર્થિક સત્તા હોય છે. એટલે કે વાસ્તવમાં અધિષ્ઠાન સ્વરૂપ સત્ય પરબ્રહ્મ પરમાત્મા જ છે. પરંતુ વ્યવહાર અને પ્રતિભાસના સંદર્ભમાં ક્રમશઃ કાર્ય સહિત મૂળ અવિદ્યા અને કાર્ય સહિત તૂલ અવિદ્યાની વ્યવહારિક અને પ્રતિભાસિક સત્તા કહેવાય છે. આ રીતે ઉપરોક્ત પ્રકારે વેદાન્તમાં ત્રણ સત્તાઓ પ્રસિદ્ધ છેઃ- (૧) પારમાર્થિક સત્તા (૨)વ્યવહારિક સત્તા અને (૩) પ્રાતિભાસિક સત્તા. તૂલ અવિદ્યા અને તૂલ અવિદ્યાનું કાર્ય દોરડીમાં કલ્પેલા પ્રાતિભાસિક સર્પનું વ્યવહારિક સત્ય, દોરડી આદિના જ્ઞાનથી દૂર થાય છે. મૂળ અવિદ્યાનું કોર્ય વ્યવહારિક જગત, એના અધિષ્ઠાન સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માનો આત્મરૂપે સાક્ષાત્કાર થતાં, દૂર થાય છે. આ રીતે કેવળ પારમાર્થિક સત્તા જ બાકી રહી જાય છે.

ત્રિગુણાત્મિકા માયા, જે બ્રહ્મની (આત્માની) શક્તિ, ઈશ્વરની ઉપાધિ, જગતની કારણરૂપા, પ્રતિક્ષણ-પરિણામિની તેમ જ વ્યાવહારિક સત્તાવાળી છે. જેના અન્તર્ગત અનન્ત અન્તઃકરણો દેખા દે છે. તે દરેક અન્તઃકરણ અવિચ્છિન્ન અજ્ઞાનોપાધિક જીવ કહેવાય છે, અર્થાત પરોક્ત દરેક અન્તઃકરણના દાયરામાં આવતી માયા(અવિદ્યા) દરેક જીવની ઉપાધિ બને છે.

## ચતુર્વિધ ચેતનાઃ

ઉપર દર્શાવેલ ઉપાધિઓને કારણે જ બ્રહ્મ(આત્મા)ના ચાર ભેદો માનવામાં આવે છે. (૧) બ્રહ્મ (૨) કૂટસ્થ (૩) ઈશ્વર અને (૪) જીવ.

જે રીતે આકાશના ચાર ભેદો હોય છે (૧) મહાકાશ (૨) મેઘાકાશ (૩) ઘટાકાશ અને (૪) જલાકાશ.

જે આકાશ સર્વત્ર ફેલાએલું છે, એને મહાકાશ કહે છે. ઘડામાંના એજ આકાશને ઘટાકાશ કહે છે. એ જ મહાકાશમાં જે મેઘ (વરસાદ) છે, એમાં જ્યારે આ મહાકાશ પ્રતિબિંબિત થાય છે તેને મેઘાકાશ કહે છે. ઘડાના પાણીમાં એ મહાકાશ પ્રતિબિંબિત થાય, તેને જલાકાશ કહે છે. એવી જ રીતે જે સર્વાધિષ્ઠાન ચેતન(આત્મા) સર્વત્ર વ્યાપ્ત છે, એને બ્રહ્મ કહે છે. અર્થાત માયા રૂપી ઉપાધિનો અધિષ્ઠાન ચેતન બ્રહ્મ છે.

માયા (કારણ અવિદ્યા)માં ચેતનનું જે પ્રતિબિંબ છે તે ઈશ્વર કહેવાય છે; ઈશ્વરસાક્ષીને બ્રહ્મ કહે છે. એટલે કે જે ઈશ્વરનો સાક્ષી છે તે જ બ્રહ્મ છે.

અન્તઃકરણરૂપી કાર્ય અવિદ્યામાં ચેતનનું જે પ્રતિબિંબ છે, એને જીવ કહે છે; અને જીવસાક્ષીને કૂટસ્થ કહે છે.

ઈશ્વરસાક્ષી બ્રહ્મ અને જીવસાક્ષી કૂટસ્થ એ બન્ને એક જ છે. કેવળ ઉપાધિ ભેદને કારણે જ એમનો ભેદ માનવામાં આવે છે; જે રીતે મહાકાશ અને ઘટાકાશ બન્ને એક જ છે. વાદળરૂપી કારણમાયાનું જળરૂપી અન્તઃકરણ કાર્ય છે.

જે રીતે અનન્ત જલકણોંના સમૂહ રૂપ વાદળમાં આકાશનું પ્રતિબિંબ મેઘાકાશ એક જ હોય છે, તેવી જ રીતે અનન્ત અન્તઃકરણ જેમાં બીજ રૂપે વિદ્યમાન છે, એવી માયામાં ચેતનનું પ્રતિબિંબ ઈશ્વર એક જ છે.

જે રીતે પાણી ભરેલા એનેક ઘડાઓમાં આકાશના પ્રતિબિંબ રૂપ (ઘડા રૂપી ઉપાધિને કારણે) જલાકાશ અનેક હોય છે, તેવી જ રીતે અનન્ત અન્તઃકરણ રૂપી ઉપાધિઓમાં ચેતનનું પ્રતિબિંબ ચિદાભાસ રૂપી જીવ અનન્ત હોય છે. તાત્પર્ય એ છે કે સમષ્ટિ ઉપાધિ વિશિષ્ટનું નામ ઈશ્વર તેમ જ વ્યષ્ટિ ઉપાધિ વિશિષ્ટનું નામ જીવ છે. ઉપાધિના તારતમ્યથી જ ઈશ્વર સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને જીવ અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન હોય છે.

## ઈશ્વરસૃષ્ટિઃ

મૂળ અવિદ્યા ઈશ્વરની જ શક્તિ છે; જેના દ્વારા એ પોતાના માયારૂપ સંકલ્પથી જીવોના કર્માનુસાર વ્યવહારિક જગતની રચના કરે છે. આ વ્યવહારિક જગતની અજ્ઞાત સત્તા કહેવાય છે. અર્થાત વ્યવહારમાં જે વસ્તુનું અજ્ઞાન હોવા

છતાં એની હાજરી જણાય તે વસ્તુની અજ્ઞાત સત્તા કહેવાય છે. જે રીતે કોઈ વ્યક્તિ હિમાલય વિશે ન જાણતો હોય તો પણ હિમાલયતો વિદ્યમાન છે જ. માટે એ હિમાલયની અજ્ઞાત સત્તા છે.

## જીવસૃષ્ટિઃ

તૂલ અવિદ્યા જીવની શક્તિ છે, જે વડે જીવ પોતાના મનોવૃત્તિરૂપ સંકલ્પથી જીવસૃષ્ટિનું નિર્માણ કરે છે. જે રીતે ઈશ્વરસૃષ્ટિ અન્તર્ગત મનુષ્ય શરીર છે; આ મનુષ્ય શરીર માટે કોઈ ભાઈની કલ્પના કરે છે, કોઈ પુત્રની, કોઈ પિતાની તો કોઈ કાકા-મામાની. કોઈ એને પોતાનો મિત્ર માને છે તો કોઈ એને પોતાનો શત્રુ માને છે. આ સપ્ત ધાતુઓનું બનેલું શરીર ઈશ્વરસૃષ્ટિ છે તથા એમાં જે પરસ્પર ભિન્ન-ભિન્ન તેમ જ વિરુદ્ધ કલ્પનાઓ છે, જે મનોમય છે, એ બધી જ જીવ-સૃષ્ટિ છે. આ જ જીવ-સૃષ્ટિ જીવના સુખ-દુઃખ, રાગ-દ્વેષ આદિ બન્ધનનું કારણ છે; અને જીવસૃષ્ટિની (મનોવૃત્ત્યાત્મક હોવાને કારણે) જ્ઞાતસત્તા કહેવાય છે. એટલે કે જેટલો સમય એનું જ્ઞાન હોય છે, એટલા સમય માટે જ એ સત્ય છે. જે રીતે જેટલા સમય માટે દોરડીમાં સર્પ પ્રતીત થાય છે, તેટલો સમય જ પેલા સર્પની સત્તા રહે છે, એટલા જ સમય માટે ભય આદિનું નિર્માણ થાય છે. એવી જ રીતે જવે રચેલા પ્રિય-અપ્રિય, અનુકૂલ-પ્રતિકુલ અથવા સુખ-દુઃખની પણ જ્ઞાત સત્તા છે; અર્થાત જ્યાં સુધી જીવ, ઈશ્વરસૃષ્ટિમાં (સુખ-દુઃખની) કલ્પના કરતો રહે છે; ત્યાં સુધી જ એ પ્રતિત થાય છે.

## જીવ અને ઈશ્વર સૃષ્ટિ પરસ્પર સાપેક્ષ છેઃ

**જીવસૃષ્ટિ તેમ જ ઈશ્વરસૃષ્ટિ પરસ્પર સાપેક્ષ છે; કારણ કે ઈશ્વર જીવના કર્મો મુજબ જ સૃષ્ટિને સર્જે છે. અને જીવ આ ઈશ્વરસૃષ્ટિમાં જ અનુકૂળ-પ્રતિકૂળ, તારુ-મારુ, આદિની કલ્પનારૂપ જીવસૃષ્ટિનું નિર્માણ કરે છે. સમય જતાં આ જીવસૃષ્ટિ જ કર્માશય રૂપે સ્થાયી થઈ જાય છે અને તે કર્માશય સૃષ્ટિનું નિમિત્ત બને છે.**

**જે અજ્ઞાન(માયા)ની ઉપાધિને કારણે ચેતન બ્રહ્મ આત્મા જીવભાવને પ્રાપ્ત કરે છે; એ માયાની બે શક્તિઓ છે-**

**(૧) આવરણ અને (૨) વિક્ષેપ**

**(૧) આવરણ-શક્તિ સ્વરૂપને ઢાંકે છે. (તિરોભાવ) અને**

**(૨) વિક્ષેપ-શક્તિ જગત રૂપી રચના કરે છે.**

**આવરણ શક્તિ વડે ઢંકાએલો આ જીવ પોતાના સર્વાધિષ્ઠાન આત્મસ્વરૂપ પરબ્રહ્મ, પરમાત્મા, સદ્-ચિત્-આનન્દ સ્વરૂપને સ્પષ્ટ પણે જાણી ન શકવાને કારણે શરીર આદિમાં અહમ્ બુદ્ધિ કરી લે છે. અર્થાત આ સ્થૂળ-સૂક્ષ્મ, દેહરૂપ ઉપાધિને જ પોતાનું સ્વરૂપ માની લે છે તથા દેહના ધર્મને પોતાનો ધર્મ માની લે છે. આ રીતે બુદ્ધિ, ઈન્દ્રિઓ, પ્રાણ અને શરીરના સંગને કારણે આત્મ ચૈતન્ય એમાં મિથ્યા તાદાત્મ્ય સમ્બન્ધ બાંધે છે, અને એ રીતે જીવ બધા જ બન્ધનોનો ભોક્તા(ભોગવનાર) બની જાય છે. આ રીતે જીવ બુદ્ધિ સાથેની એકાત્મતાને કારણે કર્તૃત્વ અને ભોક્તૃત્વના બંધનમાં પડી જાય છે. ઈન્દ્રિઓ સાથેની એકરૂપતા થવાથી વિષયોની સાથે સંયોગ, વિયોગ જન્ય બન્ધનને** પ્રાપ્ત કરે છે. પ્રાણ સાથે તાદાત્મ્ય હોવાથી ક્ષુધા-તૃષાદિના બન્ધનને પ્રાપ્ત કરે છે અને શરીર અધ્યાસ હોવાને કારણે, જન્મ-મરણના બન્ધનમાં પડે છે. આ રીતે એ આત્માચિત્તની ગતિ આદિ ધર્મોને પોતાનો ધર્મ માની લે છે. જ્યારે ચિત્ત કાર્યરત હોય ત્યારે સ્વયંને કાર્યરત માને છે અને જ્યારે ચિત્ત સ્થિર થાય છે ત્યારે પોતાને સ્થિર માની લે છે. આ રીતે સર્વવ્યાપક ચિદાનન્દ આત્મા ભ્રમવશ ચિત્તને જ પોતાનું સ્વરૂપ માની લે છે, ચિત્તરૂપી ઉપાધિમાં પડેલો જીવ, રેશમના કીડાની જેમ વાસનારૂપી તંતુઓથી પોતાને બાંધી લે છે. લિઙ્ગ શરીર રૂપી કલ્પિત ઉપાધિને કારણે આ જીવ જો નિમેષ(ક્ષણ)ના અર્ધભાગ માટે પણ સ્વરૂપથી બહિર્મુખ થઈ જાય, તો દેહ તેમ જ મન, બુદ્ધિ અને ઈન્દ્રિય આદિના સમાગમથી અનુક્રમે મૃગરૂપ, લતારૂપ, કીટરૂપ, દેવરૂપ અને અસુર આદિ રૂપ પણ ધારણ કરી લે છે અને વાસનાને કારણે અનન્ત સંસ્કારોવાળા જન્મ-મરણના ચક્રમાં ઘૂમતો રહે છે.

## આત્મબોધની પ્રક્રિયાઃ

સંસાર ચક્રમાં ફસાએલો આ જીવ કદી ક્યાંએ વિશ્રામ નથી મેળવી શકતો. એટલે સુધી કે કર્મોના ફળ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ બ્રહ્મલોકને પણ પ્રાપ્ત કરીલે, છતાં પણ ત્યાં એને પૂર્ણ વિશ્રાંતિ અને પરમ આનન્દની પ્રાપ્તિ નથી થતી; કારણ કે બ્રહ્મલોકની પણ પુનરાવૃત્તિ થવાને કોરણે એને ફરીવાર સંસાર ચક્રમાં ભટકવું પડે છે. અન્તે ઈશ્વરની, કોઈ પણ હેતુ વિનાની કૃપાથી તેમ જ પોતાના (જીવના) અનન્ત પુણ્યોના પ્રભાવથી જ્યારે એને માલમ પડી જાય છે કે આ માયામય જગતમાં વાસ્તવમાં ક્યાંએ આનન્દ અને શાંતિ હોતા નથી; અર્થાત આ સંસાર દુઃખરૂપ જ છે; ત્યારે એ ત્યાંથી પાછો ફરી નિત્ય સત્ય પરમાત્માની અભિમુખ[૧] થાય છે. અહીંથી જ એની નિષ્કામ ઉપાસના કે યોગસાધનાનો પ્રારંભ થઈ જાય છે. એ જેમ જેમ પરમાત્માના સ્મરણ તેમ જ ધ્યાનમાં તલ્લીન થતો જાય છે, તેમ તેમ સંસારના પદાર્થોની ઉપેક્ષા થતી જાય છે. જગતના પ્રાણાઓ અને પદાર્થોથી જેમ જેમ એનું મન ઉપરામ થાય છે, તેમ તેમ તે (એનું મન) શાંત થતું જાય છે. જેમ જેમ એના મનનો વિક્ષેપ સમાપ્ત થાય છે, તેમ તેમ એની એકાગ્રતા અને અન્તર્મુખતા વધે છે. જેમ જેમ એની એકાગ્રતા અને અન્તર્મુખતા વધતી જાય છે તેમ તેમ એની પરમાનન્દ રસની અનુભૂતિ વધારેને વધારે પ્રગટ થાય છે.

*નોંધ (૧) – પરમાત્માને અભિમુખ થવાનું તાત્પર્ય એ છે કે બ્રહ્મલોકની પ્રાપ્તિ થઈ જવા છતાં પણ અતૃપ્તિ અને અશાંતિ કાયમ રહેવાને કારણે જ્યારે એને (જીવને) સ્પષ્ટ દેખાય છે કે સમ્પૂર્ણ માયામય વિષય નિઃસાર અને દુઃખરૂપ જ છે, ત્યારે એવો સાધક દૃઢ નિશ્ચયવાળો બની જાય છે કે પરમાત્માની પ્રાપ્તિમાં જ પરમશાંતિ અને તૃપ્તિ છે, અર્થાત પરમાત્માને પ્રાપ્ત કર્યા વિના કૃતકૃત્ય નથી થઈ શકતો.*

જેમ જેમ પરમાનન્દ સ્વરૂપનું પ્રાગટ્ય થાય છે, તેમ તેમ એના, વિષયોમાં જે અત્યન્ત સૂક્ષ્મ રાગ અને દ્વેષો છે, તેમની નિવૃત્તિ થતી જાય છે. અને પૂર્ણ પરમાનન્દ રસનું પ્રાગટ્ય થતાં રાગ-દ્વેષની સર્વથા નિવૃત્તિ થઈને પરમાનન્દઘન પરબ્રહ્મ પરમાત્મા સાથે નિરન્તર ઐક્યબોધ પ્રગટ થાય છે. એવા નિત્યસિદ્ધ એકત્વબોધના પ્રગટ થતાં કાર્ય સહિત અવિદ્યા પણ નિવૃત્ત થઈ જાય છે અને આત્મા પોતાના સ્વયં પ્રકાશ સત્ય સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે; અર્થાત આત્મસાક્ષાત્કાર થઈ જાય છે. આવો બોધ થયા બાદ 'હું શરીર નથી, પરંતુ ચેતન સ્વરૂપ આત્મા છું', એવો દૃઢ અપરોક્ષ નિશ્ચય થવાથી અજ્ઞાનને કારણે જન્મેલો મોહ સદાને માટે નાશ પામે છે. એવો એ પુરુષ (જીવ) જીવનમુક્ત કહેવાય છે. જેમે તત્ત્વ જ્ઞાનની મદદથી અવિદ્યાથી છૂટકારો મેળવી લીધો છે, તેનુ બાકી રહેલું પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે તે જીવતો રહે છે તથા તેનો યથાયોગ્ય વ્યવહાર પણ ચાલે છે, તેમ છતાં એને અજ્ઞાનજન્ય સુખ કે દુઃખ કાંઈ પણ થતું નથી. જીવનમુક્તનું કારણ શરીર (અજ્ઞાન) નષ્ટ થઈ જવાને કારણે, એ બાકી રહેલા બે શરીરો (સ્થૂળ અને સૂક્ષ્મ)થી જ જીવતો રહે છે. એનું પ્રારબ્ધ કર્મ જ્યારે પુરું થાય છે ત્યારે, અને સ્થૂળ શરીર પણ નાશ પામે છે ત્યારે સૂક્ષ્મ શરીર જેવું સ્થૂળ શરીરને છોડી બહાર આવે છે તે આધારને અભાવે તુરંત જ નાશ પામે છે, અને જે તે તત્ત્વોમાં ભળી જાય છે. આ પ્રકારના જીવનમુક્ત પુરુષ માટે જ કહેવાયું છે કે,

**"न तस्य प्राणा उत्क्रामन्ति अत्रैव प्रवलीयन्ते"**

એના પ્રાણ બીજા શરીરમાં પ્રવેશ નથી કરતા, પરન્તુ બહાર નીકળતાની સાથે જ મહાપ્રાણમાં મળી જાય છે. આ સ્થિતિ વિદેહ કૈવલ્ય કહેવાય છે.

અજ્ઞાનકાળમાં જ્યારે બહિર્મુખી અન્તઃકરણવૃત્તિ ચિદાભાસથી પ્રકાશિત એવા જગતના પદાર્થોને વિષય બનાવે છે, ત્યારે ચિદાભાસને, પ્રિય-અપ્રિય અને રાગ-દ્વેષને ઉત્પન્ન કરનારા જગતની અનુભૂતિ થાય છે, કારણ કે વૃત્તિઓએ એ સમયે (અજ્ઞાનકાળમાં) જડ પદાર્થોને જ વિષય બનાવ્યા હોય છે.

જ્ઞાનકાળમાં અન્તઃકરણવૃત્તિ બાહ્ય વિષય નિરપેક્ષ, અર્થાત અન્તર્મુખ થઈને બ્રહ્મને જ વિષય બનાવે છે, ત્યારે ચિદાભાસ સ્વયં પેરકાશ બ્રહ્મ સાથે એક થઈ ને સ્વરૂપ આનન્દમાં મગ્ન થઈ જાય છે. જે રીતે દર્પણમાંથી આવતું સૂર્યનું

પ્રતિબિંબ, દર્પણ વાંકો હોય ત્યારે અન્ય પદાર્થોને પ્રકાશિત કરે છે તેમજ જુદો દેખાય છે અને દર્પણને જ્યારે બિલકુલ સૂર્યની સામે ધરવામાં આવે છે ત્યારે દર્પણનું પ્રતિબિંબ, જેને દર્પણનો સૂર્ય કહેવાય છે, તે બિમ્બરૂપ સૂર્ય સાથે એક થઈ જાય છે. આ સ્થિતિમાં દર્પણમાંથી અન્ય કોઈ પ્રતિબિંબ નથી નિકળતું, કેવળ સૂર્ય જ રહી જાય છે. આવી રીતે દર્પણરૂપી વૃત્તિમાં ચેતનનો ઉપસેલો આભાસ, વૃત્તિ બહિર્મુખ હોય ત્યારે બાહ્ય વિષયોને પ્રકાશિત કરે છે, અને પરમાત્માથી વિપરિત રહે છે. એજ વૃત્તિ જ્યારે અન્તર્મુખ એટલે કે આત્માભિમુખ થાય છે ત્યારે વૃત્તિસ્થિત ચેતનાનો આભાસ બિમ્બરૂપી સાક્ષી તેતના સાથે એક થઈ જાય છે, અને તે સમયે વૃત્તિ પણ આનન્દસ્વરૂપ બ્રહ્મમય બની જાય છે. આ રીતે બ્રહ્માનુભૂતિથી ત્રિપુટીનો બાધ થઈને અધિષ્ઠાન સ્વરૂપ સ્વયં પ્રકાશપૂર્ણ આત્મા જ સ્વયંમાં અવસ્થિત થઈ જાય છે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે મનનું બહિર્મુખ થઈ બાહ્ય વિષયોમાં રમણ કરવું એજ બન્ધનનું કારણ છે અને અન્તર્મુખ થઈ નિત્ય સિદ્ધ સ્વયં પ્રકાશ સ્વરૂપ આનન્દમાં મગ્ન થવું એ મુક્તિનું કારણ છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ –

**"मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः।**
**बन्धाय विषयासङ्गिमुक्त्यै निर्विषयं मनः।।"**
(ब्रह्मविन्दु उ०-२)

## "દસમો તુ છે" નું દૃષ્ટાંત

આત્મા સદાસત્ય, સદાઅપરોક્ષ, સદા આનન્દસ્વરૂપ છે, તો એના પ્રત્યે અભાવ બુદ્ધિ, એનું અજ્ઞાન તેમ જ એની દુઃખરૂપતા કેવી રીતે હોઈ શકે? એ એક મોટો પ્રશ્ન જ છે. આ પ્રશ્નનું સમાધાન 'दशमस्त्वमसि' અર્થાત 'દસમો તુ છે', એ દૃષ્ટાંતથી કરવામાં આવે છે. કથા કાંઈક આવી છે – દસ ભલાભોળા બાળકો એક નદી પાર કરી રહ્યા હતા. એમાના એક પર જવાબદારી હતી કે એ દસેની સંભાળ રાખે, કોઈ નદીમાં ડૂબે કે પાછળ રહી ન જાય. તેથી નદી પાર કરતાની સાથે જ આ જવાબદાર બાળકે બધાને એકત્રિત કરી ને ગણવા માંડ્યા. અને પોતાને ભૂલીને એણે નવ જ ગણ્યા. શંકા ભર્યા અને વ્યાકુળ ચિત્ત એ બાળકે વારંવાર બધાને ગણ્યા અને આંકડો નવથી આગળ ન વધ્યો અને દસમો નદીમાં ડૂબી ગએલો માનીને એણે અત્યંત દુઃખી થઈ રડવાનું શરૂ કર્યું. એને અત્યંત દુખી અને રોતો-કકડતો જોઈ કોઈ દયાળુ સત્-પુરુષ દ્વારા એના દુખનું કારણ પૂછાતા એણે રડતાં રડતાં જણાવ્યું કે- 'અમે દસ બાળકો નદી પાર કરી રહ્યા હતા; હવે અમે નવ જ રહી ગયા છીએ દસમોં દેખાતો નથી, નદીમાં ડૂબી ગયો હોય એવું લાગે છે' આટલું કહીને એ જોર જોરથી માથુ કુટતો ફરી રડવા લાગ્યો. પેલા દયાળુ પુરુષે એને અત્યંત દુઃખી જોઈ ધીરજ રાખવાનું જણાવી આશ્વાસન આપતાં કહ્યું કે દુઃખી ન થઈશ, દસમો પણ અહીં જ છે. જ્યારે એ બાળકે થોડું ધૈર્ય બાંધી, શાંત થતાં પૂછ્યું કે દસમો ક્યાં છે? એને જલ્દી મેળવી આપો. દયાળુ પુરુષને તો પ્રશ્ન પૂછનાર સાથે દસ બાળકો દેખાઈ જ રહ્યા હતા. એ જાણતો જ હતો કે દસમાં ને શોધનારો એ પ્રશ્નકર્તા, સ્વયં જ દસમો છે. વ્યાકુળ ચિત્ત હોવાને કારણે એ પોતાને ગણવાનું જ ચૂક્યો હતો. માટે બાળકને એણે એકવાર ફરી ગણવા આદેશ આપ્યો, કે તુ નવને ગણ અને હું તને દસમાની સાથે મેળવી આપીશ. જ્યારે બાળકે દસમાની પ્રાપ્તિની ઈચ્છાથી ફરી નવની ગણત્રી કરી, ત્યાર બાદ પેલો સત્-પુરૂષે નવને ગણનારા એ બાળકનો કાન પકડીને એને પેલા નવ સામે ઉભો રાખ્યો અને કહ્યું કે આ નવને ગણનારો તુ જ દસમો છે. આ વાક્યને સાંભળતાની સાથે જ, દસમો દેખાતો નથી, દસમો નથી, એ જે ભ્રાન્તિ હતી, તે એકદમ જ દૂર થઈ ગઈ. સ્વયં ને દસમો જાણી લીધા બાદ, દસમા માટે જે વ્યાકુળ થઈ રહ્યો હતો તેની બધી જ વ્યાકુળતા સમાપ્ત થઈ જાય છે, અને એ દસમાની પ્રાપ્તિ તેમ જ તૃપનો અનુભવ કરે છે. તાત્પર્ય એ છે કે 'હું દસમો છું' એ જ્ઞાન થતાની સાથે જ દસમાના વિયોગ કે અભાવની ભ્રાન્તિથી જે કાંઈ પણ દુઃખનો અનુભવ કરી રહ્યો હતો, તે દુઃખનાં મૂળ જ નાશ પામે છે. એટલું અવશ્ય છે કે ભ્રાન્તિકાળમાં અત્યન્ત દુઃખી થઈ માથું એટલું પછાડ્યું હતું કે એના માથા પર ઘા પડી ગયો. દુઃખના મૂળ દૂર થતાં એ ઘા તે જ સમયે રૂઝાઈ નથી જતો. એને ઠીક થતાં સમય લાગે છે. પરંતુ દસમાના જ્ઞાનથી એના માનસિક દુઃખની સર્વથા નિવૃત્તિ થઈ જાય છે તેમ જ મનમાં પરમ તૃપ્તિનો અનુભવ કરે છે. જે રીતે દસમો દસમા માટે સદા વિદ્યમાન, સદા

પ્રત્યક્ષ તેમ જ સદા સુખરૂપ હોવા છતાં પોતાને પરોક્ષ, અવિદ્યમાન, દુઃખરૂપતાનો અનુભવ કરે છે. તેવી જ રીતે આત્માના સદા વિદ્યમાન તેમ જ સદા આનન્દરૂપ હોવા છતાં વિપરીત અનુભવે છે.

## અજ્ઞાનઃ

જે રીતે દસમો નવને જોઈને તેમનામાં એટલો તલ્લીન થઈ ગયો છે કે પોતાનું જ ભાન ભૂલી ગયો, એવી જ રીતે આ સર્વાધિષ્ઠાન સ્વયં પ્રકાશ સત્-ચિત્-આનન્દ સ્વરૂપ આત્મા (૧) જાગ્રત (૨) સ્વપ્ન (૩)સુષુપ્તિ (૪) સ્થૂળ (૫) સૂક્ષ્મ (૬) કારણ (૭) વિશ્વ (૮) તૈજસ અને (૯) પ્રાજ્ઞ આ નવને સત્તા સ્ફૂર્તિ પ્રદાન કરનારો હોવા છતાં પણ અ-કાર આદિ માત્રા વાચ્ય, આ નવથી અલગ એવું ૐકાર સ્વરૂપ અધિષ્ઠાન, પોતાના વાસ્તવિક સ્વરૂપને નથી ઓળખતું, એ જ ***અજ્ઞાન*** છે.

## દ્વિવિધ આવરણઃ

જેવી રીતે દસમો કહી રહ્યો હતો કે એને દસમો દેખાતો નથી અને દસમો છે જ નહીં એવી જ રીતે આત્મા માટે એવું કહેવું કે અમને અમારો નિર્વિકાર, (સત્-ચિત્-આનન્દ) સ્વરૂપ નથી દેખાતો (અનુભવાતો), આ ***અભાનપાદક*** આવરણ છે, અને એવું સ્વરૂપ છે જ નહીં, એવું માનવું ***અસત્વાપાદક*** આવરણ છે.

## વિક્ષેપઃ

જે રીતે દસમો નવને જોયા બાદ પણ દસમો નદીમાં ડૂબીને મરી ગયો, એવું સમજીને અત્યંત દુઃખી થઈને રોવા-પીટવા લાગે છે. એવી જ રીતે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીર, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થા તેમ જ તેમના અભિમાની વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ આ નવને જ સત્ય માનીને અને એમને જ પોતાનું સ્વરૂપ માની લઈને કર્તા, ભોક્તા અર્થાત પોતાને પુણ્ય કરનાર, પાપ કરનાર તેમ જ સુખી-દુઃખી સમજવા લાગીએ છીએ, આ ***અજ્ઞાનથી થનાર વિક્ષેપ*** છે.

## પરોક્ષજ્ઞાનઃ

જે રીતે રડતા-પડતા દસમાને કોઈ દયાળુ પુરુષ દ્વારા એ ઉપદેશ મળે છે કે 'દસમો છે, દુઃખી ન થઈશ', આ વાક્ય સંભળાવી એ દસમાને પરોક્ષરૂપે જ્ઞાન આપે છે; આ રીતે પુણ્ય-પાપ કર્મો તેમ જ સુખ-દુઃખની જાળમાં ફસાએલા જીવને ઈશ્વરકૃપાથી એના વાસ્તવિક સ્વરૂપનો ઉપદેશ જ્યારે સદ્-ગુરુ પાસેથી મળે છે, જે દ્વારા એને જાણવા મળે છે કે આત્મા પુણ્ય-પાપ કર્મો તેમ જ સુખ-દુઃખ, રાગ-દ્વેષાદિ જગત-જાળથી સર્વથા મુક્ત અને પરમાનન્દ સ્વરૂપ છે તો એ સાંભળીને આસ્તિક જિજ્ઞાસુના હૃદયને એક મોટું આશ્વાસન મળે છે; એનું નામ જ ***પરોક્ષજ્ઞાન*** છે.

## અપરોક્ષજ્ઞાનઃ

જે રીતે દસમાને નવ સુધી ગણ્યા બાદ સત્ પુરુષ એ ઉપદેશ આપે છે કે 'દસમો તુ જ છે' અને આ વાક્ય સાંભળીને દસમાને દસમાના આત્મ સ્વરૂપ અપરોક્ષ જ્ઞાન થઈ જાય છે કે હું દસમો છું. આવી જ રીતે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીર, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થા તેમ જ વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ આ નવનું જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ શ્રુતિ ઉપદેશ આપે છે કે 'અકાર', 'ઉકાર' અને 'મકાર' સ્વરૂપ આ નવના અધિષ્ઠાન તેમ જ પ્રકાશક સત્-ચિત્-આનન્દ ૐકાર સ્વરૂપ આત્મા તૂ સ્વયં છે. આ અપરોક્ષ સાક્ષાત્કાર (જ્ઞાન)નું સાધન, જીવબ્રહ્મની એકતાનું બોધક 'तत्त्वमसि' ઈત્યાદિ મહાવાક્યોનો ઉપદેશ છે. જેનાથી 'अहंब्रह्मास्मि' અર્થાત 'હું જ બ્રહ્મ છું', એ સાક્ષાત્કાર થાય છે. એને જ ***અપરોક્ષજ્ઞાન*** કહે છે.

## દુઃખથી છૂટકારો અને જીવન-મુક્તિઃ

જે રીતે 'તૂ દસમો છે' એ સાંભળીને દસમાને પોતાનો (દસમો હોવાનો) અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે તેમ જ નિજ રૂપ દસમાના સાક્ષાત્કારથી અજ્ઞાનથી જન્મનાર દસમો 'નથી દેખાતો', અને 'છે જ નહીં'; એ આવરણ અને દસમાના મરવાથી જે રોવું- કકડવું આદિ વિક્ષેપરૂપ દુઃખ હતું. તેનાથી છૂટકારો મળે છે. આ દુઃખની નિવૃત્તિ થતાં પરમશાન્તિ અને તૃપ્તિનો અનુભવ થાય છે, એવી જ રીતે સર્વાધિષ્ઠાન, સત્-ચિત્-આનન્દ સ્વરૂપ આત્માનો મહાવાક્યો દ્વારા સાક્ષાત્કીર થતાં જ કર્તા, ભોક્તા આદિ વિક્ષેપરૂપ દુઃખની સર્વથા નિવૃત્તિ થઈ જાય છે; એ જ અપરોક્ષ જ્ઞાન છે, આ જ અપરોક્ષાત્મક જ્ઞાનથી શોકની સર્વથા નિવૃત્તિ થાય છે. આ રીતે શોકની નિવૃત્તિ થવાથી પરમશાંતિવઅને નિરંકુશ તૃપ્તિનો અનુભવ થાય છે. આ જ જીવનમુક્તિની અવસ્થા કહેવાય છે.

## લેશાડવિદ્યા અને વિદેહ મુક્તિઃ

જે રીતે દસમાને દસમાનું જ્ઞાન થવાથી મૂળ દુઃખની નિવૃત્તિ તો થઈ જાય છે, પરંતુ માથુ કટવાને કારણે જ ઘા થયો, એને રુઝાતા વાર લાગવાની; તો પણ એ સમય દરમ્યાન એની માનસિક શાંતિ તો જેમની તેમ બની જ રહેવાની, અને ઘા ભરાંતા એ અન્દર-બહાર બધી રીતે સ્વસ્થ થઈ જાય છે. આ રીતે આત્મસાક્ષાત્કાર થતાં જ મૂળ દુઃખની નિવૃત્તિ થવાથી અગામી તેમ જ સંચિત કર્મો બળી જવા છતાં લેશાવિદ્યાના ફળ સ્વરૂપ પ્રારબ્ધ કર્મ બાકી રહી જાય છે; આ પ્રારબ્ધ કર્મ પુરું ન થાય ત્યાં સુધી જે તે અનુકૂળ પ્રતિકૂળ આભાસ માત્ર બન્યો રહે છે. અર્થાત જીવનમુક્તના મન પર એનો પ્રભાવ નજીવો જ હોય છે. પ્રારબ્ધક્ષય થતાં પૂર્ણ પરમાનન્દ સ્વરૂપ આત્મામાં અવસ્થિતરૂપ વિદેહ કૈવલ્યની પ્રાપ્તિ થઈ જાય છે.

આ રીતે દસમાનું દૃષ્ટાંત સમજી લેવાથી અગાઉના પ્રશ્નોનું સમાધાન થઈ જાય છે, કે જે રીતે દસમો દસમા માટે સદાવિદ્યમાન, સદાપ્રત્યક્ષ અને નિત્યપ્રાપ્ત સુખરૂપ હોવા છતાં ભ્રાંતિને કારણે અવિદ્યમાન, અપ્રત્યક્ષ અને દુઃખરૂપ બની ગયો હતો તેન જ જે રીતે સ્વયં માટે સ્વયં સદા પ્રત્યક્ષ હોવા છતાં પણ પહેલાં દસમાને દસમાનું પરોક્ષ અને પછી અપરોક્ષ જ્ઞાન થયું. એવી જ રીતે સદાસત્ય, સદા અપરોક્ષ અને સદા આનન્દ સ્વરૂપ આત્મા હોવા છતાં પણ અજ્ઞાનને કારણે આત્માનો અભાવ અને દુઃખરૂપતાનો અનુભવ થવા લાગ્યો હતો. આ રીતે આત્મા સ્વયં માટે સ્વયંને સદા પ્રત્યક્ષ હોવા છતાં પણ (આત્માને) પહેલાં આત્માનું પરોક્ષ અને પછી અપરોક્ષ જ્ઞાન થાય છે.

ॐ

અપરોક્ષ જ્ઞાન થતાં જ્ઞાની નીચે મુજબ પોતાનો અનુભવ દર્શાવે છે.

'अहमात्मा साक्षी केवलश्चिन्मात्रस्वरूपः'

'હું આત્મા સાક્ષી કેવળ ચિન્માત્ર સ્વરૂપ છું.'

હવે પ્રશ્ન એ થાય છે કે બોધ થયા બાદ, અર્થાત્ સર્વાધિષ્ઠાન પરમાત્માને આત્મરૂપે જાણ્યા બાદ જ્ઞાનીનું આ 'હું જાઉં છું', 'હું આવું છું', 'હું ખાઉં-પીઉં છું' ઈત્યાદિ શરીરાદિ ઉપાધિઓનો 'હું' માનીને થતો વ્યવહાર કેવી રીતે થાય છે? કારણ કે એ તો દેહ ભાવથી ઉપર ઉઠીને પરમાત્મભાવમાં સ્થિર થઈ ચૂક્યો હોય છે; એટલે કે હવે એ પરમાત્માને જ પોતાનું સ્વરૂપ જાણે અને માને છે, અને જ્યાં સુધી લેશાડવિદ્યાને કારણે પ્રારબ્ધની સ્થિતિ જળવાઈ રહે, ત્યાં સુધી જ્ઞાની પણ પોતાનો બધો જ ભોતિક વ્યવહાર પણ જાળવી જ રાખે છે. એનો આ ભૌતિક વ્યવહાર જે રીતે આજ્ઞાની કરે છે તે રીતે જ, જો શરીરાદિને 'હું' માનીને કરે તો જ્ઞાની અને અજ્ઞાનીમાં ફરક શું રહ્યો? કારણ કે જો શરીરાદિને 'હું' માન્યા વિના 'હું જાઉં છું', 'હું આઉં છું' જેવા લૌકિક વ્યવહાર અશક્ય જ છે. આ પ્રશ્નનું સમાધાન શાસ્ત્રોમાં 'હું'ના ત્રણ ભેદો પાડીને કરવામાં આવ્યું છે.

## ત્રિવિધ અહમર્થઃ

પહેલો 'હું' મુખ્ય અર્થાત સર્વ સામાન્ય હોય છે, જેનો ઉપયોગ અજ્ઞાની મનુષ્ય કરે છે.

બીજો 'હું' અમુખ્ય અર્થાત વિશેષ હોય છે અને એના બે પ્રકાર હોય છે, જેનો ઉપયોગ કેવળ જ્ઞાનીઓ જ કરે છે.

અજ્ઞાનીઓની બહુમતી કારણે તેમના દ્વારા વપરાતા 'હું'ને મુખ્ય 'હું' કહેવામાં આવે છે.

મુખ્ય એટલે કે સામાન્ય 'હું' એ છે જેનો જડ-ચેતન બન્ને માટે અજ્ઞાની પોતાની અવિવેક દશામાં ઉપયોગ કરે છે.

અમુખ્ય એટલે કે વિશેષ, જે બે પ્રકારના છે. જ્ઞાનીઓ દ્વારા જેનો પ્રથમ માત્ર જડ ઉપાધિની દૃષ્ટિથી અને બીજો માત્ર શુદ્ધ ચેતનની દૃષ્ટિથી, ઉપયોગ કરાય છે.

જ્યારે જ્ઞાની 'હું (અહમ્) જાંઉ છું', ઈત્યાદિ શબ્દનો ઉપયોગ કરે છે ત્યારે શુદ્ધ ચેતન સાક્ષીમાં અધ્યસ્ત શરીરાદિની દૃષ્ટિથી જ એવું કરતો હોય છે. જ્યારે એ કહે છે કે 'હું બ્રહ્મ છું', ત્યારે અધિષ્ઠાન સ્વરૂપ સાક્ષી ચિન્માત્ર પરમાત્માને લક્ષમાં રાખીને જ એવું બોલતો હોય છે. જેમ કે ઉપરના વાક્યમાં પરમાત્માને આત્મ સ્વરૂપ અનુભવનાર જ્ઞાની મહાપુરૂષ  કહી રહ્યા છે કે "હું આત્મા સાક્ષી કેવળ ચિન્માત્ર સ્વરૂપ છું". એ રીતે હવે ઉપરના પ્રશ્નનું સમાધાન થઈ જાય છે કે પ્રારબ્ધ કર્મ બાકી હોય ત્યાં સુધી જ્ઞાનીનું જે શરીરાદિ માટે 'હું' (અહમ્)નો પ્રયોગ છે, તે અજ્ઞાનીઓના 'હું' (અહમ્)નો પ્રયોગથી સર્વથા વિલક્ષણ છે. કારણ કે અજ્ઞાની સાક્ષી આત્માને જાણ્યા વિના ઉપાધિ અને ચેતનના ભેળસેળ વાળા રૂપને જ 'હું' સમજે છે અને જ્ઞાની લૌકિક વ્યવહારના સંદર્ભે જ ઉપાધિને 'હું' કહે છે. એ જ બોધના સંદર્ભે માત્ર સાક્ષીને જ 'હું' સમજે છે તેમ જ એવી દૃષ્ટિથી એ કહે છે કે "હું આત્મા સાક્ષી કેવળ ચિન્માત્ર સ્વરૂપ છું".

**"नाज्ञानं नापि तत्कार्यम्"**

'વાસ્તવમા મારામાં ન તો અજ્ઞાન છે, કે ન અજ્ઞાનનું કાર્ય'.

તાત્પર્ય એ છે કે અધિષ્ઠાન સ્વરૂપ સત્-ચિત્-આનન્દ પરમાત્મા જ આપણું નિજરૂપ છે. એવું જ્ઞાન (સાક્ષાત્કાર) થતાં (જેનું અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ) આત્મામાં અધ્યસ્ત એવા અજ્ઞાન તેમ જ અજ્ઞાનના કોર્યો સમ્પૂર્ણ જગત વાધિત (?) થઈ જાય છે. એટલે કે આભાસ માત્ર રહેવા છતાં એમાંથી સત્-બુદ્ધિ નિવૃત્ત થઈ જાય છે. બ્રહ્મ સાક્ષાત્કાર કરનાર જીવન-મુક્ત પુરુષ સ્પષ્ટ પણે જોઈ શકે છે કે જે આત્મા સર્વત્ર વ્યાપ્ત છે; તે જ આત્મા દેહમાં વિશેષ રૂપે પ્રગટ છે. આ રીતે આત્માને પરમાત્માંથી અભિન્ન જોતાં; કહે છે કે 'મને અધિષ્ઠાન સ્વરૂપમાં ન તો અજ્ઞાન દેખાય છે, કે ન અજ્ઞાનનું કાર્ય'.

**"किन्तु नित्यशुद्धबुद्धमुक्तसत्यस्वभावं परमानन्दाद्वयं ब्रह्मैवाहमस्मि अहं ब्रह्मास्मीत्यभेदेनावस्थान समाधिः।"**

'કિન્તુ હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્યસ્વરૂપ, પરમાનન્દ સ્વરૂપ, અદ્વિતીય બ્રહ્મ જ છું. હું જ બ્રહ્મ છું. આ રીતે (બ્રહ્મથી) અભેદરૂપે સ્થીર થવું એ જ સમાધિ છે'.

ઉપર મુજબ અજ્ઞાન અને અજ્ઞાનના કાર્યોથી સદા અલિપ્ત એવો ચેતન સ્વરૂપ આત્મા, જીવનું વાસ્તવિક સ્વરૂપ છે. પરન્તુ શું એ પરબ્રહ્મ પરમાત્માથી ભિન્ન છે? આ પ્રશ્નનો જવાબ આપવા માટે 'કિન્તુ ઈત્યાદિ' શબ્દોનો ઉપયોગ કર્યો છે.

પરમાત્માના શદ્ધ સ્વરૂપને દર્શાવીને, તેમ જ જીવના શુદ્ધસ્વરૂપની બ્રહ્મરૂપતાનું કથન નિત્ય ઈત્યાદિ શબ્દથી કરવામાં આવ્યું છે-

**"आकाशवत् सर्वगतश्चः नित्यः"**
**"अजोनित्यः शाश्वतोऽयं पुराणः"**
**(गीता – २-२०)**

આ શ્રુતિ-સ્મૃતિ વાક્યોનો આશ્રય લઈને નિત્ય વિશેષણ દ્વારા અનિત્ય કાર્ય સાથે બ્રહ્મની એકતાનો નિષેધ કરવામાં આવ્યો છે.

**"शुद्धमपापविद्धं"** ઈત્યાદિ શ્રુતિનો આશ્રય લઈને શુદ્ધ વિશેષણો વડે, બ્રહ્મ આ(આત્મા) કાર્યના તાદાત્મ્ય વિનાનું છે, એવું કહેવામાં આવ્યું છે

**"प्रज्ञानघन"** આ શ્રુતિને આધારે નિત્ય જ્ઞાનરૂપતા અંગેનું કથન કરતાં, બુદ્ધ વિશેષણ વડે બ્રહ્મની કારણ સાથેની એકતાનો નિષેધ કરવામાં આવ્યો છે.

**"विमुक्तश्च च विमुच्यते"** આ શ્રુતિનું અનુસરણ કરતાં, મુક્ત પદ વડે અવિદ્યા કર્મથી પરતન્ત્રતાનો નિષેધ કરતાં બ્રહ્મના કારણ સાથેના તાદાત્મ્યનો નિષેધ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે એકતા અને તાદાત્મ્યનો ફરક એ છે કે એકતા ભેદને સહન નથી કરતી, અને તાદાત્મ્ય કોઈક વાર ભેદને ચલાવી લે છે.

હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે ઉક્ત બ્રહ્મનો આ રીતે પ્રપંચની જેમ જ બાધ થઈ જાય, તો એવું બ્રહ્મ ફરી કદી અભીષ્ટ(ઈષ્ટ, પ્રિય) નહીં થઈ શકે. કારણ કે જો બ્રહ્મ પ્રપંચથી વેગળું હોય તો એને બ્રહ્મ કહી જ ન શકાય. કારણ કે બ્રહ્મ નામ છે મોટાનું અને સૌથી મોટું તો પ્રપંચ છે. જો પ્રપંચ અને બ્રહ્મનો અભેદ માની લઈએ તો પ્રપંચની જેમ જ બ્રહ્મ પણ બાધિત (ખંડિત) થાય. તેથી પ્રપંચથી અભિન્ન એવા બ્રહ્મને અબાધિત તરીકે કેવી રીતે સ્વીકારી શકાય. એના જવાબમાં **"सत्यं ज्ञानमनन्तं ब्रह्म", "सत्यस्य सत्यं"** ઈત્યાદિ શ્રુતિઓનું અનુસંધાન કરતાં, **"सत्य स्वभाव"** એ પદથી સમાધાન કરીએ છીએ.

ત્યાર બાદ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્મના સત્ય હોવા છતાં એની પ્રાપ્તિની ઈચ્છા માત્ર થી પ્રવૃત્તિ નહીં થાય; કારણ કે શું એને પ્રાપ્ત કરીને પુરુષાર્થ સિદ્ધ થશે? એના જવાબમાં **"विज्ञानं-आनन्दं ब्रह्म" "आनन्दो ब्रह्मेति व्यजनात्"** ઈત્યાદિ શ્રુતિઓના અનુરોધથી સદા માટે પરમ પુરુષાર્થ સ્વરૂપ બ્રહ્મની પરમાનન્દ રૂપતાનું કથન "પરમાનન્દ" એ વિશેષણ દ્વારા કરીએ છીએ. બ્રહ્મના આનન્દ સાથે 'પરમ' એ વિશેષણ વિનાશ તેમ જ સાપેક્ષતાનો નિષેધ કરવા માટે છે.

### અદ્વયમઃ

બીજી વાત એ છે કે આ બ્રહ્મ દ્વૈત અભાવ ઉપલક્ષિત ઇષ્ટ છે, કારણ કે અસ્થૂલાદિ શ્રુતિઓ જાતે જ પ્રમાણરૂપ છે. વાસ્તવમાં જ્યારે પ્રપંચનો સર્વથા અભાવ છે, ત્યારે બ્રહ્મ પ્રપંચથી ભિન્ન છે કે અભિન્ન, એવું કથન જ અયોગ્ય છે. માટે એને "અદ્વયમ" એવું કહ્યું છે.

## બ્રહ્મૈવાહમસ્મિઃ

શોધિત (શુદ્ધ થએલ) તત્ (વિસ્તરેલ) પદાર્થ ઈશ્વર નો અનુવાદ કરીને વાક્યના અર્થને "બ્રહ્મૈવાહમસ્મિ" એ વાક્ય વડે કહેવાય છે. 'બ્રહ્મૈવેતિ'માં 'એવ' શબ્દ તાદાત્મ્ય (એકરૂપતા) અંગીકાર (સ્વિકાર માટે) પ્રયુક્ત (વપરાતા) ભેદને નકારવા માટે વપરાયો છે.

### અહંબ્રહ્માસ્મિઃ

તત્ પદાર્થનો અનુવાદ (યોગ્ય સમદજુતી) કરી એની ત્વં (સંકુચિત, ગર્ભિત) પદાર્થરૂપતા સમજ્યા બાદ ત્વં પદાર્થનો અનુવાદ કરીને, એની તત્ પદાર્થ રૂપતા નો "અહમ્ બ્રહ્માસ્મિ" મહાવાક્ય વડે વિધાન કરાય છે.

## સમાધિ-સાધનઃ

હવે જીવ અને બ્રહ્મના પરસ્પર એક બીજા સાથે એકરસ રૂપ વાક્યાર્થ બોધ માટે એના સાધન સ્વરૂપ સમાધિ ના 'ઇતિ અભેદન સવસ્થાનામ્ સમાધિઃ' એ વાક્ય વડે કથન કરવામાં આવે છે.

## સંપ્રજ્ઞાતસમાધિઃ

અગાઉ જણાવેલ યુક્તિ વડે પ્રણવ સ્વરૂપના અર્થનો અનુસંધાન પૂર્વક એકરસ વસ્તુ માત્ર સ્વરૂપમાં ચિત્તની તદાકાર વૃત્તિ શેષ રૂપે સ્થિર થવી તેને જ સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. જે રીતે એવું પણ કહેવાયું છેઃ-

"ब्रह्मकारमनोवृत्तिप्रवाहोऽहंकृतिं बिना।
संप्रज्ञातसमाधिः स्यात् ध्यानाभ्यासप्रकज्ञर्षतः।।"

અર્થાત ધ્યાનાભ્યાસના પ્રકર્ષ(શ્રેષ્ઠતા)થી અહંકાર વિનાના બ્રહ્મકાર મનોવૃત્તિ-પ્રવાહને સંપ્રજ્ઞાત સમાધિ કહે છે.

## અસંપ્રજ્ઞાતસમાધિઃ

બ્રહ્મ માત્ર રૂપથી ઉપસંગ્રહીત થઈ વૃત્તિ વાળા ચિત્તનો યત્નપૂર્વક કેવળ આત્મતત્ત્વ રૂપથી સ્થીર થવું એ જ અસંપ્રજ્ઞાત સમાધિ છે, જેવું કે કહેવાયું છેઃ

**"मनसो वृत्तिशून्यब्रह्माकारतयास्थितिः।
याऽसम्प्रज्ञातनामोऽसौ समाधिरभिधीयते।।"**

અર્થાત્ વૃત્તિ વિનાના ચિત્તને જે બ્રહ્મરૂપે સ્થપાય છે; એને જ અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. સમાધિ અને સુષુપ્તિમાં ખાસ અંતર એ છે કે સુષુપ્તિ સ્વાભાવિક હોય છે જ્યારે સમાધિ પ્રયત્ન પૂર્વક પ્રાપ્ત થાય છે. બીજી વાત એ છે કે સુષુપ્તિમાં ચિત્ત કારણરૂપે સ્થપાય છે જ્યારે સમાધિમાંતો કાર્ય-કારણ સમ્બધ વિનાની વસ્તુ(બ્રહ્મ) માત્રરૂપથી ચિત્ત સ્થાપિત થાય છે.

## સાધનઃ

**ઉપરોક્ત સમાધિને રૂપ એટલા માટે કહેવાય છે કારણ કે તે દ્વારા ચિત્તમાં બ્રહ્મકારતાના સંસ્કાર વિશેષનો સ્વિકાર કરવામાં આવે છે.**

## સ્વર્ણને સ્વર્ણનો બોધઃ (દૃષ્ટાંત)

તાત્પર્ય એ છે કે માની લો જે રીતે સ્વર્ણને સ્વર્ણતત્ત્વનો બોધ થઈ જતાં એ એવું અનુભવશે કે 'મારામાં ભલે ને ગમે તેટલા આભુષણોની કલ્પના કરાય; હું મારા તત્ત્વરૂપે તો જેવો છું તેવો જ રહેવાનો. કોઈ કઙ્કન આદિના ઘડાવાથી હું ઘડાતો નથી તમ જ તેમના તૂટવાથી હું તૂટતો (નાશ પામતો) નથી. હું મારા તત્ત્વરૂપે નિત્ય છું. કોઈ અલંકારના કુરૂપ-સુરૂપ કે સારા-ખરાબ હોવાનો પ્રભાવ મારા પર જરાએ પડતો નથી. હું સદા શુદ્ધ છું. હું મુગટ રૂપે માનવીના શીરે કે કંગન રૂપે એના હાથ પર, હાર રૂપે ગળામાં કે કોઈ રાજા-મહારાજાનું સિંહાસન પણ બનું છું. ભલે ને કાદવથી પણ ઢંકાયો કેમ ન હોઉં; હું સદા સ્વર્ણ જ છું. મારા પર અન્ય પદાર્થોની કોઈ અસર થતી નથી, હું સદા મારા સ્વરૂપમાં ચમકતું સ્વર્ણ જ છું.' પોતાના તત્ત્વરૂપને જોતા; આ સ્વર્ણ એવું અનુભવ કરે છે કે, 'સારી-ખરાબ આકૃતિઓનું સારા કે ખરાબ પણું તેમ જ એમનું ઘડાવું-તૂટવું આદિથી મારું સ્વરૂપ સર્વથા તેમ જ સર્વદા મુક્ત છે. મારામાં કલ્પિત એવી અનેક મિથ્યા આકૃતિઓમાં સ્વરૂપ સ્વભાવથી જ સત્ય છે. તેથી જ હું મારા સ્વરૂપમાં, દરેક પ્રકારના વિકારો તેમ જ દુઃખો રહિત પરમાનન્દ સ્વરૂપ છું. હું કલ્પિત આકાર-પ્રકારમાં એક અદ્વિતીય સ્વર્ણ તત્ત્વ જ છું'.

## જીવને પરમતત્વનો બોધઃ (દૃષ્ટાંત)

એવી જ રીતે સમ્પૂર્ણ કાર્યકારણાત્મક જગત, જીવ તેમ જ ઈશ્વરનું પરમ તત્ત્વ, પરમાત્માના આત્મરૂપે સાક્ષાત્કાર થઈ જતાં જીવન-મુક્ત પુરુષ એવું અનુભવે છે કે 'હું સદા નિત્ય છું. આ શરીરના પેદા થતાં તેમ જ નાશ પામતા, ન તો હું જન્મું છું કે ન હું મૃત્યુ પામું છું. શરીર, ઈન્દ્રિઓ, મન, બુદ્ધિ, પ્રાણ આદિ ધર્મોથી અલિપ્ત એવો હું સદા શુદ્ધ છું અને સમ્પૂર્ણ અનાત્મ જડ વર્ગનો સાક્ષી તેમ જ પ્રકાશક હોવાથી હું સદા બુદ્ધ (ચેતન સ્વરૂપ) છું. આ શરીર આદિ ઉપાધિઓના જન્મ મરણ રૂપી વિકારો તેમ જ રાગ-દ્વેષ આદિ ધર્મોનો નારી સાથે કોઈ સમ્બન્ધ ન હોવાથી હું એમનાથી સદા મુક્ત છું. આ સમ્પૂર્ણ શરીર ઉપાધિઓ મારામાં અધ્યસ્ત હોવાથી મિથ્યા છે અને એ બધાનો અધિષ્ઠાન સ્વરૂપ હોવાને કારણે સ્વભાવથી જ હું સત્ય છું. બધા પ્રકારના દુઃખો, વિકારોથી રહિત એવો હું પરમ (નિત્ય) આનન્દ સ્વરૂપ છું. વાસ્તવમાં મારા પરમાર્થ તત્ત્વ સ્વરૂપમાં દ્વૈત પ્રપંચની મારાથી ભિન્ન એવી કોઈ સત્તા નહોવાને કારણે હું અદ્વિતીય છું. હું બ્રહ્મ જ છું. હું જ સ્વયં પ્રકાશ રૂપ અધિષ્ઠાન સ્વરૂપ બ્રહ્મ છું.'

## તત્વ જ્ઞાન જ સાચી સમાધિ છેઃ

આ રીતે જીવન મુક્ત પુરુષનું બ્રહ્મથી સર્વથા અભેદરૂપે અવસ્થિત હોવું, તેનું નામ જ સમાધિ છે. તેથી જ ઉપનિષદોએ સમાધિની વ્યાખ્યા કરતાં દર્શાવ્યું છે કે સમ્પૂર્ણ વાસનારૂપી શુષ્ક ઘાસના ઢગલાને સળગતા અગ્નિની જેમ ભસ્મ કરનાર જે તત્ત્વનો સાક્ષાત્કાર છે, એને જ બ્રહ્મવેત્તાઓએ સમાધિ શબ્દથી નવાજ્યો છે. કેવળ આંખો બંધ કરી મૌન થી જવું કે જડ ભાવને પ્રાપ્ત કરી લેવો એ સમાધિ નથી.

**"तत्त्वावबोधएवासौ, वासनातृणपावकः।**
**प्रोक्तः समाधिशब्देन नतु तूष्णीमवस्थितिः।।"**
**(महोपनिषद – ४-१२)**

પરમ આત્મા સાક્ષાત અપરોક્ષ છે.

**"अयमात्मा ब्रह्म, इत्यादिश्रुतिभ्यः"(माण्डू-२)**

આ (સાક્ષાત અપરોક્ષ) આત્મા જ બ્રહ્મ છે, ઈત્યાદિ શ્રુતિઓ દ્વારા ઉક્ત પ્રકારે આત્મા અને બ્રહ્મની એકતા સિદ્ધ થાય છે.

'અયમાત્મા બ્રહ્મ' આ વાક્યમાં જે અયમ્ (આ) શબ્દ છે તે આત્માની સાક્ષાત્ અપરોક્ષતાને દર્શાવે છે; અર્થાત્ આત્મા વાસ્તવમાં ન તો પરોક્ષ છે, કે ન એ પ્રત્યક્ષ છે, અને ન અપરોક્ષ. કિન્તુ એ સાક્ષાત અપરોક્ષ છે. આ સાક્ષાત્ અપરોક્ષ આત્મા જ બ્રહ્મ છે – જેવું કે બૃહદારણ્યક શ્રુતિનું વચન છે –

**"यत् साक्षात् अपरोक्षात् ब्रह्म"(वृ-३-४-१)**

અર્થાત જે સાક્ષાત્ અપરોક્ષ આત્મા છે, એજ બ્રહ્મ છે.

## ચાર પ્રકારના જ્ઞાનઃ

ભાવ એવો છે કે જ્ઞાન મુખ્ય રૂપે ચાર પ્રકારના હોય છે –

(૧) પરોક્ષ (૨) પ્રત્યક્ષ (૩) અપરોક્ષ અને (૪) સાક્ષાત્ અપરોક્ષ.

### (૧) પરોક્ષ

પરોક્ષ જ્ઞાન એને કહેવાય છે જે કેવળ સાંભળવાથી જ મળે છે તેમ જ જેનો વિષય પરોક્ષ એટલે કે ઇન્દ્રિયો સાથે સીધો સમ્બન્ધિત નથી હોતો.

### (૨) પ્રત્યક્ષ

પ્રત્યક્ષ જ્ઞાન એને કહે છે, જેના વિષયોનો ઇન્દ્રિયો સાથે સીધો સમ્બન્ધ હોય છે.

### (૩) અપરોક્ષ

અપરોક્ષ જ્ઞાન એને કહે છે, જેના વિષયનું, શબ્દ તેમ જ ઇન્દ્રિય નિરપેક્ષ (ગેરહાજરીમાં), કેવળ સાક્ષી આત્મા દ્વારા જ્ઞાન થાય છે.

### (૪) સાક્ષાત્ અપરોક્ષ.

સાક્ષાત્ અપરોક્ષ જ્ઞાન એ છે, જેનો વિષય શબ્દ તેમ જ ઇન્દ્રિય નિરપેક્ષ (ગેરહાજરીમાં), સ્વયં પ્રકાશિત થાય છે.

## ચતુર્વિધ જ્ઞાનની વ્યાખ્યાઃ

જે રીતે કોઈ વ્યક્તિએ સાંભળ્યું કે હિમાલયમાં ભગવાન્ બદ્રીનાથનું મંદીર આવેલું છે. એ સાંભળીને હિમાલયમાં આવેલા બદ્રિનાથનું જ્ઞાન થયું; એ પરોક્ષજ્ઞાન થયું. કારણ કે, એ તો જણાયું કે હિમાલયમાં બદ્રીનાથનું મંદિર છે; પરન્તુ એને હજી બદ્રીનાથનું મંદિર પોતાની આંખે જોયું નથી. આગળ જતાં જ્યારે એ હિમાલય પહોંચીને બદ્રીનાથના દર્શન કરે છે, ત્યારે એને બદ્રીનાથનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. કારણ કે આ જ્ઞાનના વિષય સાથે નેત્ર-ઇન્દ્રિયને સીધો સમ્બન્ધ થઇને આ જ્ઞાન મળ્યું છે. ત્યાર બાદ એ માણસના હૃદયમાં બદ્રીનાથના દર્શનથી જે એક સાત્ત્વિક આનન્દ સુખની અનુભૂતિ થાયછે અને એ કહે છે કે 'ઘણું જ સુંદર દર્શન થયું; બહું આનન્દ થયો; યાત્રા સફળ થઈ ગઈ'. આ સુખનું જ્ઞાન શબ્દ નિરપેક્ષ તેમ જ નેત્રાદિ ઈન્દ્રિય નિરપેક્ષ, કેવળ સાક્ષી આત્માથી થયું છે. કારણ કે જે આ સુખરૂપી વિષય છે, તે બાહ્ય ન હોવા છતાં પણ આત્મા દ્વારા સાક્ષાત અનુભવાય છે. એ સાત્વિક સુખના સાક્ષી એવા આત્માને એ જાણે છે; કારણ કે જ્યારે એને કોઈ પૂછે છે કે 'તને સુખ મળ્યું, એ કોની પાસેથી જાણ્યું?' ત્યારે એ કહે છે કે, ' વાહ! એ પણ કાંઈ પૂછવું પડે? જે કાંઇ પણ સુખ-દુઃખ હોય છે , તે તો સ્વયં સાક્ષીરૂપી આત્મા દ્વારા જણાય જાય છે.' કોઈ પ્રશ્ન કરે કે 'સુખ-દુઃખને તમે સાક્ષીરૂપી આત્મા દ્વારા જાણ્યું, પરંતુ સુખ-દુઃખના એ સાક્ષી આત્માને તમે કોના દ્વારા જાણ્યો?' તો એનો જવાબ એ અન્તર્મુખ સાધક એવો જ આપે છે કે, 'સાક્ષી આત્માતો સ્વયં પ્રકાશિત હોય છે, એને જાણવા માટે શબ્દ, ઇન્દ્રિય આદિ કશાની પણ આવશ્યકતા નથી હોતી.' જ્ઞાનના કોઈ પણ સાધનો વિના, જે સ્વયં પ્રકાશ આત્માનું જ્ઞાન છે, એ જ્ઞાનને સાક્ષાત્ અપરોક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. જેનું સાક્ષાત અપરોક્ષ જ્ઞાન થઇ રહ્યું છે, એ આત્મા જ બ્રહ્મ છે.


## બધાનું તાત્પર્ય એકતામાં જ છેઃ

સમ્પૂર્ણ વેદ તેમ જ વેદનું અનુસરણ કરનારા આર્ષ ગ્રન્થો, બધા જ સાક્ષાત કે પછી પરંપરાથી બ્રહ્મ અને આત્માની એકતાનું જ પ્રતિપાદન કરે છે.

## પ્રણવ-બોધ નો ઉપસંહાર "इति ॐ"

આ રીતે ૐ અર્થાત્ પ્રણવની વ્યાખ્યા સમ્પૂર્ણ થઈ. આ વ્યાખ્યા દ્વારા આત્માના પ્રણવ સ્વરૂપને સર્વાધિષ્ઠાન પરમાત્મા રૂપે બોધ કરાવાયું. તેથી જ આનું નામ પ્રણવ-બોધ રાખવામાં આવ્યું છે.

**"ॐ तत् सत्"**


અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ
એક ક્લિકે અનેક ઈ-પુસ્તકો
નિ:શુલ્ક ડાઉનલોડ